# ખ્રિસ્તીદર્શન

ફાધર વાલેસ

सरदार पटेल युनिवर्सिटी
शीलवृत्तफलं श्रुतम्

સર્વ ધર્મ સમભાવ ગ્રંથમાળા—૧

# ખ્રિસ્તીદર્શન


લેખક

ફાધર વાલેસ



સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

પ્રકાશક : કાં. અ. અમીન
રજીસ્ટ્રાર
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

© યુનિવર્સિટી

પ્રથમ સંસ્કરણ—૫૦૦૦

જ્ઞાનદાન : હરિ : ૐ આશ્રમ, નડિયાદ

કિંમત—રૂપિયા ૨-૫૦

મુદ્રક : એસ. એબ્રીલ, એસ. જે. આણંદ પ્રેસ ગામડી-આણંદ (જી. ખેડા)

## પબ્લિકેશન્સ યુનિટ

## આનંદશંકર ધ્રુવ ટ્રસ્ટ

# પ્રસ્તાવના

પ્રત્યેક ધર્મ, મનુષ્યનો ચૈતનાને કેન્દ્રીય વિશ્વતત્વની ખોજ કરવાનો પુરુષાર્થ કર્યો તેની નીપજ છે. પરમાત્માની ખોજની પ્રમુખ વાત વિસરાઈ જતી હોવાથી મનુષ્યને સંસ્કારનારું. તેનો ઉર્ધ્વ ચેતનાને સંકોરનારું અને પ્રેરનારું તેમજ બીજા મનુષ્યો સાથે તેને સાંકળી રાખનારું પારમાર્થિક દ્રવ્ય અનેક સંઘર્ષોનું, ભેદોનું, જુલમોનું નિમિત્ત બન્યું છે. એકબીજાના ધર્મના આદરભાવથી સમતા ખીલે છે અને સાંકડા થતા જગતમાં એકબીજાને સમજવા માટે એ અત્યાવશ્યક છે.

ગાંધી જન્મશતાબ્દીની ઉજવણી દરમ્યાન ગુજરાતી સમાજમાં સર્વધર્મ સમભાવને પ્રતિબિંબિત કરવાની આકાંક્ષા જન્મી. સર્વ ધર્મ, દર્શન, ચિંતન, ફિલસૂફી વગેરેના શુદ્ધ અને સાત્વિક જીવનદર્શનથી ગુજરાતી જનસમાજને પરિચિત કરવાનો યોજનાર્થે હરિ ઓમ આશ્રમના પૂ. **શ્રી મોટાએ** સરદાર પટેલ યુનિવર્સિટીને રૂ. **બે લાખનું** ‘આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વ ધર્મ દર્શન પ્રકાશન ટ્રસ્ટ’ સુપ્રત કર્યું છે. આ ટ્રસ્ટની આવકમાંથી વિશ્વના વિવિધ ધર્મો, દર્શનો, ચિંતકો વિષેના પ્રમાણભૂત ગ્રંથો એક પછી એક, જેમ જેમ તૈયાર થતાં જશે તેમ, તેમ, પ્રગટ કરવાની અમારી યોજના છે.

આ ગ્રંથમાળાનો પ્રથમ ગ્રંથ, ‘**ખ્રિસ્તી દર્શન**’ ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક અને ગુજરાતમાં જાણીતા થયેલા ફાધર વાલેસે તૈયાર કર્યો છે.

પ્રજાના માનસમાં હરેક ધર્મ, દર્શન, કે ચિંતક વિષે એનો માર્મિક ને સમુચિત સંકલ્પના જન્માવવાના શુભ આશયથી યોજાયેલ આ ગ્રંથમાળાના પ્રથમ ગ્રંથને આવકાર મળશે એવી અમને આશા છે.

સરદાર પટેલ યુનિવર્સિટીને માતબર રકમનું ટ્રસ્ટ આપવા માટે હરિ ઓમ આશ્રમના પૂ. શ્રી મોટાના અમે ઋણી છીએ. તથા શ્રી ફાધર વાલેસ જેમણે આ ગ્રંથ તૈયાર કર્યો છે તેમનો પણ અમે સૌ આભાર માનીયે છીએ.

**સરદાર પટેલ યુનિવર્સિટી** | **કાં. ચં. અમીન**
**વલ્લભ વિદ્યાનગર** | **રજિસ્ટ્રાર**

# અંગત

ધર્મ વિશે લખવું અઘરું હોય છે. ઇતિહાસ કે વિજ્ઞાન જેવા વિષયો માહિતી-પ્રધાન હોય છે. એમાં હકીકત જણાવી, પ્રમાણ દર્શાવ્યું એટલે કામ પત્યું. સાહિત્ય ને કલામાં અનુભૂતિ પણ આવશ્યક છે, માટે એનો રસ લેવાની રીત પણ જુદી હોય છે. કોઈ કાવ્ય કે મૂર્તિ કે રાગ વિશે વિવેચન સાંભળવા કરતાં એ પ્રત્યક્ષ વાંચવાથી કે જોવાથી કે સાંભળવાથી એની ખૂબીનો સાચો ખ્યાલ આવી શકે. અને ધર્મમાં તો અનુભૂતિનું પ્રમાણ સૌથી વધારે હોય છે, એટલે એનો ખરો પરિચય મેળવવાની રીત સૌથી આગવી — ને અઘરી પણ છે. ધર્મ અનુભવનો વિષય છે, દર્શનનો વિષય છે, જીવનનો વિષય છે. 'ભગવાન મારા હૃદયના સ્વામી છે' એ સત્ય ઉપર ભકતનું આખું જીવન નભે; પણ એ 'હકીકત' શુષ્ક શબ્દોમાં વ્યકત કરવાથી ભકતની સાધનાનો ને ધન્યતાનો ખ્યાલ આવવાનો નથી.

ધર્મ શ્રદ્ધાનો વિષય પણ છે. એમાં ગણિતનાં સમીકરણો નથી અને અર્થ-શાસ્ત્રના આંકડાઓ નથી. ધર્મમાં મર્મ છે, રહસ્ય છે. ધર્મમાં બુદ્ધિ લઈને કામ કરવાનું હોય છે, પણ બુદ્ધિથી પર પણ જવાનું હોય છે. એમાં ખાલી તર્ક નથી, પ્રમેયોની પરંપરા નથી. આંખની દૃષ્ટિ પહોંચે એથીય દૂર જોવાનું છે; હાથની મુઠ્ઠીમાં આવે એથીય વધુ ગ્રહણ કરવાનું છે. ઇંદ્રિયાતીત વિષય છે, ગહન ને ગૂઢ અભ્યાસ છે.

વળી ધર્મ સૌનો વિષય છે — અને તેથી જ વિશેષ અઘરો પણ છે. ધર્મ સૌને સ્પર્શે છે, સૌનું જીવન ઘડે છે. સૌને એના વિશે બોલવાનો અધિકાર છે, દરેકને પોતાનો અભિપ્રાય બાંધવાની છૂટ છે. ધર્મમાં માનનારની શ્રદ્ધા તૈયાર છે, અને ધર્મમાં ન માનનારની શંકા પણ તૈયાર છે; ને એક જ વાત બેઉ વાંચશે ત્યારે એક ઉમંગથી (કદાચ વધારે પડતા ઉમંગથી) એ સ્વીકારી લેશે, જ્યારે બીજો ઝડપથી (કદાચ વધારે પડતી ઝડપથી) ઉડાડી મૂકશે. સૌનો હોય એવો વિષય લઈને લખવામાં સાહસ છે, જોખમ છે.

ધર્મ અનુભવનો વિષય છે, શ્રદ્ધાનો વિષય છે, સૌનો વિષય છે — અને તેથી એ વિશે લખવું અઘરું કામ છે.

*

ધર્મ વિશે લખવું અઘરું હોય છે. અને પોતાના ધર્મ વિશે લખવું એથીય અઘરું હોય છે. સંકોચ લાગે, ક્ષોભ થાય. ધર્મની પોતાની સમજૂતીમાં કેટલો ભાગ સંસ્કારનો ને કેટલો શાસ્ત્રનો, એમાં આત્મલક્ષી સાધના કેટલી ને નિરપેક્ષ ધર્મ-

શિક્ષણ કેટલું એની સીમારેખા અસ્પષ્ટ દેખાય. તટસ્થ ભાવે લખવાનો સંકલ્પ છે, પણ જે ધર્મબોધ ને ધર્માનુભવ પ્રાણસમા બની ગયા છે એ વિશે અલિપ્ત ઉદાસીનતાથી કેમ લખાય? અને એમ લખાય તો સાચું કેમ ગણાય? માટે નિખાલસતા ને મર્યાદા, દિલની સાક્ષી ને મનનો વિવેક એકીસાથે સાચવીને લખવાનું રહ્યું. અને એ પણ સહેલું હોતું નથી.

એ પરિસ્થિતિમાં બે અટલ સિદ્ધાંતો દિલથી સ્વીકારીને લખવું ઉચિત છે: સર્વ ધર્મ પ્રત્યે સમન્વયની દૃષ્ટિ, અને પોતાના ધર્મ માટે નમ્ર વફાદારી. એ રીતે દરેકના અનુભવથી સૌનું જીવન સમૃદ્ધ બને, અને બધા સાથે મળી સત્યની સાધનામાં આગળ વધી શકીએ. એ દૃષ્ટિ ને એ શ્રદ્ધા આ પુસ્તકમાં છે.

*

ખ્રિસ્તીદર્શનનો પ્રમાણગ્રંથ બાઇબલ હોવાથી એમાંથી સીધો બોધ ઉતારીને દરેક વસ્તુની રજૂઆત અને વિવરણ કરવાનો આગ્રહ રાખ્યો છે. એ રીતે અસલ ખ્રિસ્તમાર્ગ સચવાશે, સર્વમાન્ય ને વસ્તુલક્ષી સ્વરૂપમાં એ વ્યક્ત થશે, અને માનવસંસ્કૃતિના ઇતિહાસમાં મહત્ત્વનો ભાગ ભજવનાર એ મૂળ ધર્મગ્રંથનો આસ્વાદ થશે. અભ્યાસીઓ આગળ વાંચી શકે એ દૃષ્ટિએ પાનાને છેડે ટાંકેલાં બાઇબલનાં વાક્યોનાં ગ્રંથ, અધ્યાય ને કલમની નોંધ કરી છે. બાઇબલનાં અવતરણો શ્રી નગીનદાસ પારેખ અને ફાધર ઈસુદાસ ક્વેલીએ કરેલા ભાષાંતરમાંથી લીધાં છે. પ્રાર્થના વિશેના પ્રકરણમાં આવેલાં ચાર પ્રાચીન શાસ્ત્રભજનોનું ભાષાંતર કવિ શ્રી યોસેફ મેકવાને કર્યું છે. સૌનો દિલથી આભાર.

પુસ્તકના પહેલા ભાગમાં ઈસુના કાર્ય અને બોધની ઝાંખી કરાવી છે, અને બીજા ભાગમાં એમના સંદેશનાં જુદાં જુદાં પાસાં ને પરિણામો, એમનાં નીતિ-શિક્ષણ ને ધર્મદર્શન વિગતે સમજાવ્યાં છે.

ધર્મ વિશે વિચાર કરતી વખતે કુતૂહલ કે ચાતુર્ય કરતાં દિલમાં માન ને આદર ને પૂજ્યભાવ લાવવાં ઘટે. એ ભાવનાથી આ પાનાં લખાયાં; એ ભાવનાથી વંચાશે એ ઉમેદ છે.

*

પુસ્તક લખવાના આમંત્રણ માટે શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વ ધર્મ દર્શન પ્રકાશન ટ્રસ્ટના તંત્રીમંડળનો, અને આ ગ્રંથશ્રેણીની યોજના માટે હરિ ઓમ આશ્રમના પૂ. શ્રી મોટાનો કૃતાર્થભાવે ઋણી છું.

ફાધર વાલેસ

# ક્રમ


— અંગત ........................................(૩)

## ઈસુનું કાર્ય

૧ — ગુરુ ને શિષ્યો........................................૧
૨ — ગિરિપ્રવચન........................................૭
૩ — પરમપિતા ........................................૧૨
૪ — માનવસેવા........................................૧૫
૫ — ઈશ્વરપુત્ર........................................૧૭
૬ — કહેવું ને કરવું ........................................૨૩
૭ — કાર્યો ને સંકેતો ........................................૨૫
૮ — દૃષ્ટાંતો ........................................૨૯
૯ — સંઘર્ષ........................................૩૨
૧૦ — વિદાય ........................................૩૬
૧૧ — બલિદાન ........................................૩૯
૧૨ — વિજય ........................................૪૩
૧૩ — પિતાનું વરદાન ........................................૪૬

## ઈસુનું શિક્ષણ

૧ — ઈશ્વર ........................................૫૧
૨ — સર્જન ને પતન ........................................૫૫
૩ — ઉદ્ધાર ........................................૬૦
૪ — શ્રદ્ધા ને પ્રેમ ........................................૬૪
૫ — સ્નાનસંસ્કાર ........................................૬૮
૬ — પ્રભુભોજન ........................................૭૧
૭ — કુટુંબ ને સમાજ ........................................૭૩
૮ — બ્રહ્મચર્યવ્રત ........................................૭૮
૯ — દાન ને ત્યાગ ........................................૮૦
૧૦ — સૃષ્ટિ ને પ્રગતિ ........................................૮૫
૧૧ — પ્રાર્થના ........................................૮૮
૧૨ — શાંતિ ને આનંદ ........................................૯૭
૧૩ — ધર્મસંઘ ........................................૧૦૪
૧૪ — મરણોત્તર દશા ........................................૧૧૧
૧૫ — અનંત જીવન ........................................૧૧૬
૧૬ — ઉપસંહાર ........................................૧૧૯

તે જ આ એશિયા...
જ્યાં વધસ્તંભની યજ્ઞવેદીં તણા આપ મેળે બની અર્ધ્ય-ઈન્ધન
પ્રેમકેરી પ્રતિષ્ઠા કરન્તા ખપ્યા મૃત્યુને જીતતા મેરી-નન્દન.

કરસનદાસ · માણેક
(મધ્યાહ્ન, પૃ. ૬૩)

# ઈસુનું કાર્ય

ઈસુનો એ બોધ સાંભળીને કેટલાક લોકો એમને અનુસરવા લાગ્યા. કેટલાક એમના શિષ્યો બન્યા. પણ એ શિષ્યો હમેશાં એમના આમંત્રણથી જ એમની પાસે આવતા. એવા કેટલાક પ્રસંગો:

"સરોવર પાસે થઈને જતાં જતાં ઈસુએ પીતર અને તેના ભાઈને સરોવરમાં જાળ નાખતા જોયા. કારણ, તે લોકો માછી હતા. ઈસુએ તેમને કહ્યું, 'મારી પાછળ પાછળ આવો. હું તમને માછલાંને બદલે માણસો પકડતા કરીશ.' અને તરત જ તેઓ જાળને પડતી મૂકીને તેમની પાછળ પાછળ ચાલી નીકળ્યા. ત્યાંથી થોડે જતા તેમણે બીજા બે ભાઈઓને જોયા. તેઓ પોતાના બાપ સાથે હોડીમાં બેઠા બેઠા જાળ સાંધતા હતા. ઈસુએ તેમને હાક મારતાં જ તેઓ પણ પોતાના બાપને મજૂરો સાથે હોડીમાં છોડીને તેમની પાછળ ચાલી નીકળ્યા."[૨]

"ત્યાંથી આગળ જતાં ઈસુએ એક માણસને જકાતઘરમાં બેઠેલો જોઈને કહ્યું, 'મારી પાછળ આવ!' એટલે તે ઊઠીને તેમની પાછળ પાછળ ચાલી નીકળ્યો. પછી ઈસુ તેના ઘરમાં ભોજન કરવા બેઠા હતા તે વખતે ઘણા જકાતદારો અને અધર્મીઓ પણ તેમની અને તેમના શિષ્યોની સાથે પંગતમાં બેઠા હતા. આ જોઈને ધર્મગુરુઓએ ઈસુના શિષ્યોને કહ્યું, 'તમારા ગુરુ જકાતદારો અને અધર્મીઓ સાથે કેમ જમે છે?' પરંતુ આ સાંભળીને ઈસુએ તેમને કહ્યું, 'વૈદની જરૂર સાજાને નથી હોતી, માંદાને હોય છે.'"[૩]

"પછી ઈસુએ બીજા બોતેર શિષ્યોને નીમીને બબ્બેની ટુકડીમાં પોતે જે જે શહેર કે ગામ જવાના હતા ત્યાં આગળથી મોકલી આપ્યા. અને તેમણે તેઓને કહ્યું, 'ફસલ ખરેખર મબલક છે, પણ કામ કરનારા થોડા છે. એટલે તમે ફસલના માલિકને પ્રાર્થના કરો કે પોતાની ફસલ લણવા માણસો મોકલે. ઊપડો અને ખ્યાલ રાખજો: હું તમને વરુઓની વચ્ચે ઘેટાંની જેમ મોકલું છું. સાથે પૈસાની કોથળી કે ઝોળી કે પગરખાં રાખશો નહિ. કોઈ પણ ઘરમાં દાખલ થાઓ ત્યારે પહેલાં 'આ ઘર ઉપર શાંતિ ઊતરો' એમ કહેજો. જો ત્યાં કોઈ શાંતિપાત્ર માણસ હશે તો તમારી ઈચ્છેલી શાંતિ તેના ઉપર ઠરશે, નહિ તો તે તમારી પાસે પાછી આવશે. એ જ ઘરમાં રહેજો અને તેઓ જે કંઈ જારબાજરો ખાતાં હોય તે ખાજો, કારણ, કામ કરનારને રોજીનો અધિકાર છે. વારે વારે ઉતારો બદલશો નહિ. તમે કોઈ ગામમાં જાઓ

૨. માથ્થી ૪, ૧૮-૨૦; માર્ક ૧, ૧૯-૨૦.
૩. માથ્થી ૯, ૯-૧૨.

અને લોકો તમારું સ્વાગત કરે ત્યારે તેઓ જે આપે તે ખાજો, અને ત્યાં માંદાં હોય તેને સાજાં કરજો અને કહેજો કે, 'ઈશ્વરનું રાજ્ય તમારે આંગણે આવી પહોંચ્યું છે.' "[૪]

એક વાર બે યુવાન માણસો ઈસુની પાછળ જતા હતા. "ઈસુએ પાછા ફરીને જોયું તો એ બે પાછળ પાછળ આવતા હતા, એટલે તેમને પૂછયું, 'તમારે શું જોઈએ છે?' તેમણે જવાબ આપ્યો, 'ગુરુજી, આપ કયાં રહો છો?' ઈસુએ કહ્યું, 'આવો અને જુઓ.' એટલે તેઓએ જઈને જોયું કે તેઓ કયાં રહેતા હતા, અને પાછલે પહોરે ચાર થવા આવ્યા હતા એટલે તે દિવસે તેઓ તેમની સાથે રહી પડયા."[૫]

*

એ ચાર પ્રસંગો ઈસુના શિષ્યોએ લખેલાં ચાર જીવનવૃત્તાંતમાંથી લીધેલા છે. એ ચાર ગ્રંથો ખ્રિસ્તમાર્ગીઓના બાઈબલનો મુખ્ય ભાગ છે. તે ચાર 'સુવાર્તા' અથવા 'શુભસંદેશ'ના નામથી ઓળખાય છે અને તે ઉપરથી ઈસુનું જીવન અને તેમનો ઉપદેશ પ્રમાણભૂત રીતે આપણને જાણવા મળે છે. ઉપર ટાંકેલો છેલ્લો પ્રસંગ ચોથા 'શુભસંદેશ' માંથી લીધેલો છે અને તે એના કર્તા યોહાન નામના ઈસુના શિષ્યનો જ પ્રસંગ છે. પોતે યુવાન હતા ત્યારે એમના પહેલાંના ગુરુના કહેવાથી તે ઈસુ તરફ આકર્ષાયા અને જરા ક્ષોભ ને સંકોચથી એક મિત્રની સાથે ઈસુની પાછળ ગયા. એમના પ્રશ્નના જવાબમાં ઈસુએ 'આવો અને જુઓ' એટલું જ કહ્યું, ને એમણે આવીને જોયું. આખો દિવસ તે ઈસુની પાસે રહ્યા—અને કાયમ માટે એમના વફાદાર શિષ્ય રહ્યા. ઘણાં વર્ષો પછી પોતાના લાંબા જીવનના અંતકાળમાં યોહાન ઈસુનો 'શુભસંદેશ' લખવા બેઠા ત્યારે એ પ્રસંગનું સ્મરણ એમના મનમાં તાજું ને તાજું હતું. જે અનુભવથી ને જે મિલનથી પોતાનું જીવન બદલાયું હતું એનો સમય પણ બરાબર યાદ હતો, એટલે વૃદ્ધ યોહાને લખાવ્યું: 'પાછલે પહોરે ચાર થવા આવ્યા હતા.'

એ રીતે ઈસુની આસપાસ શિષ્યમંડળ ભેગું થયું, ને એમાંથી એમણે બાર શિષ્યોને ખાસ પસંદ કર્યા. 'શુભસંદેશ'ના શબ્દોમાં: "તે અરસામાં ઈસુ પ્રાર્થના કરવા માટે ડુંગર પર ચાલ્યા ગયા, અને આખી રાત ઈશ્વરની પ્રાર્થના કરવામાં ગાળી. સવાર થતાં તેમણે પોતાના શિષ્યોને પાસે બોલાવ્યા. પોતે ઇચ્છતા હતા એવા

૪. લૂક ૧૦, ૧-૯.
૫. યોહાન ૧, ૩૭-૩૯.

માણસોને બોલાવ્યા, એટલે તેઓ તેમની પાસે ગયા. પોતાના અંતેવાસીઓ થવા માટે અને શુભસંદેશની ઘોષણા કરવા મોકલવા માટે તેમણે બાર જણને નક્કી કર્યા."[૧] એ બાર જણમાં પટ્ટશિષ્ય પીતર હતો, અને ત્રણ વર્ષ પછી ઈસુને દગો દેવાનો હતો એ યહૂદા પણ હતો.

૧. લૂક ૬, ૧૨-૧૩; માર્ક ૩, ૧૩-૧૫.

# ગિરિપ્રવચન

શિષ્યમંડળ ભેગું થયું હતું એટલે ઈસુ ગામેગામમાં ફરીને પોતાનો સંદેશ ને પોતાના સિદ્ધાંતો લોકોને સમજાવવા લાગ્યા. બોધ દ્વારા, દૃષ્ટાંતો દ્વારા, ચર્ચાઓ દ્વારા અને સીધી વાતચીત દ્વારા પોતાનું જીવનદર્શન તેઓ લોકોની આગળ ખુલ્લું મૂકતા રહ્યા. એનો સૌથી મહત્ત્વનો પ્રસંગ 'ગિરિપ્રવચન'નો છે. ઈસુનું નામ આખા દેશમાં ઠીક ઠીક જાણીતું થયું હતું, નવા ઉપદેશકને જોવા ને સાંભળવા લોકો આતુર હતા, અને એક દિવસ લોકોનો મોટો સમુદાય એમની આસપાસ જામ્યો હતો ત્યારે ખુલ્લી જગામાં એક ટેકરી ઉપર બેસીને તેઓ એમને ઉપદેશ આપવા લાગ્યા.

એ ઉપદેશ તે ગિરિપ્રવચન.

એ ઈસુના નીતિદર્શનનો સાર છે.

ગિરિપ્રવચનનાં પહેલાં વચનો ચોંકાવનાર છે, વિરોધાભાસ જેવાં લાગે છે. ત્યાર પછી સૈકાઓના પરિચયથી ને વપરાશથી, તેમ જ પંડિતોનાં મનગમતાં અર્થ-ઘટનથી એ કદાચ મોળાં પડયાં હશે ને એના સીધા ને સાચા અર્થના ભાન વગર એનું રટણ થયું હશે, પણ ઈસુના મનમાં એ વચનો નવી વ્યવસ્થાની, નવા ધર્મ-રાજ્યની ઘોષણા હતાં:

"અંતરના દીન પરમસુખી છે, ઈશ્વરનું રાજ્ય તેમનું છે;

શોકાર્ત પરમસુખી છે, તેમને સાંત્વન મળશે;

નમ્ર પરમસુખી છે, તેઓ ધરતીના ધણી થશે;

ધર્મની જેમને તાલાવેલી છે તેઓ પરમસુખી છે, તેઓ તૃપ્તિ પામશે;

દયાળુ પરમસુખી છે, તેઓ દયા પામશે;

ચોખ્ખા દિલના પરમસુખી છે, તેમને ઈશ્વરનાં દર્શન થશે;

શાંતિના સ્થાપકો પરમસુખી છે, તેઓ ઈશ્વરનાં સંતાન કહેવાશે;

ધર્મને ખાતર જેઓએ જુલમ વેઠયો છે તેઓ પરમસુખી છે, ઈશ્વરનું રાજ્ય તેઓનું છે.

પરંતુ તમે ધનવાનો પરમદુ:ખી છો, તમે સુખ ભોગવી ચૂકયા છો;

અત્યારે ધરાયેલા તમે પરમદુ:ખી છો, તમારે ભૂખે મરવા વારો આવશે;
અત્યારે હસનારાઓ તમે પરમદુ:ખી છો, તમારે શોકના માર્યા રડવું પડશે."[1]

દુનિયાનાં ધોરણો ઊંધાં પાડયાં. દુનિયા સુખ જુએ ત્યાં એ દુ:ખ જુએ, દુ:ખ જુએ ત્યાં એ સુખ જુએ, પરમ સુખ જુએ. નમ્રતા, દીનતા, નિરાધારતા એ પૂજ્ય. ધન, સગવડ, મોજશોખ એ વર્જ્ય. એ જીવનપલટાની પહેલી શરત. એ ધર્મરાજ્યનું મુખ્ય બંધારણ. એ ઈસુનો પહેલો આગ્રહ.

અપરિગ્રહ ને ત્યાગ ને સાદાઈના એ પાયા ઉપર હવે ઈસુ ધર્માચરણના નિયમો બાંધે છે. એના મુખ્ય મુદ્દાઓ ત્રણ છે: અંતરની શુદ્ધિ, દિલની શાંતિ, અને સર્વ માણસો ઉપર પ્રેમ.

*

બાહ્ય આચરણની શુદ્ધિ આવશ્યક છે, પણ એની સાથે આંતરિક શુદ્ધિ ન આવે તો એ અધૂરી રહે એ વાત ઉપર ઈસુ ભાર મૂકીને કહે છે: "વ્યભિચાર કરીશ નહિ એમ કહેલું છે તે તમે જાણો છો. પણ હું તમને કહું છું કે, જે કોઈ માણસ કોઈ સ્ત્રી પ્રત્યે વાસનાભરી નજર નાખે છે, તે મનથી તેની સાથે વ્યભિચાર કરી ચૂકયો છે."[2]

મનનો હેતુ શુદ્ધ ન હોય તો બાહ્ય આચરણ ઢોંગમાં પણ ખપી શકે એ ચેતવણી પણ ઈસુ ત્રણ ઉદાહરણ દ્વારા આપે છે: "હું તમને ચેતવું છું કે લોકોની નજરે ચડવા માટે તેમના દેખતાં ધર્મકાર્યો કરશો નહિ; નહિ તો તમારા પરમપિતા તરફથી તમને બદલો નહિ મળે. એટલે, જ્યારે તું કંઈ દાનધર્મ કરે ત્યારે દાંભિકો, લોકોની વાહવાહ મેળવવા માટે, સભાગૃહોમાં અને શેરીઓમાં ઢોલ પીટે છે, તેવો તું પીટીશ નહિ. હું તમને ખાતરીથી કહું છું કે તેમને તેમનો બદલો કયારનો મળી ચૂકયો હોય છે! પણ જ્યારે તું દાનધર્મ કરવા બેસે ત્યારે તારો જમણો હાથ શું કરે છે એની જાણ તારા ડાબા હાથને થવા ન દઈશ. આમ તારાં દાનધર્મ ગુપ્ત રહેશે, અને ગુપ્ત કર્મોને જાણનાર તારા પિતા તને બદલો આપશે. વળી, તમે જ્યારે પ્રાર્થના કરો ત્યારે દાંભિકોની જેમ વર્તશો નહિ. એ લોકોને સભાગૃહોમાં અને શેરીઓને નાકે ઊભા રહીને પ્રાર્થના કરવી ગમે છે; કારણ, તો જ બધા તેમને જોઈ શકે ને! હું તમને ખાતરીથી કહું છું કે, તેમને પણ તેમનો બદલો મળી ચૂકયો હોય છે.

૧. માથ્થી ૫, ૩-૧૦; લૂક ૬, ૨૪-૨૫.
૨. માથ્થી ૫, ૨૭-૨૮.

પણ તું જ્યારે પ્રાર્થના કરે ત્યારે તારી એકાંત ઓરડીમાં જઈને બારણાં વાસજે, અને પછી તારા એકાંતવાસી પિતાની પ્રાર્થના કરજે. એકાંતની વાત જાણનાર તારા પિતા તને બદલો આપશે. વળી, જ્યારે તમે ઉપવાસ કરો ત્યારે દાંભિકોની પેઠે ઉદાસ દેખાશો નહિ. તેઓ તો લોકોને પોતાના ઉપવાસની ખબર પડે એટલા માટે મોઢું વરવું કરીને ફરે છે. હું તમને ખાતરીથી કહું છું કે તેમને તેમનો બદલો મળી ચૂક્યો હોય છે. પણ તું જ્યારે ઉપવાસ કરે ત્યારે માથામાં તેલ નાખજે અને મોં ધોજે, જેથી તેં ઉપવાસ કર્યો છે એવું લોકો જાણવા ન પામે; ફક્ત તારા એકાંતવાસી પિતા જાણે. એકાંતની વાત જાણનાર તારા પિતા તને બદલો આપશે."[૩] દાન, પ્રાર્થના ને ઉપવાસ તો પુણ્યનાં કાર્યો છે, પરંતુ એની પાછળનો હેતુ શુદ્ધ ન હોય તો એ ખાલી તપની પ્રવૃત્તિ કે શિસ્તના પ્રયોગો — કે વખતે આત્મ-જાહેરાતની ચેષ્ટાઓ — બની જાય.

*

ઈસુનો બીજો મુદ્દો શાંતિનો છે. હૃદયની શાંતિ પ્રાપ્ત કરવાનો રસ્તો એ સ્પષ્ટ રીતે સૂચવે છે: અપરિગ્રહ (કારણ કે લોભ એ અશાંતિનું મૂળ હોય છે), ધર્મનું એકનિષ્ઠ આચરણ (કારણ કે ધર્મ ને સંસાર વચ્ચે તોડ કાઢવાની વૃત્તિથી ન ધર્મને ને ન સંસારને સંતોષ થાય), અને ભગવાન ઉપર અટળ વિશ્વાસ (કારણ કે જીવનના કપરા સંજોગોમાં એ જ દૃઢ વિશ્વાસ ને શ્રદ્ધા આપણને શાંતિ આપી શકે).

"આ પૃથ્વી ઉપર તમારી સંપત્તિનો સંઘરો કરશો નહિ, જ્યાં કીડા અને કાટ ખાઈ જાય અને ચોર ખાતર પાડીને ચોરી જાય; પણ તમારી સંપત્તિ સ્વર્ગમાં સંઘરી રાખજો; જ્યાં કીડા કે કાટ ખાઈ ન જાય અને ચોર ખાતર પાડીને ચોરી ન જાય. કારણ, જ્યાં તમારી સંપત્તિ હશે ત્યાં જ તમારું હૃદય પણ હશે. કોઈ પણ માણસ બે માલિકની સેવા નહિ કરી શકે. તે કાં તો એકને ધિક્કારશે અને બીજાને ચાહશે અથવા એકને વળગી રહેશે અને બીજાની અવગણના કરશે. તમે પરમેશ્વરને અને પૈસાને એકી સાથે સેવી નહિ શકો. એટલે હું તમને કહું છું કે શું ખાઈશું, શું પીશું એમ જીવનની ચિંતા ન કરશો. તેમ શું પહેરશું એમ શરીરની પણ ચિંતા ન કરશો. અન્ન કરતાં જીવનની, અને વસ્ત્ર કરતાં શરીરની કિંમત વધારે નથી શું? આકાશમાંનાં પંખીઓ જુઓ; તેઓ નથી વાવતાં કે નથી લણતાં કે નથી કોઠારમાં ભેગું કરતાં, છતાં તમારા પરમપિતા તેમનું પાલન કરે છે. એમના કરતાં તમારી કિંમત વધારે નથી શું? તમારામાંથી કોણ ચિંતા કરી કરીને પોતાના આવરદામાં

૩. માથ્થી ૬, ૧-૬, ૧૬-૧૮.

એક ક્ષણનો યે ઉમેરો કરી શકે એમ છે? અને તમે વસ્ત્રોની ચિંતા શા માટે કરો છો? વગડાનાં ફૂલો નિહાળો, કેવાં ખીલે છે! નથી એ મહેનત કરતાં કે નથી કાંતતાં, અને છતાં હું તમને ખાતરીથી કહું છું કે, સુલેમાને પણ પોતાના વૈભવને શિખરે હશે ત્યારેય એમના જેવો પોશાક પહેર્યો નહિ હોય. એટલે, આજે છે અને કાલે ચૂલામાં હોમાઈ જાય છે એવા ઘાસને જો ઈશ્વર આટલું સજાવે છે, તો હે અલ્પવિશ્વાસીઓ, તમને એથીયે રૂડી પેરે સજાવશે એમાં શંકા શી? તેથી અમે શું ખાઈશું, શું પીશું, કે શું પહેરશું એની ચિંતા કરશો નહિ. એ બધી વસ્તુઓ પાછળ તો નાસ્તિકો જ પડે; તમારા પરમપિતાને ખબર છે કે તમારે આ બધી વસ્તુઓની જરૂર છે. એટલે તમે સૌથી પહેલાં ઈશ્વરના રાજ્યની અને એને યોગ્ય ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને આપોઆપ આવી મળશે. આથી તમે આવતી કાલની ચિંતા કરશો નહિ. આવતી કાલ પોતાનું ફોડી લેશે. રોજનો ત્રાસ રોજને માટે પૂરતો છે."[૪]

ચિંતા માનવીનાં હૃદયને કોરી ખાય છે, અને ચિંતાનું નિવારણ ઈશ્વર ઉપરની એકનિષ્ઠ શ્રદ્ધાથી જ થઈ શકે.

*

છેલ્લે ઈસુનો ત્રીજો મુદ્દો પ્રેમનો છે. સર્વ માણસો ઉપર પ્રેમ એ તમામ નીતિનિયમોનો સાર છે. "મારી વાત સાંભળી રહેલા તમને હું કહું છું કે, તમારા શત્રુઓ ઉપર પ્રેમ કરજો, તમારો દ્વેષ કરે તેમનું ભલું કરજો, તમને શાપ આપે તેમને દુવા દેજો, તમારી નિંદા કરે તેમને માટે પ્રાર્થના કરજો. કોઈ તારા એક ગાલ ઉપર તમાચો મારે તો તેને બીજો ગાલ પણ ધરજે, કોઈ તારો ડગલો લઈ લે તો તારું પહેરણ પણ તેને લેવા દેજે. જે કોઈ તારી પાસે માગે તેને આપજે, કોઈ તારું કંઈ લે તો પાછું માગીશ નહિ. તમારા ઉપર પ્રેમ રાખે તેમના ઉપર જ તમે પ્રેમ રાખો એમાં તમે શું પુણ્ય કર્યું? પાપીઓ સુધ્ધાં પોતા ઉપર પ્રેમ રાખનાર ઉપર પ્રેમ રાખે છે. અને તમારું ભલું કરે તેમનું જ તમે ભલું કરો એમાં તમે શું પુણ્ય કર્યું? એટલું તો પાપીઓ પણ કરે છે. અને જેઓની પાસેથી પાછું મળવાની આશા હોય તેઓને જ તમે ઉછીનું આપો એમાં તમે શું પુણ્ય કર્યું? પૂરેપૂરું પાછું મળવાનું હોય તો તો પાપીઓ પણ પાપીઓને ઉછીનું આપે છે. પણ તમારે તો તમારા શત્રુઓ ઉપર પણ પ્રેમ રાખવાનો છે, અને તેમનું ભલું કરવાનું છે, અને પાછું મળવાની આશા રાખ્યા વગર ઉછીનું આપવાનું છે; તો તમને મોટો બદલો મળશે અને તમે પરાત્પર

૪. માથ્થી ૬, ૧૯-૩૪.

ઈશ્વરનાં સંતાન થશો, કારણ, તે પોતે કૃતઘ્નીઓ અને દુષ્ટો પ્રત્યે રહેમ રાખે છે. તમારા પરમપિતા જેવા દયાળુ છે તેવા તમે પણ દયાળુ થજો. કોઈનો ન્યાય તોળશો નહિ એટલે તમારો પણ ન્યાય નહિ તોળાય, કોઈને દોષિત ઠરાવશો નહિ એટલે તમને પણ દોષિત ઠરાવવામાં નહિ આવે. ક્ષમા કરશો તો ક્ષમા પામશો. આપશો તો પામશો; માપ ખાસું દબાવીને, હલાવીને અને ઊભરાતું તમારા ખોળામાં રેડવામાં આવશે. કારણ, જે માપથી તમે ભરી આપશો તે માપથી જ તમને ભરી આપવામાં આવશે."[૫]

"એટલે વેદી ઉપર નૈવેદ્ય ધરાવતાં તને યાદ આવે કે, તારા ભાઈને તારી સામે કંઈ ફરિયાદ છે, તો તારું નૈવેદ્ય વેદી આગળ જ રહેવા દઈ નીકળી પડજે, પહેલાં તારા ભાઈ સાથે સમાધાન કરજે અને ત્યાર પછી આવીને નૈવેદ્ય ધરાવજે."[૬] "લોકો તમારી સાથે જે રીતે વર્તે એમ તમે ઇચ્છતા હો તે જ રીતે તમે પણ તેમની સાથે વર્તો. એ જ ધર્મસંહિતા અને પયગંબરોની વાણીનો સાર છે."[૭] પ્રેમ, ક્ષમા ને અહિંસા. સર્વ માણસો પ્રત્યે. ગમે તે સંજોગોની વચ્ચે. એ ન હોય તો પૂજા-પાઠ પણ વ્યર્થ. એ હોય તો જીવન ધન્ય. અને એ આદર્શ અમલમાં મૂકવા તેનો વ્યવહારુ નિયમ 'સુવર્ણ ન્યાય'ના સૂત્ર દ્વારા આપે છે: જે તમારે માટે તે બીજાને માટે; તમારી જાત ઉપર જેટલો પ્રેમ તેટલો તમારા માનવબંધુ ઉપર પણ; તમને એનું એ વર્તન ગમે તો તમે એને માટે એ વર્તન પણ આદરો. એમાં જીવનની શુદ્ધિ, અંતરની શાંતિ, ધર્મનું રાજ્ય છે.

*

ગિરિપ્રવચનનો પ્રસંગ પૂરો થતાં શુભસંદેશકાર લોકોના પ્રત્યાઘાતો આ શબ્દોમાં આલેખે છે: "ઈસુએ આ પ્રવચનો પૂરાં કર્યાં ત્યારે લોકો તેમના ઉપદેશથી આભા થઈ ગયા. કારણ, એમની ઉપદેશ આપવાની રીત એ લોકોના શાસ્ત્રીઓના જેવી નહોતી, પણ કોઈ અધિકારી પુરુષના જેવી હતી."[૮]

૫. લૂક ૬, ૨૭-૩૮.
૬. માથ્થી ૫, ૨૩-૨૪.
૭. માથ્થી ૭, ૧૨.
૮. માથ્થી ૭, ૨૮.

# પરમપિતા

'ગિરિપ્રવચન' માં એક વિશિષ્ટતા છે. પોતાનું ધર્મદર્શન સમજાવતાં ઈસુ એમાં એક મૂળ વાત ઉપર ફરી ફરીથી આવી જાય છે અને એમાંથી બીજી બધી વાતો તારવી કાઢે છે: ઈશ્વર આપણો પિતા છે. એ મુખ્ય સિદ્ધાંત છે, એ પાયાનું સત્ય છે, અને એમાંથી નીતિના ને ધર્મના બીજા બધા સિદ્ધાંતો ને નિયમો આવે છે. અંતરની શુદ્ધિ રાખવી જોઈએ, કારણ કે એમ કરવાથી 'ગુપ્ત કર્મોને જાણનાર તારા પિતા તને બદલો આપશે'; પ્રાર્થના એકાંતમાં કરવી જોઈએ, કારણ કે 'એકાંતની વાત જાણનાર તારા પિતા તને બદલો આપશે'; ચિંતા કરવી ન જોઈએ, કારણ કે 'તમારા પરમપિતાને ખબર છે કે તમારે આ બધી વસ્તુઓની જરૂર છે'; બધા ઉપર પ્રેમ કરવો જોઈએ, કારણ કે 'તમારા પરમપિતા જેવા દયાળુ છે તેવા તમારે પણ બનવાનું છે.'

ઈશ્વર આપણો પિતા છે, પરમપિતા છે; અને આપણે સૌ એનાં સંતાનો છીએ—એ ઈસુના ધર્મદર્શનનો પાયાનો સિદ્ધાંત છે. એ વાત એમના શ્રોતાઓને માટે નવી હતી. ઈશ્વરને રાજા કે ન્યાયાધીશ તરીકે, આદિ શકિત કે ગૂઢ ચૈતન્ય તરીકે, હૃદયના સ્વામી કે સૃષ્ટિના નિયામક તરીકે જોવા માણસો જુદા જુદા કાળમાં ને દેશમાં ટેવાયેલા હતા; પરંતુ ઈશ્વરને પિતાના સ્વરૂપમાં નિહાળવો અને એમાંથી ધર્મના સિદ્ધાંતો અને નીતિના નિયમો તારવવા એ નવી દૃષ્ટિ હતી. ઈશ્વર તો માનવીના તર્ક અને વિચારથી પર છે, માટે માનવીની ભાષામાં ને ખ્યાલોમાં ઈશ્વરના ગુણ કંઈક અંશે દર્શાવી શકે એ જાતના શબ્દો ને સંકેતો શોધવાના રહ્યા. એમાં ઈસુએ પિતાનો ખ્યાલ ને ભાવ પસંદ કર્યા અને એ કેન્દ્રમાં રાખીને ધર્મનું સ્વરૂપ અને ઈશ્વર ને માનવી વચ્ચેનો સંબંધ વ્યકત કર્યાં.

*

ઈશ્વર પિતા છે એટલે સર્જક છે. તે 'સૂર્યનો પ્રકાશ પાથરે છે અને આકાશનો વરસાદ વરસાવે છે', 'સકળ સૃષ્ટિનો માલિક છે', 'તેની આજ્ઞા વિના એક ચકલી સુદ્ધાં ભોંય પડતી નથી'. અને સૃષ્ટિ એના હાથનું સર્જન છે માટે સૃષ્ટિ પણ મંગળ છે, પવિત્ર છે. દુનિયામાં જીવીને ધર્મ પાળવાનો છે; સંસારનો લાભ લઈને સાધના કરવાની છે.

ઈશ્વર પિતા છે એટલે પોતાની સૃષ્ટિ માટે એને મમતા છે. એ એની દેખરેખ રાખે છે, પ્રેમાળ સંભાળ રાખે છે. ને એમાં માનવીનું તો વિશેષ પ્રેમથી ને કાળજીથી

ને આગ્રહથી રોજ જતન કરે છે. બાપ-દીકરા જેવો સંબંધ. બાપ પોતાના દીકરાને ઓળખે છે, ચાહે છે, સંભાળે છે એ રીતે ભગવાન આપણને દરેકને ઓળખે છે, ચાહે છે, સંભાળે છે. આપણી દરેક વાત એ જાણે છે, આપણું ભલું એ ઇચ્છે છે, આપણને મદદ કરવા એ તત્પર છે.

ઈશ્વર પિતા છે એટલે બાપ દીકરાને શિક્ષા કરે છે તેમ જરૂર પડયે તે આપણને શિક્ષા પણ કરે છે. ઈશ્વર આપણી કસોટી કરે છે, પરીક્ષા કરે છે, આપણાં સારાં-નરસાં કૃત્યોનો ન્યાય તોળે છે. અને આપણે જ્યારે આપણાં દુષ્કૃત્યોની કબૂલાત કરીને પૂરા દિલથી ને સુધારાના નિર્ણયથી એની માફી માગીએ છીએ ત્યારે પિતા પુત્રને માફી આપે છે તેમ એ આપણને માફ પણ કરે છે. પિતા તરીકે એ આપણાં સ્વમાન ને સ્વતંત્રતાને પૂરું માન આપે છે, એટલે આપણે ઉચ્છૃંખલ થઈને કંઈક ખોટું કરીએ ત્યારે એ કરવા દે છે. દિલમાં ઠપકો આપે છે, ચેતવણી આપે છે, ભાન કરાવે છે – પણ કરવા દે છે. પિતા જબરદસ્તી કરતો નથી, દીકરાની સ્વતંત્રતા છીનવી લેતો નથી. પણ દીકરો પસ્તાઈને પાછો આવે, દિલગીરી બતાવે, માફી માગે ત્યારે સાચો પિતા તરત માફી આપે, દિલથી આપે. ને ભગવાન પણ એમ જ કરે. પ્રેરણા, સ્વતંત્રતા, માફી. ખોટું ન થાય એ માટે આગ્રહ, ખોટું થાય ત્યારે સ્વતંત્રતાને માન, અને પસ્તાવો થાય ત્યારે દિલથી સમાધાન. ભગવાનનાં આ લક્ષણો સમજાવવા ઈસુએ એક સુંદર દૃષ્ટાંત આપ્યું હતું. એમાં ભગવાનને પિતા તરીકે ઓળખાવવાની એમની ભાવના સ્પષ્ટ દેખાય છે.

"એક માણસને બે દીકરા હતા. તેમાંના નાનાએ બાપને કહ્યું, 'મારે ભાગે જે મિલકત આવતી હોય તે મને આપી દો.' એટલે તેણે પોતાની મિલ્કત તેમને વહેંચી આપી. થોડા દિવસ પછી નાનો દીકરો પોતાની બધી પૂંજી ભેગી કરીને દૂર દેશાવર ચાલ્યો ગયો; અને ત્યાં અમનચમનમાં બધી મિલકત ઉડાવી મૂકી. તે બધું ખર્ચી પરવાર્યો હતો ત્યારે તે દેશમાં કાળો દુકાળ પડયો અને તેને આપદા પડવા લાગી. એટલે તે દેશના એક જણને ત્યાં નોકરીએ રહ્યો. તેણે તેને પોતાના ખેતરમાં ભૂંડો ચારવા મોકલ્યો. ભૂંડો જે શિંગો ખાતાં હતાં તેના વડે પેટ ભરવાનું તેને મન થતું. પણ કોઈ તેને આપતું નહિ. આખરે તેની આંખ ઊઘડી. તેણે વિચાર્યું, 'મારા બાપને ઘેર કેટલા બધા નોકરોને ખાતાં વધે એટલું બધું ખાવાનું મળે છે, અને અહીં હું ભૂખે મરું છું. લાવને હું પણ મારા બાપુ પાસે જઈને કહું કે, બાપુ, મેં તમારો અને ઈશ્વરનો અપરાધ કર્યો છે; હું તમારો દીકરો કહેવડાવવાને પણ લાયક રહ્યો નથી. મને તમારા નોકર જેવો જ ગણજો.' એમ કરી તે બાપની પાસે જવા

નીકળ્યો. પણ હજી દૂર હતો ત્યાં જ તેને જોઈને બાપનું હૈયું ભરાઈ આવ્યું. દોડતા જઈને તેને ગળે વળગી પડી તેણે વહાલથી તેને ચુંબન કર્યું. પણ દીકરાએ કહ્યું, 'બાપુ, મેં ઈશ્વરનો અને તમારો અપરાધ કર્યો છે. હું તમારો દીકરો કહેવડાવવાને પણ લાયક રહ્યો નથી.' પણ બાપે પોતાના નોકરને કહ્યું, 'જલદી કરો, સારામાં સારો ઝભ્ભો કાઢી લાવી એને પહેરાવો. એને હાથે વીંટી અને પગે પગરખાં પહેરાવો અને આપણો તાજોમાજો વાછરડો લાવીને વધેરો. આપણે જ્યાફત ઉડાવીએ અને આનંદ કરીએ, કારણ, મારો આ દીકરો મરી ગયો હતો તે પાછો સજીવન થયો છે, એ ખોવાઈ ગયો હતો તે પાછો જડયો છે.' અને તે લોકો આનંદ કરવા લાગ્યા."[૧]

*

એ છે માનવી પ્રત્યેનો ભગવાનનો વ્યવહાર. પ્રેમ, સંભાળ, ક્ષમા. સર્જન, રક્ષણ, આશરો. અને એ ઉપદેશ આપવા ઈસુ આપણી વચ્ચે આવ્યા. ભગવાન આપણો પિતા છે, પરમપિતા છે. એ સરળ સિદ્ધાંતમાં પૂજા ને શ્રદ્ધા, ભકિત ને શુદ્ધિ, ધર્મ ને નીતિનો પાયો આવી જાય છે.

૧. લૂક ૧૫, ૧૧-૨૪.

# માનવસેવા

ઈસુના ધર્મદર્શનનો પાયાના સિદ્ધાંત જોયા પછી એનાં દૂરગામી પરિણામો જોઈએ.

ઈશ્વર આપણો પિતા છે એનો અર્થ એ પણ થયો કે આપણે સૌ એનાં સંતાનો છીએ. અને એનાં સંતાનો છીએ એટલે એકબીજાનાં ભાઈબહેનો છીએ. અને એકબીજાનાં ભાઈબહેનો છીએ માટે એકબીજા પ્રત્યે ભાઈબહેન જેવો પ્રેમ ને સંબંધ ને વ્યવહાર રાખવા ઘટે. આમ, ઈશ્વર આપણા પિતા છે એ સિદ્ધાંત ઉપરથી ઈસુએ જેમ ઈશ્વર સાથેનો આપણો સંબંધ કેવો હોવો જોઈએ એ તારવ્યું હતું, તેમ હવે એ જ પોતાના સિદ્ધાંત ઉપરથી એકબીજા માટેની આપણી ફરજો ને સંબંધો ને વર્તન કેવાં હોવાં જોઈએ એ પણ નક્કી કરે છે: મારો માનવબંધુ મારો ભાઈ છે, માટે એ મારાં પ્રેમ, માન ને સેવાનો અધિકારી છે.

બીજી રીતે કહીએ તો મારો માનવબંધુ પણ મારા પરમપિતાનો પુત્ર છે, માટે હું એને માટે જે જે કરું તે એના — અને મારા — પરમપિતાને માટે કર્યું કહેવાય. માણસને માટે કર્યું એટલે ભગવાનને માટે કર્યું. સારું તો સારું, અને ભૂંડું તો ભૂંડું. સેવા તો સેવા, અને નિંદા તો નિંદા. માનવે કરેલી માનવીની સેવા ઈશ્વર સ્વીકારે; માનવે કરેલો માનવ ઉપરનો પ્રેમ ઈશ્વરને પહોંચે — અને માનવે કરેલો માનવ સામેનો અપરાધ પણ ઈશ્વરની સામે કરેલો અપરાધ ગણાય.

એ અગત્યનો બોધ ઈસુએ સ્પષ્ટ ને ગંભીર શબ્દોમાં આપ્યો હતો :

“ બધી પ્રજાઓને માનવપુત્રની સમક્ષ ભેગી કરવામાં આવશે. અને જેમ ભરવાડ ઘેટાંને બકરાંથી જુદાં પાડે છે તેમ તે લોકોને એકબીજાથી અલગ પાડશે. તે ઘેટાંને પોતાને જમણે હાથે, અને બકરાંને ડાબે હાથે ગોઠવશે. પછી રાજા પોતાના જમણા હાથ તરફનાને કહેશે : ‘આવો, મારા પિતાના કૃપાપાત્રો! સૃષ્ટિના પ્રારંભથી તમારે માટે તૈયાર રાખેલું રાજ્ય ભોગવો! કારણ, મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી પાયું હતું, હું અજાણ્યો પ્રવાસી હતો ત્યારે તમે મને આશરો આપ્યો હતો, હું ઉઘાડો હતો ત્યારે તમે મને વસ્ત્રો પહેરાવ્યાં હતાં, હું માંદો હતો ત્યારે તમે મારી ભાળ કાઢી હતી, હું કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા આવ્યા હતા.’ ત્યારે એ ધર્મિષ્ઠ

માણસો એમને પૂછશે, 'પ્રભુ, અમે ક્યારે તમને ભૂખ્યા જોઈને ખવડાવ્યું હતું, અથવા તરસ્યા જોઈને પાણી પાયું હતું? તમને અમે ક્યારે અજાણ્યા પ્રવાસી જોઈને ઘરમાં આશરો આપ્યો હતો, અથવા ઉઘાડા જોઈને વસ્ત્રો પહેરાવ્યાં હતાં, અથવા ક્યારે અમે તમને માંદા અથવા કારાવાસમાં જોઈને ખબર કાઢવા આવ્યા હતા?' ત્યારે રાજા તેમને જવાબ આપશે, 'હું સાચું કહું છું કે, આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે.' ત્યાર પછી તે પોતાના ડાબા હાથ તરફનાઓને પણ કહેશે, 'ઓ શાપિતો, મારાથી દૂર હઠો! સેતાન અને તેના દૂતો માટે તૈયાર કરાયેલા શાશ્વત અગ્નિમાં પડો! કારણ, મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું નહોતું આપ્યું, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી નહોતું પાયું, હું અજાણ્યો પ્રવાસી હતો ત્યારે તમે મને આશરો નહોતો આપ્યો, હું ઉઘાડો હતો ત્યારે તમે મને ઢાંક્યો નહોતો, હું માંદો અને કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા નહોતા આવ્યા.' ત્યારે તે લોકો પણ કહેશે, 'હે પ્રભુ, ક્યારે અમે આપને ભૂખ્યા કે તરસ્યા, અજાણ્યા કે ઉઘાડા, માંદા કે કારાવાસમાં જોયા અને ક્યારે આપની સેવા નહોતી કરી?' ત્યારે રાજા તેમને સંભળાવશે, 'હું તમને સાચું કહું છું કે, આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે નથી કર્યું તે મારે માટે જ નથી કર્યું.' આમ એ લોકોને શાશ્વત સજા થશે, પણ ધર્મિષ્ઠ માણસો જીવન પામશે."[૧]

*

'મારે માટે જ કર્યું' એ ઈસુના નીતિશાસ્ત્રનું મૂળ સૂત્ર છે. એમાંથી નૈતિક આચરણના વ્યવહારના બધા નિયમો ઊતરી આવે છે. કોઈનો તિરસ્કાર ન કરાય, કારણ કે એ ઈશ્વરનો તિરસ્કાર ગણાય; કોઈનું અપમાન ન કરાય, કારણ કે એ ઈશ્વરનું અપમાન ગણાય; કોઈની આગળ જૂઠું ન બોલાય, કારણ કે એ ઈશ્વર આગળ જૂઠું બોલવા જેવું થાય. એટલું જ નહિ પણ કોઈનું બૂરું કરવાની વાત હવે બાજુ પર મૂકીને સૌનું ભલું કરવાની વૃત્તિ દિલમાં જાગે છે, કારણ કે માનવબંધુ માટેનું સાચા દિલથી કરેલું કામ એ ભગવાનની ઉત્કૃષ્ટ પૂજા ગણાશે.

એ રીતે ઈસુના ધર્મદર્શનમાં માનવસેવાનો મહિમા અને ગૌરવ છે, અને સેવા તે પૂજા, માણસ ઉપરનો પ્રેમ એ ભગવાન માટેની ભક્તિ, કોઈના ઉપર કરેલો ઉપકાર તે ભગવાનને ચઢાવેલું નૈવેદ્ય બને. એ સંસ્કારો ખ્રિસ્તી ધર્મમાં ઊતરી આવેલા હોવાથી એમાં ગરીબો, માંદાંઓ, દુખિયાઓની સેવા ઉપર પહેલેથી જ ભાર મુકાયો અને એની પરંપરા ચાલી.

૧. માથ્થી ૨૫, ૩૧-૪૬.

# ઈશ્વરપુત્ર

ઈશ્વર સૌનો પિતા છે એ ઈસુનો પહેલો આગ્રહ હતો. એ એમના અંતરની પ્રતીતિ હતી, અને તેથી એમના ઉપદેશનો મુખ્ય મુદ્દો હતો. પણ એની સાથે ઈસુને બીજી વાતનું પણ ભાન હતું, બીજી બાબતનો અનુભવ હતો. એનો ઉલ્લેખ પણ ધીરેથી એમના બોધમાં ને એમની વાતચીતમાં આવવા લાગ્યો. તે વાત એ કે ઈશ્વર સૌનો પિતા હોવા ઉપરાંત એ કંઈક વિશેષ અર્થમાં, ગૂઢ પણ સાચા ને દૂરગામી અર્થમાં એમનો – ઈસુનો – પિતા હતો. આ વિશે ઈસુના શબ્દો જોઈએ.

બાર શિષ્યોને ઉપદેશ કરવા મોકલતી વખતે ઈસુએ કહ્યું હતું : "ચકલી પૈસાની બબ્બે નથી વેચાતી? તેમ છતાં, તમારા પરમપિતાની રજા સિવાય એવી એક ચકલી સુધ્ધાં ભોંય પડતી નથી. તમારા માથાના તો વાળે બધા ગણેલા છે. એટલે ગભરાશો નહિ; ઢગલાબંધ ચકલીઓ કરતાં તમારી કિંમત વધારે છે. જે કોઈ મારો લોકો આગળ સ્વીકાર કરશે તેનો હું પણ મારા પરમપિતા સમક્ષ સ્વીકાર કરીશ; પણ જે કોઈ મારો લોકો આગળ ઈન્કાર કરશે તેનો હું પણ મારા પરમપિતા સમક્ષ ઈન્કાર કરીશ. જે તમારો સત્કાર કરે છે તે મારો સત્કાર કરે છે, અને જે મારો સત્કાર કરે છે તે મને મોકલનારનો સત્કાર કરે છે."[૧] 'તમારા પરમપિતા', 'તમારો સત્કાર', અને 'મારા પરમપિતા', 'મારો સત્કાર' એ જુદા પ્રયોગો ઈસુ કરે છે. 'મને મોકલનાર' એ શબ્દો વારંવાર એમની વાતોમાં ને બોધમાં આવે છે. 'જેમ પિતાએ મને મોકલ્યો છે તેમ હું તમને મોકલું છું' એમ બીજે પ્રસંગે શિષ્યોને કહે છે; અને એ ક્રમ – પરમપિતા મને મોકલે છે, ને હું તમને મોકલું છું – હમેશ એમના મનમાં હોય એમ સ્પષ્ટ લાગે છે.

શિષ્યો ઉપદેશ કરીને પાછા આવ્યા અને પોતાના કાર્યનો અહેવાલ ઈસુને આપવા લાગ્યા ત્યારે "ઉલ્લાસમાં આવીને ઈસુ બોલી ઊઠ્યા : 'હે પિતા, સકળ સૃષ્ટિના માલિક! આ બધી વાતો તેં ડાહ્યા અને ચતુર માણસોથી ગુપ્ત રાખી અને બાળકો આગળ પ્રગટ કરી એ માટે હું તારી સ્તુતિ કરું છું. સાચે જ પિતાજી, તને એ જ રુચ્યું.' મારા પિતાએ બધું મારા હાથમાં સોંપી દીધું છે, અને પિતા સિવાય પુત્રને કોઈ પૂરેપૂરો ઓળખતું નથી, તેમ પિતાને પુત્ર અથવા તો પુત્ર જેને

૧. માથ્થી ૧૦, ૨૯-૩૩, ૪૦.

જણાવવા ઇચ્છે તેના સિવાય કોઈ પૂરેપૂરો પિછાનતું નથી."[૨] 'મારા પિતા' અને તેના એ 'પુત્ર' વચ્ચે એક વિશેષ ને ગાઢ ને રહસ્યમય સંબંધ છે. પિતા પુત્રને મોકલે છે ને પુત્ર શિષ્યોને મોકલે છે. પિતા પુત્રને પોતાની જાણ કરે છે ને પુત્ર માણસોને પિતાની જાણ કરે છે. 'મારા પિતાએ બધું મારા હાથમાં સોંપી દીધું છે' એનું ભાન ઈસુને સતત રહેતું.

*

એક વાર એક જાણીતા પંડિત ઈસુને રાત્રે મળવા આવ્યા હતા એની સાથે ચર્ચા કરતાં કરતાં ઈસુએ કહ્યું : "ઈશ્વરને જગત ઉપર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં વિશ્વાસ રાખે તે નાશ ન પામે, પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે. કારણ, ઈશ્વરે પુત્રને જગતમાં મોકલ્યો છે તે જગતને સજાપાત્ર ઠરાવવા માટે નહિ, પણ તેની મારફતે જગતનો ઉદ્ધાર કરવા. જે કોઈ એનામાં વિશ્વાસ રાખે છે, તે સજાપાત્ર નથી રહેતો, પણ જે કોઈ વિશ્વાસ રાખતો નથી તે તો સજાપાત્ર ઠરી જ ચૂકયો છે, કારણ, તેણે ઈશ્વરના એકના એક પુત્ર ઉપર વિશ્વાસ મૂકયો નથી."[૩] ઈશ્વર તો સૌનો પિતા છે, માટે સર્વ માણસો એના પુત્રો થાય; પણ જેને એણે મોકલ્યો છે એ વિશેષ અધિકારથી ને જુદા ભાવે પુત્ર છે તેથી એને 'એકનો એક પુત્ર' કહે છે. તેની મારફતે એ જગતનો ઉદ્ધાર કરવા માગે છે, અને તેના પ્રત્યેનાં વલણો ઉપરથી માણસોનો ન્યાય તોળાય છે.

બીજે પ્રસંગે ઈસુએ લોકોની આગળ 'મોટે સાદે' કહ્યું: "જે કોઈ મારામાં વિશ્વાસ રાખે છે તે મારામાં નહિ પણ મને મોકલનારામાં વિશ્વાસ રાખે છે, અને જે કોઈ મારાં દર્શન કરે છે તે મને મોકલનારનાં દર્શન કરે છે. હું જગતમાં પ્રકાશરૂપે આવ્યો છું, જેથી મારામાં વિશ્વાસ રાખનાર કોઈ અંધકારમાં ન રહે. જો કોઈ મારાં વચનો સાંભળે પણ તેનું પાલન ન કરે તો તેને હું સજાપાત્ર ઠરાવતો નથી; કારણ હું જગતને સજાપાત્ર ઠરાવવા નહિ પણ એનો ઉદ્ધાર કરવા આવેલો છું. જે મારો તિરસ્કાર કરે છે અને મારાં વચનોનો સ્વીકાર કરતો નથી તેને સજાપાત્ર ઠરાવનાર તો છે — મારી ઉચ્ચારેલી વાણી જ છેલ્લે દિવસે એને સજાપાત્ર ઠરાવશે. કારણ, હું મારા તરફથી બોલ્યો નથી, મને મોકલનાર પિતાએ મને આજ્ઞા કરેલી છે કે મારે શું કહેવું ને શું બોલવું; અને મારી ખાતરી છે કે તેની આજ્ઞા

લૂક ૧૦, ૨૧; માથ્થી ૧૧, ૨૭.
૩. યોહાન ૩, ૧૬-૧૮.

શાશ્વત જીવનરૂપ છે. એટલે હું જે કંઈ બોલું છું તે પિતાના કહ્યા પ્રમાણે જ બોલું છું."[૪]

બીજી વાતો કરતી વખતે પણ પિતા સાથેનો સંબંધ જાણે યાદ આવતો હોય તેમ વચ્ચે એનો ઉલ્લેખ કરીને ઈસુ બોલતા. એક વખત ગામનાં ઘેટાં-બકરાં ને ગોવાળ-ભરવાડને જોઈને ઈસુ એક દૃષ્ટાંત કહેતા હતા ત્યારે સહજ ભાવે પિતાની વાત વચ્ચે લાવ્યા : "હું સાચો ગોવાળ છું. મારાં ઘેટાંને હું ઓળખું છું અને મારાં ઘેટાં મને ઓળખે છે — જેમ મને મારા પિતા ઓળખે છે ને હું મારા પિતાને ઓળખું છું. અને ઘેટાંને ખાતર હું મારા પ્રાણ પાથરું છું. પિતા મારા ઉપર પ્રેમ રાખે છે, કારણ, હું મારું જીવન અર્પી દઉં છું; અર્પી દઉં છું ખરો, પણ પાછું મેળવવા માટે. કોઈ એને મારી પાસેથી લઈ લેતું નથી, પણ હું જ એને મારી મેળે અર્પી દઉં છું. મને એને છોડી દેવાની સત્તા છે, તેમ એને પાછું લેવાની પણ મને સત્તા છે. એ આજ્ઞા મને મારા પિતા તરફથી મળેલી છે. મારાં ઘેટાં મારો સાદ સાંભળે છે; હું તેમને ઓળખું છું, અને તેઓ મારી પાછળ પાછળ આવે છે. હું તેમને શાશ્વત જીવન આપું છું, અને તેમનો કદી નાશ નહિ થાય, તેમને કોઈ મારા હાથમાંથી ઝૂંટવી લઈ નહિ શકે. એમને મારા હાથમાં સોંપનાર મારા પિતાથી કોઈ મોટું નથી, અને તેમને કોઈ પિતાના હાથમાંથી ઝૂંટવી લઈ શકે એમ નથી. હું અને પિતા અમે એક છીએ."[૫]

*

ઈસુ તો **નમ્રતામૂર્તિ** હતા. "હૃદયના રાંક ને નમ્ર" હતા. એક પ્રસંગે લોકો ઉત્સાહમાં આવીને એમને રાજા બનાવવા માગતા હતા ત્યારે "ઈસુ સમજી ગયા કે, આ લોકો આવીને મને રાજા બનાવવા માટે બળજબરીએ લઈ જવાની તૈયારીમાં છે, એટલે તેઓ એકલા પાછા ડુંગરમાં ચાલ્યા ગયા." એમને હાથે દેહનો કે આત્માનો ઉદ્ધાર પામીને જે ભકતો એમનો મહિમા ફેલાવવા માગતા એમને એ વિશે કોઈને કશું ન કહેવાની આજ્ઞા આપતા. "ઈસુએ તેમને સખત ચેતવણી આપી કે, જોજો, કોઈને આની ખબર ન પડે." લોકો જ્યારે માનતા થયા કે ઈસુ એ 'ખ્રિસ્ત' એટલે ઈશ્વરે મોકલેલા ઉદ્ધારક હતા ત્યારે ઈસુએ શિષ્યોની આગળ પોતે 'ખ્રિસ્ત' હોવાનો એકરાર કર્યા પછી એમને આજ્ઞા આપી કે, "હું 'ખ્રિસ્ત' છું એવું કોઈને કહેશો નહિ." તેઓ કહેતા : "હું મારા પોતાના ગૌરવની ચિંતા

૪. યોહાન ૧૨, ૪૪-૫૦.
૫. યોહાન ૧૦, ૧૪-૧૫, ૧૭-૧૮, ૨૭-૩૦.

કરતો નથી", "હું માણસો પાસે માન મેળવવા ઈચ્છતો નથી". એમણે સાવ સામાન્ય સ્થિતિના માણસોને પોતાના શિષ્યો તરીકે પસંદ કર્યા હતા, અને પોતાના જીવનના અંતિમ દિવસે એમને નમ્રતા ને દીનતાનો પદાર્થપાઠ આપવા એમના પગ એમણે પોતાને હાથે ધોયા હતા.

પરંતુ એ નમ્રતાના ભાવ સાથે પોતે કોણ છે એનું ઈસુને ભાન હતું. છેક એમના નાનપણમાં એક અસાધારણ બનાવ બન્યો હતો એનું વૃત્તાંત બાઈબલમાં છે. દરેક યહૂદી ભકતને માટે વર્ષમાં એક વખત મુખ્ય ધર્મતહેવારના પ્રસંગે પાટનગર યરુશાલેમમાં આવેલા ભવ્ય મંદિરની યાત્રાએ જવાનું ફરજિયાત હતું. એ રીતે "જ્યારે ઈસુ બાર વર્ષના થયા ત્યારે પણ તેનાં માબાપ દર વર્ષની પેઠે જાત્રાએ ગયાં. ઉત્સવ પૂરો થતાં તેઓ પાછાં ઘેર આવવા નીકળ્યાં, પણ બાળ ઈસુ યરુશાલેમમાં જ રહી પડયા અને એમનાં માબાપને એની ખબર જ ન પડી. ઈસુ પણ સંઘમાં જ છે એમ ધારીને એક દિવસ તો તેમણે પ્રવાસ જારી રાખ્યો, પણ પછી પોતાનાં સગાંસંબંધીઓમાં અને ઓળખીતાં-પાળખીતાંઓમાં તેમની શોધ કરવા માંડી. છોકરાનો પત્તો લાગ્યો નહિ એટલે તેઓ શોધતાં શોધતાં પાછાં યરુશાલેમ આવ્યાં. છેક ત્રીજે દિવસે તેમને મંદિરમાંથી તેમની ભાળ લાગી. ધર્મગુરુઓ વચ્ચે બેસીને તે તેમનો ઉપદેશ સાંભળતા હતા અને તેમને પ્રશ્ન પૂછતા હતા. એમની વાત સાંભળનાર સૌ કોઈ એમની બુદ્ધિથી અને એમના જવાબોથી ચકિત થઈ જતા હતા. એમને જોઈને એમનાં માબાપના આશ્ચર્યનો તો કંઈ પાર ન રહ્યો; અને તેમની માએ તેમને કહ્યું, "બેટા, તેં આમ કેમ કર્યું? જો, તારા બાપુ અને હું તો તને શોધી શોધીને અરધાં થઈ ગયાં." તેમણે તેઓને કહ્યું, "તમે શું કરવા મારી શોધ કરી? તમને ખબર નહોતી કે, હું તો મારા પિતાના ઘરમાં જ હોઈશ?" પણ તેમને એમનું કહેવું સમજાયું નહિ. પછી ઈસુ તેમની સાથે ઊતરીને નાસરેથ આવ્યા અને તેમના કહ્યામાં રહ્યા. એમની માએ આ બધી વાત પોતાના હૈયામાં સંઘરી રાખી. ઈસુ જ્ઞાનમાં અને ઉંમરમાં વધતા ગયા અને ઈશ્વરના અને માણસોના વધુ ને વધુ પ્રીતિપાત્ર બનતા ગયા."[૧]

"હું તો મારા પિતાના ઘરમાં જ હોઈશ." 'મારા પિતા' એ મરિયમનો વર નહિ, પણ જેનું ઘર આ મંદિર કહેવાય એ. જેને પછી તેઓ પરમપિતા તરીકે ઓળખાવવાના છે તે. "શું કરવા મારી શોધ કરી? મારું સ્થાન અહીંયાં જ છે, પિતાને ઘેર છે." એમનાં માબાપ એ વાત ત્યારે તો પૂરી ન સમજ્યાં. પણ બાર

૧. લૂક ૨, ૪૨-૫૧.

વર્ષના એ બાળકના મનમાં ત્યારથી એ સ્પષ્ટ ને જુદો ખ્યાલ હતો, અને પોતાનાં માબાપને પૂરું માન આપીને ને એમની આજ્ઞામાં રહીને પણ બીજા ને ખરા પિતાના સતત ધ્યાનમાં એ રહેતા.

*

એ બાળકનો પિતા જુદો હતો એનો સંકેત તેના જન્મથી જ મળ્યો હતો. માતા મરિયમનાં લગ્ન થયાં હતાં પણ હજી એ સાસરે ગયાં ન હતાં. એવામાં એક દિવસ એમને દિવ્યદર્શન લાધ્યાં ને એમાં આજ્ઞા મળી; "હે પ્રસાદપાત્ર! પ્રભુ તારી પડખે છે. ઈશ્વર તારા ઉપર પ્રસન્ન થયા છે. તને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે. ઈશ્વરની શકિત તારા ઉપર ઊતરશે અને પરાત્પરનો પ્રભાવ તને છાઈ દેશે. એ જ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે તે 'ઈશ્વરપુત્ર' કહેવાશે. તેનું નામ તું ઈસુ રાખજે." એમાં મરિયમની અને તેના વરની કસોટી થઈ. તેમનો સહવાસ થાય તે પહેલાં જ માલૂમ પડયું કે મરિયમને ગર્ભ રહ્યો છે. તેમના પતિ ધર્મિષ્ઠ માણસ હતા અને તેમને ઉઘાડા પાડવા ઇચ્છતા ન હતા એટલે તેમની ઇચ્છા કશી હોહા વગર તેમને છૂટાં કરવાની હતી. તેઓ એ વાતનો વિચાર કરતા હતા એવામાં એમને પણ દિવ્યદર્શન થયાં: "તારી પત્ની મરિયમને ઘેર તેડી લાવતાં ડરીશ નહિ. આ જે ગર્ભ રહ્યો છે તે ઈશ્વરની શકિતના પ્રભાવથી રહ્યો છે. તેને પુત્ર અવતરશે અને તું તેનું નામ ઈસુ પાડજે, કારણ, તે પોતાની પ્રજાને પાપમાંથી મુકિત આપનાર છે." ('ઈસુ'નો અર્થ 'મુકિતદાતા' થાય.)

એ રીતે એ બાળક આવ્યું, નાતાલની રાતને કાયમ માટે ભકિત ને આનંદનો મેળો બનાવીને આવ્યું. જેનો પૃથ્વી ઉપર દેહનો પિતા નહોતો એનો વિશેષ અર્થમાં ઈશ્વર પિતા હતો એ સંકેત લઈને આવ્યું. ને એ સંકેત એના જીવનમાં સાર્થક થયો.

*

ઈસુ ત્રીસ વર્ષના થયા ત્યારે ગૃહત્યાગ કરીને તેઓ તપ કરવા ને ઉપદેશ આપવા નીકળ્યા. યોહાન કરીને એક તપસ્વી ધાર્મિક લોકોને પ્રાયશ્ચિત્તના સંકેતરૂપે નદીને તીરે સ્નાનસંસ્કાર કરાવતા હતા ત્યાં ઈસુ ગયા અને એમને હાથે એ વિધિ કરાવવા નમ્ર ભાવે ઊભા રહ્યા. "ત્યારે યોહાને એમને કહ્યું, 'સ્નાનસંસ્કાર તો મારે તમારી પાસે લેવા જોઈએ; તેને બદલે તમે મારી પાસે આવો છો?' ઈસુએ જવાબમાં કહ્યું, 'અત્યારે આમ ચાલવા દો. આપણે ધર્માચારનું આમ પૂરું પાલન કરીએ એ ઉચિત છે.' એટલે યોહાન માની ગયા. સ્નાનસંસ્કાર પછી ઈસુ પાણીમાંથી બહાર આવ્યા ત્યાં આકાશનાં દ્વાર ખૂલી ગયાં, અને તેમણે પવિત્ર આત્માને પારેવાની

પેઠે પોતાની ઉપર ઊતરતો જોયો. એ જ વખતે આકાશવાણી સંભળાઈ કે, "આ મારો પુત્ર છે, મારો પ્રિયતમ પુત્ર છે, તેના ઉપર હું ખૂબ પ્રસન્ન છું."[૭] ઈસુ ઈશ્વરને પોતાનો પિતા કહે ત્યારે ઈશ્વર એમને પોતાના પ્રિયતમ પુત્ર તરીકે ઓળખાવે.

ઈસુનું નામ જાણીતું થયું અને લોકો એમના વિશે જાતજાતની વાતો કરવા ને જાતજાતના અભિપ્રાયો બાંધવા લાગ્યા ત્યારે એક વાર ઈસુએ પોતાના શિષ્યોને પૂછ્યું, "તમે શું કહો છો? હું કોણ છું?" પટ્ટશિષ્ય પીતરે તરત જવાબ આપ્યો, "આપ તો 'ખ્રિસ્ત' છો, ચેતનસ્વરૂપ ઈશ્વરના પુત્ર." એટલે ઈસુએ કહ્યું, "તું બડભાગી છે; કારણ, રક્તમાંસના માણસે નહિ પણ મારા પરમપિતાએ તને આ સત્ય જણાવ્યું છે."[૮]

અને જીવનની સૌથી ગંભીર ઘડીએ, જ્યારે ઈસુની ધરપકડ કરીને એમના ઉપર કામ ચલાવવા એમને વડા પુરોહિતની આગળ ઊભા કર્યા અને એમને મૃત્યુદંડ કરાવવાના હેતુથી જાતજાતના આરોપ એમના ઉપર ઠાલવ્યા ત્યારે મુખ્ય વાત ઉપર આવવા વડા પુરોહિતે બધાની સમક્ષ પોતાના અધિકારના રૂએ ઈસુને કહ્યું, "ચેતનસ્વરૂપ પરમેશ્વરના સોગંદ દઈને હું તને પૂછું છું કે બોલ, તું ખ્રિસ્ત છે? ઈશ્વરનો પુત્ર છે?" ઈસુએ કહ્યું, "તમે સાચું કહ્યું છે." આ સાંભળીને વડો પુરોહિત પોતાનાં કપડાં ફાડીને બોલી ઊઠ્યો, "એણે ઈશ્વરનિંદા કરી છે! હવે આપણને વધારે સાક્ષીની શી જરૂર છે? તમે ઈશ્વરનિંદા કાનોકાન સાંભળી છે; તમારો શો અભિપ્રાય છે?" એ લોકોએ જવાબ આપ્યો, "એ મૃત્યુદંડને પાત્ર છે."[૯]

પોતે કોણ છે એના ભાનમાં ને એકરારમાં ઈસુએ પોતાના જીવનનું બલિદાન આપ્યું.

૭. માથ્થી ૩, ૧૪-૧૭.
૮. માથ્થી ૧૭, ૧૫-૧૭.
૯. માથ્થી ૨૬, ૬૩-૬૬.

# કહેવું ને કરવું

ખ્રિસ્તીદર્શન તે ખ્રિસ્ત જ છે એ ટૂંકી ને સચોટ વ્યાખ્યા આપી શકાય. ખ્રિસ્તીદર્શનનાં સિદ્ધાંતો ને શિક્ષણ ઈસુના જીવન ને વર્તન ઉપરથી જ ઘડાયાં, માટે ઈસુ પોતે શું કરતા, અને એમનાં એ કાર્યો દ્વારા પોતાના વિશે શું કહી દેતા એ જોવાનું છે.

"એક ફરોશીએ (ધર્મગુરુએ) ઈસુને પોતાને ત્યાં જમવા નોતર્યા, એટલે તેઓ તેને ઘેર જઈને ભાણે બેઠા. એટલામાં, ફરોશીને ઘેર ઈસુ જમવા બેઠા છે એવું જાણીને, શહેરની એક પતિત સ્ત્રી સંગેમરમરની કૂપીમાં અત્તર લઈને આવી પહોંચી અને પાછળ જઈને આંસુ સારતી સારતી ઈસુને ચરણે ઊભી રહી. તેનાં આંસુથી તેમના ચરણ ભીંજાઈ ગયા તે તેણે પોતાના વાળથી લૂછી નાખ્યા. પછી તેણે ચરણ ચૂમી ચૂમીને અત્તર લગાડ્યું. આ જોઈને ઈસુને નોતરનાર ફરોશીએ મનમાં વિચાર કર્યો કે, જો આ માણસ ખરેખર પયગંબર હશે તો એને ખબર પડી જવી જોઈએ કે એને અડનાર આ બાઈ કોણ છે અને કેવી છે; એ તો પતિતા છે. આથી ઈસુએ તેને કહ્યું, 'સિમોન, મારે તને એક વાત કહેવી છે.' ત્યારે તેણે કહ્યું, 'કહોને, ગુરુજી.' 'એક શાહુકારનું બે જણ પાસે લેણું હતું. એક જણ પાસે પાંચસો દીનાર અને બીજા પાસે પચાસ. પણ દેવું વાળવાનું તેમની પાસે કંઈ સાધન નહોતું એટલે શાહુકારે બંનેનું દેવું માફ કર્યું. તો બેમાંથી કોણ તેના ઉપર વધારે પ્રેમ રાખશે?' સિમોને જવાબ આપ્યો, 'મારા ધારવા પ્રમાણે, જે માણસનું તેણે વધારે દેવું માફ કર્યું હતું તે.' ઈસુએ કહ્યું, 'તારી ધારણા સાચી છે.' અને પેલી સ્ત્રી તરફ ફરીને તેમણે સિમોનને કહ્યું, 'આ બાઈને તું જુએ છે ને? હું તારા ઘરમાં આવ્યો, તેં મને પગ ધોવા પાણી ન આપ્યું, પણ એ બાઈએ પોતાનાં આંસુથી મારા પગ ભીંજવ્યા અને પોતાના વાળથી લૂછી નાખ્યા. તેં મને ચુંબન ન દીધું, પણ હું અંદર આવ્યો ત્યારથી એ મારી કદમબોસી કરી રહી છે. તેં મારા વાળમાં તેલ ન નાખ્યું, પણ એણે મારા પગે અત્તર લગાડ્યું છે. અને એટલે હું તને કહું છું કે, એનો આ ભર્યો ભર્યો પ્રેમ પુરવાર કરે છે કે એનાં ઘણાં પાપોની એને માફી મળી છે; જેનું ઓછું માફ થયું હોય છે તે ઓછો પ્રેમ બતાવે છે.' પછી તેમણે તે બાઈને કહ્યું, 'તારાં પાપ માફ કરવામાં આવ્યાં છે.' ત્યારે તેમની સાથે જમવા બેઠેલા માણસો માંહોમાંહે કહેવા લાગ્યા, 'આ કોણ છે કે પાપો પણ માફ કરે છે?' પણ ઈસુએ તે બાઈને કહ્યું, 'તારી શ્રદ્ધાએ તને ઉગારી લીધી છે; શાંતચિત્તે જા.'"[૧]

૧. લૂક ૭, ૩૬-૫૦.

"આ કોણ છે કે પાપો પણ માફ કરે છે?" એ લોકોનું આશ્ચર્ય હતું. પણ ઈસુએ સહજ ભાવે ને બીજા કોઈની આજ્ઞાથી નહિ પણ સ્વાધિકારથી પાપ માફ કર્યાં ને હૃદયની શાંતિ આપી. એટલું જ નહિ પણ માફી ને ભકિતનો પરસ્પર સંબંધ બતાવીને એ ભકિત પોતે સ્વીકારી ને પુણ્યકારી ઠરાવી. એ જોઈને તે લોકોને આશ્ચર્ય થતું.

*

"એક દિવસ એવું બન્યું કે, ઈસુ ઉપદેશ આપતા હતા અને ફરોશીઓ અને શાસ્ત્રીઓ પણ ત્યાં બેઠા હતા. એ લોકો ગાલીલ અને યહૂદિયાના ગામેગામથી તેમ જ યરુશાલેમથી આવ્યા હતા. અને પ્રભુની શકિત ઈસુને લોકોને સાજા કરવા પ્રેરતી હતી. એવામાં કેટલાક લોકો પક્ષાઘાત થયેલા એક માણસને પથારીમાં સુવાડીને લઈ આવ્યા અને તેઓ તેને ઈસુની આગળ મૂકવા અંદર લઈ જવાનો પ્રયત્ન કરતા હતા. પણ ગીરદી એટલી હતી કે એને અંદર લઈ જવાનો કોઈ રસ્તો તેમને જડયો નહિ, એટલે તેઓએ છાપરા ઉપર ચડીને નળિયાં ખસેડીને તેને પથારી સાથે બધા વચ્ચે ઈસુની આગળ ઉતાર્યો. એમની શ્રદ્ધા જોઈને ઈસુએ કહ્યું, 'ભાઈ, તારાં પાપો માફ કરવામાં આવ્યાં છે.' શાસ્ત્રીઓ અને ફરોશીઓ વિચાર કરવા લાગ્યા, 'ઈશ્વરનિંદા કરનારો આ કોણ છે? ઈશ્વર સિવાય પાપની માફી બીજો કોણ આપી શકે એમ છે?' પણ ઈસુએ તેમના મનની વાત કળી જઈને તેમને કહ્યું, 'તમે મનમાં આવા વિચાર કેમ કરો છો? શું સહેલું છે? "તને તારાં પાપ માફ કરવામાં આવ્યાં છે," એમ કહેવું સહેલું છે, કે, "ઊઠ, ચાલવા માંડ" એમ કહેવું સહેલું છે? પણ માનવપુત્રને પૃથ્વીમાં પાપની માફી આપવાનો અધિકાર છે એની તમને ખબર પડે એટલા ખાતર—તેમણે પેલા લકવાવાળા માણસને કહ્યું—હું તને કહું છું કે, ઊભો થા, અને તારી પથારી ઉપાડી તારે ઘેર જા.' તરત જ બધાના દેખતાં તે ઊભો થયો અને જે પથારી ઉપર પોતે સૂઈ રહ્યો હતો તેને ઉપાડી લઈ ઈશ્વરના ગુણ ગાતો ગાતો પોતાને ઘેર ચાલ્યો ગયો. આ જોઈને બધા આશ્ચર્યમાં ડૂબી ગયા અને ઈશ્વરના ગુણ ગાતા ગાતા ભયભીત બનીને કહેવા લાગ્યા, 'આજે આપણે માન્યામાં ન આવે એવી વસ્તુઓ જોઈ.'"[૨]

પાપની માફી, દિલની શાંતિ, અને દેહનું સ્વાસ્થ્ય એ ઉદ્ધારકાર્યનાં ત્રણ પાસાં છે. તે એકબીજાનાં પૂરક છે, એકબીજાને ટેકો ને સાક્ષી આપે છે. ત્રણે પાસાં ઈસુના ધ્યાનમાં હતાં.

૨. લૂક ૫, ૧૭-૨૬.

# કાર્યો ને સંકેતો

"આજે આપણે માન્યામાં ન આવે એવી વસ્તુઓ જોઈ." એવા પ્રસંગો ઈસુના જીવનમાં અનેક આવ્યા. તે બાઈબલમાંના એમના જીવનવૃત્તાંતનો લગભગ અર્ધો ભાગ રોકે છે. એ પ્રસંગો દ્વારા જ ઈસુ પોતાનો સંદેશ આપતા ને પોતાની વાતો સમજાવતા. તે એક જાતના જીવંત ઉપદેશ અને પદાર્થ-પાઠ હતા. પોતાનાં કાર્યોનો સાર ને અહેવાલ આપતાં ઈસુએ એક વખત કહ્યું હતું: "આંધળાં દેખતાં થાય છે, લંગડાં ચાલે છે, કોઢિયાં સાજા થાય છે, બહેરાં સાંભળે છે, મરેલાં બેઠાં થાય છે, અને દીનજનોને શુભસંદેશ પહોંચાડવામાં આવે છે. અને જેની મારા વિશેની શ્રદ્ધા ડગતી નથી તે પરમસુખી છે."[૧]

લોકોનું ધ્યાન ખેંચવા કે એમને આશ્ચર્ય પમાડવા તો ઈસુએ એ કાર્યો નહોતાં કર્યાં. ઊલટું, એ કાર્યોની જાહેરાત ન કરવાની તેઓ સખત આજ્ઞા કરતા. "ઈસુએ તેમને કડક આજ્ઞા ફરમાવી કે કોઈને એની જાણ થવી ન જોઈએ." "ઈસુએ લોકોને તાકીદ કરી કે કોઈને આ વાત કહેશો નહિ." "ઈસુએ તેને ઘેર મોકલી દીધો અને કહ્યું કે, ગામમાં કોઈને કહીશ નહિ." લોકો કુતૂહલથી અથવા તો શ્રદ્ધા રાખવાને બહાને એવાં કાર્યો માગતા ત્યારે ઈસુને ખોટું લાગતું. "ફરોશીઓએ આવીને ઈસુની સાથે વાદવિવાદ કરવા માંડયો, અને તેમની પરીક્ષા કરવા માટે તેમની પાસે કોઈ દૈવી પરચાની માગણી કરી. ઈસુ અંતરના ઊંડાણમાંથી નિસાસો નાખીને બોલ્યા," આ પેઢી પરચો કેમ માગતી હશે? હું તમને ખાતરીથી કહું છું કે, આ પેઢીને પરચો નહિ જ દેખાડવામાં આવે."[૨] અને વિશેષ પ્રસંગે, જીવનના અંતિમ દિવસે જ્યારે ફરમાવેલો મૃત્યુદંડ રાજાની પાસે કબૂલ કરાવવા દ્વેષી ધર્મગુરુઓએ ઈસુને હેરોદ રાજાની આગળ ઊભા કર્યા ત્યારે ઈસુએ પોતાના બચાવમાં પણ એવું કોઈ કાર્ય કરવાની ના પાડી: "ઈસુને જોઈને હેરોદ તો રાજી રાજી થઈ ગયો, કારણ, એમને વિશે વાતો સાંભળી સાંભળીને તે લાંબા સમયથી એમને જોવા ઇચ્છતો હતો અને તેમને હાથે કંઈ પરચો જોવાની આશા રાખતો હતો. તેણે ઈસુને પુષ્કળ સવાલો પૂછ્યા, પણ ઈસુએ કંઈ જ જવાબ ન આપ્યો. મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓ ત્યાં ઊભા ઊભા ઈસુ ઉપર જોરશોરથી આક્ષેપો મૂકતા રહ્યા. ત્યારે હેરોદે પોતાના

૧. માથ્થી ૧૧, ૫-૬.
૨. માર્ક ૮, ૧૧-૧૨.

સિપાઈઓ સાથે મળીને ઈસુનું ખૂબ અપમાન કર્યું અને તેમની મશ્કરી ઉડાવી."[3]

માંદાંઓને સાજાં કરવાની એ પ્રવૃત્તિને ઈસુ પોતાનાં 'કાર્યો' અથવા 'સંકેતો' કહેતા. (એને માટે 'ચમત્કાર' શબ્દ તેઓ કદી વાપરતા નહોતા.) 'કાર્યો', કારણ કે તે એમના ઉપદેશનું પ્રત્યક્ષ સ્વરૂપ હતાં: ઉપદેશ એ વાણી, અને દુ:ખનિવારણ એ કાર્ય. બોલવું ને કરવું. વચનો ને કૃત્યો. "મારા કહ્યા ઉપર વિશ્વાસ રાખો..., અથવા કેવળ કાર્યો ઉપરથી વિશ્વાસ રાખો."[4] અને 'સંકેતો', કારણ કે એ કાર્યો, એ દુ:ખનિવારણ ને એ આરોગ્યયજ્ઞ એમના આધ્યાત્મિક ઉદ્ધારકાર્યના બાહ્ય સંકેત હતાં. પાપથી મુકિત અપાય પણ દેખાય નહિ, માટે રોગથી મુકિત અપાય ને દેખાય તે એનો સંકેત બને. હૃદયની શાંતિ નજરે જોવાય નહિ, માટે વાવાઝોડાનું શમન એનો સંકેત બને. અંતર્દૃષ્ટિ મળે પણ બતાવાય નહિ, માટે આંધળાને મળેલું ને અનુભવેલું દૃષ્ટિદાન એનો સંકેત બને. વચનો અને કાર્યોનો, શબ્દ અને શકિતનો, અંતરની પ્રતીતિ અને બહારના પ્રમાણનો સુમેળ હતો. માટે એ કાર્યો દ્વારા પોતાનું ખરું કાર્ય શું છે — ને પોતે કોણ છે — એ ઈસુ બતાવી દેતા.

*

ઈસુએ કહ્યું હતું, "હું જગતનો પ્રકાશ છું. જે કોઈ મને અનુસરે છે તેને કદી અંધકારમાં નહિ ચાલવું પડે, પણ તે જીવનનો પ્રકાશ પામશે."[5] ને ઈસુ એક વખત રસ્તામાં જતા હતા ત્યારે "લોકોનું મોટું ટોળું તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યું. એવામાં રસ્તાની ધારે બેઠેલા બે આંધળા, ઈસુ ત્યાં થઈને જાય છે એ સાંભળતાં, બૂમ પાડી ઊઠયા, 'ઓ પ્રભુ, ઓ દાઊદના પુત્ર, અમારા ઉપર દયા કરો!' ટોળાના લોકોએ ધમકાવીને તેમને મૂંગા રહેવા કહ્યું, પણ તેઓ ઊલટા વધારે જોરથી બૂમો પાડવા લાગ્યા, 'ઓ પ્રભુ, ઓ દાઊદના પુત્ર, અમારા ઉપર દયા કરો!' ઈસુએ ઊભા રહીને તેમને બોલાવીને પૂછયું, 'તમારી શી ઈચ્છા છે? તમારે માટે હું શું કરું?' તેમણે કહ્યું, 'પ્રભુ, અમને ફરી દેખતા કરો!' આથી ઈસુના દિલમાં દયા આવી અને તેમણે તેઓની આંખને હાથ અડાડયો કે તરત જ તેઓ દેખતા થયા અને ઈસુની પાછળ પાછળ ચાલવા લાગ્યા."[6] પ્રકાશનું દાન. દેહમાં: "અમને ફરી દેખતા કરો!"; અને અંતરમાં: "તેને કદી અંધકારમાં નહિ ચાલવું પડે."

૩. લૂક ૨૩, ૮-૧૧.
૪. યોહાન ૧૪, ૧૧.
૫. યોહાન ૮, ૧૨.
૬. માથ્થી ૨૦, ૨૯-૩૪.

ઈસુએ કહ્યું હતું, "હું તમારે સારુ શાંતિ મૂકતો જાઉં છું, હું જે શાંતિ આપું છું તે સંસાર આપે છે તેવી નથી."[૭] ને એક દિવસ સાંજે "લોકોને છોડીને શિષ્યો ઈસુને હોડીમાં બેઠા હતા તેમ ને તેમ લઈ ગયા. બીજી હોડીઓ પણ તેમની સાથે હતી. એવામાં પવનનું ભારે તોફાન જાગ્યું અને મોજાં હોડી ઉપર એવાં પછડાવા લાગ્યાં કે હોડી ભરાઈ જવા લાગી. છતાં ઈસુ હોડીના પાછલા ભાગમાં ઓશીકે માથું મૂકીને ઊંઘતા હતા. શિષ્યોએ તેમને જગાડીને કહ્યું, 'ગુરુજી, અમે તો મરી ગયા! આપને એની પડી નથી?' ઈસુએ ઊઠીને પવનને વાર્યો અને સરોવરને કહ્યું, 'ચૂપ! શાંત થઈ જા!' તરત જ પવન પડી ગયો અને ગાઢ શાંતિ વ્યાપી ગઈ. પછી તેમણે શિષ્યોને કહ્યું, 'તમે ડરપોક કેમ છો? હજીયે તમને શ્રદ્ધા કેમ નથી?' તેઓ ભયભીત થઈ ગયા અને એકબીજાને કહેવા લાગ્યા, 'તો આ માણસ કોણ છે? તેઓ વાયુ અને સાગરને આજ્ઞા કરે છે અને તે એમનું કહ્યું કરે છે!'"[૮] "શાંત થઈ જા!" એ આજ્ઞાથી સાગરનું તોફાન – અને હૃદયનું તોફાન – શમી જાય.

ઈસુએ કહ્યું હતું, "હું માર્ગ, સત્ય અને જીવન છું."[૯] અને એક દિવસ તેઓ એક ગામે જતા હતા અને "તેમના શિષ્યો અને પુષ્કળ માણસો પણ તેમની સાથે હતા. તેઓ ગામના દરવાજા નજીક પહોંચ્યા. ત્યાં કોઈ વિધવાનો એકનો એક દીકરો મરી ગયો હતો તેને લઈને આવતા લોકો તેમને સામા મળ્યા. ગામના પુષ્કળ લોકો તે બાઈની સાથે હતા. તેને જોઈને પ્રભુને દયા આવી અને તેમણે તે બાઈને કહ્યું, 'રડીશ નહિ.' પછી નનામી પાસે જઈને તેમણે તેના ઉપર હાથ મૂક્યો એટલે ઊંચકનારા ઊભા રહ્યા. પછી ઈસુ બોલ્યા, 'જુવાન માણસ, તને હું કહું છું કે, બેઠો થા.' ત્યાં તો તે મરેલો માણસ બેઠો થઈને બોલવા લાગ્યો; અને ઈસુએ તેને તેની માને સોંપી દીધો. બધા ભયભીત થઈ ગયા અને ઈશ્વરની સ્તુતિ કરી કહેવા લાગ્યા, 'આપણી વચ્ચે મોટા પયગંબર ઉદય પામ્યા છે. ઈશ્વરે પોતાની પ્રજા ઉપર કૃપાદૃષ્ટિ કરી છે.'"[૧૦] દેહને જીવન આપવાની કૃપાદૃષ્ટિ કરી છે, અને નિરાશાથી ને દુરાચારથી ને જડતાથી નિશ્ચેતન થયેલા અંતરને પણ પુનર્જીવન બક્ષવાની કૃપાદૃષ્ટિ કરી છે.

*

૭. યોહાન ૧૪, ૨૭.
૮. માર્ક ૪, ૩૬-૪૧.
૯. યોહાન ૧૪, ૬.
૧૦. લૂક ૭, ૧૧-૧૬.

એ રીતે પોતાના ઉપદેશ દ્વારા ને પોતાના વર્તન દ્વારા ઈસુ પોતાનો સંદેશ લોકોને પહોંચાડતા હતા. "ઈશ્વરનું રાજ્ય આવી પહોંચ્યું છે" એ ઘોષણા ઈસુએ શરૂઆતમાં કરી હતી. ને ત્યાર પછી એ સ્વાસ્થ્ય ને મુકિત ને દયા ને કૃપાના રાજ્યની ઝાંખી તેઓ વચનોથી ને કાર્યોથી કરાવતા રહ્યા.

# દૃષ્ટાંતો

ઈસુના ઉપદેશનું એક વિશિષ્ટ અંગ એમની દૃષ્ટાંતકથાઓનું છે. લોકોને સરળ રીતે બોધ આપવા, તરત સમજણ પડે અને કાયમ માટે યાદ રહે એ રીતે ધર્મનાં રહસ્યો સમજાવવા, અને દબાણ કર્યા વગર દરેકને પોતાની શકિત — કે વૃત્તિ — પ્રમાણે શિખામણ લેવાની તક આપવા ઈસુ લોકોની આગળ દૃષ્ટાંતો દ્વારા બોલવાનું પસંદ કરતા.

"એક દિવસે ઈસુ ઘરમાંથી બહાર નીકળીને સરોવરને કાંઠે જઈને બેઠા. તેમની આસપાસ એટલા બધા લોકો ભેગા થઈ ગયા કે તેઓ એક હોડીમાં જઈને બેઠા અને બધા લોકો કાંઠા ઉપર ઊભા રહ્યા. તેમણે દૃષ્ટાંતો દ્વારા તેમને ઘણી વાતો સમજાવી. તેમણે કહ્યું, 'એક માણસ વાવવા ગયો. વાવતાં વાવતાં કેટલાંક બી પગથી પર પડયાં અને પંખીઓ આવીને તે ખાઈ ગયાં. કેટલાંક ખડકાળ જગ્યાએ પડયાં, જ્યાં માટી ઝાઝી નહોતી. અને ત્યાં માટી ઊંડી નહોતી એટલે એ બી એકદમ ઊગી નીકળ્યાં. પણ તડકો નીકળ્યો એટલે કરમાઈ ગયાં, અને મૂળ બાઝયાં નહોતાં એટલે સુકાઈ ગયાં. કેટલાંક બી ઝાંખરામાં પડયાં, અને ઝાંખરાં ફાલ્યાં એટલે તે રૂંધાઈ ગયાં. પણ કેટલાંક બી સારી જમીનમાં પડયાં અને તેને સારો પાક આવ્યો — કેટલાંકને સોગણો, કેટલાંકને સાઠગણો, કેટલાંકને ત્રીસગણો. જેને કાન હોય તે સાંભળે! ને હવે તમે વાવનારના દૃષ્ટાંતનો અર્થ સાંભળો. જ્યારે કોઈ ઈશ્વરના રાજ્યનો સંદેશ સાંભળે પણ સમજે નહિ, ત્યારે સેતાન આવીને, તેના હૃદયમાં જે વાવ્યું હોય છે તે ઝડપ મારીને લઈ જાય છે. પગથી ઉપર પડેલાં બી તે આ. પથરાળ જમીન ઉપર પડેલાં બી એટલે એવો માણસ, જે સંદેશ સાંભળતાં જ તેને તત્ક્ષણ આનંદથી વધાવી લે છે. પણ તેનામાં મૂળ બાઝેલાં હોતાં નથી એટલે તે બહુ ટકતો નથી; સંદેશને કારણે દુ:ખ કે સતામણી સહન કરવાની વેળા આવે છે ત્યારે તે તરત જ ખરી પડે છે. ઝાંખરાંમાં પડેલાં બી એટલે એવો માણસ, જે સંદેશ સાંભળે છે ખરો પણ સંસારની ચિંતાઓ અને ધનની માયા એ સંદેશને ગૂંગળાવી મારે છે, અને એ નિષ્ફળ જાય છે. સારી જમીનમાં પડેલું બી એટલે એવો માણસ, જે સંદેશ સાંભળે છે અને સમજે છે, અને જેના જીવનમાં પાક પણ બેસે છે — કોઈમાં સોગણો, કોઈમાં સાઠગણો, કોઈમાં ત્રીસગણો.'"[૧]

*

૧. માથ્થી ૧૩, ૧-૯, ૧૮-૨૩.

બીજું દૃષ્ટાંત :

"ઈશ્વરના રાજ્યને તો પેલી રાજાની વાત સાથે સરખાવી શકાય. તેણે પોતાના નોકરો સાથેના હિસાબ ચોખ્ખા કરવાનું નક્કી કર્યું. તેણે હિસાબ કરવાની શરૂઆત કરી ત્યાં જ તેની આગળ એક એવા માણસને રજૂ કરવામાં આવ્યો જેને લાખોનું દેવું હતું. દેવું વાળવાનું તેનું ગજું નહોતું એટલે રાજાએ તેને અને તેનાં બૈરીછોકરાંને તથા તેની બધી મતાને વેચીને દેવું વસૂલ લેવાનો હુકમ કર્યો. પેલો નોકર લાંબો થઈને પગે લાગ્યો અને બોલ્યો, 'જરા ખમી જાઓ, માબાપ, હું આપનું બધું દેવું ભરપાઈ કરીશ.' આથી માલિકને દયા આવી અને તેણે દેવું માફ કરી નોકરને જતો કર્યો. પણ બહાર નીકળતાં જ પેલા નોકરને એક સાથી નોકર મળ્યો જેની પાસે એનું થોડું લેણું હતું. એણે તેને ગળચીમાંથી પકડીને કહ્યું, 'મારું લેણું ચૂકતે કર.' પેલો નોકર પગે પડયો અને કાલાવાલા કરીને બોલ્યો, 'જરા ખમી જાઓ, હું તમારું દેવું ભરપાઈ કરીશ.' પણ તેણે માન્યું નહિ, અને જઈને દેવું વાળતાં સુધી તેને જેલમાં નંખાવ્યો. આ જોઈને બીજા નોકરોને બહુ દુ:ખ થયું અને તેમણે જઈને જે બન્યું હતું તે બધું પોતાના માલિકને કહી સંભળાવ્યું. રાજાએ પેલા નોકરને તેડાવી મંગાવીને કહ્યું, 'બદમાશ! તારી વિનંતીથી મેં તારું બધું દેવું માફ કર્યું. તો મેં જેમ તારા ઉપર દયા કરી તેમ તારે પણ તારા આ સાથી નોકર ઉપર દયા નહોતી કરવી જોઈતી?' અને માલિકે ગુસ્સે થઈને દેવું પૂરેપૂરું વાળતાં સુધી તેને રિબાવવાનો હુકમ કર્યો. જો તમે પણ પરસ્પર પૂરા દિલથી માફ નહિ કરો તો મારા પરમપિતા પણ તમારી સાથે આ જ પ્રમાણે વર્તશે."[૨]

આ દૃષ્ટાંત ઈસુએ પોતાના એક શિષ્યના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું. જિજ્ઞાસુને જ્ઞાન આપવા એ દૃષ્ટાંત ઉત્તમ સાધન હતું. અને એ જ રીતે ધર્મગુરુઓ સાથેના વિવાદમાં કે શાસ્ત્રાર્થમાં પણ સૌમ્ય ભાવે સત્યનું પ્રદર્શન કરવા ઈસુ દૃષ્ટાંતોનો ઉપયોગ કરતા.

*

એવો એક પ્રસંગ :

"એક શાસ્ત્રીએ આગળ આવીને ઈસુની પરીક્ષા કરી જોવા એવો પ્રશ્ન પૂછયો કે, 'ગુરુદેવ, શાશ્વત જીવન પ્રાપ્ત કરવા માટે મારે શું કરવું?' ઈસુએ કહ્યું, 'શાસ્ત્રમાં શું લખેલું છે? તું શું સમજ્યો છે?' પેલાએ જવાબ આપ્યો, 'તું તારા

૨. માથ્થી ૧૬, ૨૩-૩૫.

પ્રભુ પરમેશ્વર ઉપર તારા પૂરા હૃદયથી, તથા પૂરા જીવથી, તારી પૂરી શકિતથી અને તારા પૂરા મનથી પ્રેમ કરજે, અને તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખજે.' ઈસુએ તેને કહ્યું, 'તારો જવાબ સાચો છે. એ પ્રમાણે કર એટલે તને જીવન પ્રાપ્ત થશે.' પણ પોતાનો પ્રશ્ન ઉચિત છે એમ બતાવવા ઇચ્છતો હોઈ તેણે ઈસુને કહ્યું, 'પણ મારો બંધુ કોણ?' ત્યારે ઈસુએ જવાબ આપ્યો, 'એક માણસ યરુશાલેમથી યરીખો જતો હતો. એવામાં તે લૂંટારુઓના હાથમાં સપડાયો. તે લોકોએ તેનાં કપડાં ઉતારી લીધાં અને સારી પેઠે માર પણ માર્યો અને તેને અધમૂઓ મૂકીને પોતે ચાલતા થયા. હવે એવું બન્યું કે, એક પુરોહિત તે રસ્તે થઈને નીકળ્યો. પણ પેલાને જોઈને બીજી બાજુ થઈને ચાલ્યો ગયો. એ જ રીતે એક પંડિત પણ ત્યાં આવ્યો, અને તે પણ તેને જોઈને બીજી બાજુથી ચાલ્યો ગયો. પણ એક વિદેશી મુસાફર મુસાફરી કરતો કરતો તે ઠેકાણે આવી પહોંચ્યો અને પેલા માણસને જોઈને તેના દિલમાં દયા પ્રગટી. તેણે તેની પાસે જઈ તેના ઘા ઉપર તેલ અને દ્રાક્ષાસવ રેડીને પાટા બાંધ્યા અને પોતાના જાનવર ઉપર બેસાડીને તે તેને એક સરાઈમાં લઈ આવ્યો અને ત્યાં તેની સંભાળ લીધી. ઉપરાંત, બીજે દિવસે બે દીનાર કાઢીને તેણે સરાઈવાળાને આપ્યા અને કહ્યું, 'તમે એની સંભાળ રાખજો, અને તમે જે કંઈ વધારાનું ખર્ચ કરશો તે હું વળતાં તમને આપી દઈશ.' હવે, આ ત્રણમાંથી કોણ પેલા લૂંટારાના હાથમાં સપડાયેલા માણસનો બંધુ કહેવાય? તું શું ધારે છે?' પેલાએ જવાબ આપ્યો, 'જેણે તેના ઉપર દયા લાવીને સેવા કરી તે.' ત્યારે ઈસુએ તેને કહ્યું, 'તો જા, તું પણ એ પ્રમાણે કરજે.' "[3]

*

મુસાફરના દૃષ્ટાંતમાં દયા ને સેવાનો મહિમા, રાજાના દૃષ્ટાંતમાં ક્ષમાધર્મ, અને વાવેતરના દૃષ્ટાંતમાં માનવીની અંગત જવાબદારી સમજાવ્યાં છે. આમ ઈસુ જરૂર પ્રમાણે અને પ્રસંગ પ્રમાણે સૌને જ્ઞાન આપતા, અને કોઈ વાર કાર્યો દ્વારા, કોઈ વાર દૃષ્ટાંતો દ્વારા, તો કોઈ વાર સીધા બોધ દ્વારા પોતાનો ઉપદેશ આપતા રહ્યા.

૩. લૂક ૧૦, ૨૫-૩૭.

# સંઘર્ષ

શાસ્ત્રી સાથેના ઉપરના પ્રસંગમાં સંઘર્ષના ભણકારા સંભળાય છે. પોતાની પરોપકારી પ્રવૃત્તિઓને લીધે ઈસુ શાસક વર્ગ અને રૂઢિચુસ્ત ધર્મગુરુઓની અડફટમાં વહેલા આવ્યા હતા.

યરુશાલેમ શહેરમાં યહૂદીઓનું પવિત્ર મંદિર હતું. દેશદેશના ભકતો એમાં દર્શને આવતા અને પ્રાર્થનામાં ને વિધિઓમાં ભાગ લેતા. એમને પૂજન-સામગ્રી પૂરી પાડવા અને મંદિરનો કર ભરવા જે ખાસ ચલણની જરૂર હતી એની હૂંડીઓ વટાવવા ફેરિયાઓ ને શાહુકારો ત્યાં છૂટથી ફરતા. એ વેપાર ચલાવવા લારીઓ ને ગલ્લાઓ સાથે જ મંદિરની અંદર આવવા ધર્મગુરુઓએ એમને પરવાનગી આપી હતી, એટલું જ નહિ પણ એ વેપારનો ઈજારો પણ એમને આપ્યો હતો — બદલામાં પોતાનો સ્વાર્થ સાધીને. પરિણામે ભાવુક યાત્રાળુઓનું શોષણ થતું, મંદિરમાં શોરબકોર ને ધાંધલ મચતાં, અને ધર્મસ્થાનની પવિત્રતા નષ્ટ થતી. એ સંજોગોમાં ઈસુ યરુશાલેમમાં ગયા. "ત્યાં મંદિરમાં તેમણે બળદના, ઘેટાંના અને કબૂતરના વેપારીઓને અને શરાફોને બેઠેલા જોયા. ઈસુએ દોરડીઓનો ચાબખો બનાવીને તે બધાને ઢોર અને ઘેટાં સાથે મંદિરમાંથી હાંકી કાઢયા અને શરાફોના સિક્કા વેરી નાખ્યા અને તેમના ગલ્લા ઉથલાવી પાડયા. પછી તેમણે કબૂતર વેચનારાઓને કહ્યું, 'આ બધું હઠાવી લો અહીંથી. મારા પિતાના ઘરને તમારે બજાર નથી બનાવી મૂકવાનું.' તેમના શિષ્યોને શાસ્ત્રનાં વચનો સાંભરી આવ્યાં, 'તારા ઘર માટેની ધગશ મને ખલાસ કરી નાખશે.'"[૧]

*

એ પ્રસંગે ધર્મગુરુઓની સાથે ઉગ્ર ચર્ચા થઈ હતી, અને એમના લોભ ને ઢોંગ ખુલ્લા પડતાં તેઓ ઈસુના કટ્ટુ દુશ્મન બન્યા. ઈસુનો સામનો કરવા ને એમને કાબૂમાં લેવા તેઓ પ્રયત્ન કરવા લાગ્યા, પણ ઈસુ આમ જનતામાં ખૂબ લોકપ્રિય હતા એટલે તેઓ ફાવી ન શકયા. એ જોઈને ઈસુની લોકપ્રિયતા તોડવા એમણે કાવતરું રચ્યું. ઈસુ દયાનો ઉપદેશ આપતા અને પતિતોનો બચાવ કરતા એ જાણીને તેઓ એક દિવસ એક પતિત સ્ત્રીને એમની આગળ લાવ્યા. એ લોકોના કાયદા-કાનૂનમાં એવી સ્ત્રીને પથ્થરો મારીને મારી નાખવાની આજ્ઞા હતી. એ પ્રમાણે ઈસુ

૧. યોહાન ૨, ૧૪-૧૭.

કરવાનું કહે તો એમની દયા ને લોકપ્રિયતાનો અંત આવે, અને એમ ન કરવાનું કહે તો કાયદાનો ભંગ કરવાનો આરોપ એમનાં ઉપર મૂકી શકાય — એ દુષ્ટ દાનતે એમણે ઈસુની આગળ એ કાયદો — ને એ અભાગી બાઈને — રજૂ કર્યાં. આખો પ્રસંગ બોધક છે.

“સવારના પહોરમાં ઈસુ ફરી મંદિરમાં આવ્યા, અને બધા લોકો તેમની પાસે ભેગા થવા લાગ્યા, એટલે તેમણે બેસીને તેમને ઉપદેશ આપવા માંડયો. એવામાં શાસ્ત્રીઓ અને ધર્મગુરુઓ વ્યભિચાર કરતાં પકડાયેલી એક બાઈને તેમની પાસે લઈ આવ્યા અને તેને વચમાં ઊભી રાખીને તેઓએ તેમને કહ્યું, ‘ગુરુજી, આ બાઈ પ્રત્યક્ષ વ્યભિચાર કરતાં પકડાઈ છે. હવે, શાસ્ત્રમાં મૂસાએ આપણને એવી બાઈને પથ્થરે પથ્થરે મારી નાખવાનું ફરમાવેલું છે. તો આપ શું કહો છો?’ આમ કહેવામાં તેમનો હેતુ એમને ફસાવીને એમના ઉપર આરોપ મૂકવાને કંઈ બહાનું મેળવવાનો હતો. પણ ઈસુ તો નીચા વળીને આંગળી વતી ભોંય ઉપર લખવા લાગ્યા. છતાં પેલા લોકોએ પ્રશ્ન પૂછવાનું ચાલુ રાખ્યું એટલે ઈસુએ ટટાર થઈને તેમને કહ્યું, ‘તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથરો મારે.’ અને ફરી તેઓ નીચા વળીને આંગળી વડે ભોંય ઉપર લખવા લાગ્યા. એ સાંભળીને મોટાથી માંડીને સૌ એક પછી એક ચાલ્યા ગયા અને ઈસુ એકલા જ રહ્યા. પેલી બાઈ તેમની સામે ઊભી હતી. ઈસુએ ફરી ટટાર થઈને તે બાઈને કહ્યું, ‘બહેન, તે લોકો કયાં છે? કોઈએ તને સજા ન કરી?’ બાઈએ કહ્યું, ‘કોઈએ નહિ, પ્રભુ.’ ત્યારે ઈસુએ કહ્યું, ‘હું પણ તને સજા નથી કરતો. જા, હવેથી પાપ કરીશ નહિ.’”[૨]

*

ઈસુની દયા ને કરુણા તો દીપી ઊઠયાં, પણ અદેખિયાઓનો દ્વેષ ઓછો ન થયો. હવે પેલેસ્ટાઈન દેશ એ અરસામાં રોમન સામ્રાજ્યની સરહદમાં હતું, અને એના નાગરિકો રોમન બાદશાહને કર ચૂકવવા બંધાયેલા હતા. એ પરદેશી જુલમ લોકોને ઘણો સાલતો, માટે એ પરિસ્થિતિનો લાભ લઈને ધર્મગુરુઓએ ઈસુની કસોટી કરવા યુક્તિ કરી. એમ તો પતિત સ્ત્રીના પ્રસંગમાં આ ખ્યાલ પણ હતો, કારણ કે પરદેશી શાસન દરમિયાન મૃત્યુદંડ ફરમાવવાનો અધિકાર રોમન સૂબાની જ પાસે હતો, માટે ઈસુએ એ લોકોની દેશી પ્રણાલિકા મુજબ સ્ત્રીને એવી સજા ફરમાવી હોત તો પાછા રોમન અધિકારીની આગળ એમને ઘસડી લાવત. પણ ઈસુ એ વખતે તો બચ્યા હતા, એટલે એ લોકોએ બીજો પ્રસંગ ગોઠવ્યો. એમણે “ઈસુને દલીલની

૨. યોહાન ૮, ૨-૧૧.

જાળમાં શી રીતે ફસાવવા એ વિશે મસલત કરી. હેરોદ રાજાના મળતિયાઓ સાથે પોતાના કેટલાક શિષ્યોને તેમણે ઈસું પાસે મોકલ્યા. તેમણે આવીને કહ્યું, 'ગુરુદેવ, અમે જાણીએ છીએ કે આપ સત્યવાદી છો, અને સત્યને વળગી રહીને ઈશ્વરનો માર્ગ પ્રબોધો છો; આપને કોઈની શેહશરમ નથી, કારણ, આપ મોઢું જોઈને ચાલ્લો કરતા નથી. એટલે આપ અમને કહો કે આપ શું માનો છો?—રોમન બાદશાહને કર આપવાની શાસ્ત્રમાં છૂટ છે કે નહીં?' પણ ઈસુએ એમની દુષ્ટતા પામી જઈને કહ્યું, 'ઓ દાંભિકો! તમે મારી પરીક્ષા શું કરવા કરો છો? કર ભરવાનું નાણું મને બતાવો.' તે લોકોએ તેમને એક દીનાર આપ્યો. એટલે તેમણે કહ્યું, 'આ કોની છાપ છે, અને આ કોનું નામ લખેલું છે? તે લોકોએ કહ્યું, 'રોમન બાદશાહનું.' ત્યારે ઈસુએ તેમને કહ્યું, 'તો જે બાદશાહનું છે તે બાદશાહને આપો, અને જે ઈશ્વરનું છે તે ઈશ્વરને આપો.' આ સાંભળીને તે લોકો તો આભા જ થઈ ગયા, અને તેમની આગળથી ચાલ્યા ગયા."[૩]

ઈસુની સમયસૂચકતા કામ લાગી, અને લોકો તો રાજી થયા—પણ પેલા ધર્મગુરુઓના મનમાં બીજી જાતના વિચારો ચાલવા લાગ્યા.

થોડા દિવસ પહેલાં યરુશાલેમની પાસે આવેલા એક ગામમાં બનેલા એક બનાવે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યાં લાઝરસ નામના એક પ્રતિષ્ઠિત નાગરિક ને ઈસુના મિત્ર રહેતા હતા તેનું અવસાન થયું હતું, અને ચાર દિવસ પછી ઈસુ ત્યાં આવ્યા ત્યારે પથ્થરની કબરમાંથી એને કઢાવીને એમણે એને ફરી સજીવન કર્યો હતો. પછી "ઈસુએ જે કર્યું હતું તે જોઈને ઘણાની તેમના ઉપર શ્રદ્ધા બેઠી. પણ તેઓમાંના કેટલાકે ધર્મગુરુઓ પાસે જઈને ઈસુએ જે કર્યું હતું તેની તેમને જાણ કરી. આ ઉપરથી મુખ્ય પુરોહિતોએ અને ધર્મગુરુઓએ વરિષ્ઠસભા બોલાવી અને કહ્યું, 'આપણે કરીએ છીએ શું? કારણ, આ માણસ તો પુષ્કળ ચમત્કારો કરે છે. આપણે જો એને ફાવે તેમ કરવા દઈશું તો બધા જ લોકો એના ઉપર શ્રદ્ધા રાખતા થઈ જશે.' એટલે તે દિવસથી એ લોકોએ ઈસુને મારી નાખવાનો નિર્ણય કર્યો."[૪]

*

બીજી તરફ લોકોમાં ઈસુ માટેનો ઉત્સાહ વધતો જતો હતો. એક રવિવારે (ઈસુના જીવનના છેલ્લા રવિવારે) ઈસુ યરુશાલેમ આવતા હતા એની ખબર

૩. માથ્થી ૨૨, ૧૫-૨૨.
૪. યોહાન ૧૧, ૪૫-૪૮, ૫૩.

લોકોમાં ફેલાઈ એટલે મોટી સંખ્યામાં ભેગા થઈને તેમનું સામૈયું કરવા ગયા. ઈસુનો શહેરમાં વિજયવંત પ્રવેશ થયો. એમની આગળ લોકો પોતાનાં લુગડાં પાથરતા, ગીતો ગાતા, ઈસુનાં દર્શન કરીને કૃતાર્થ થતા. આખા શહેરમાં તેઓએ જયકાર મચાવ્યો, "પ્રભુને નામે જે આવે છે તેનો જય હો!" "ટોળામાંથી કેટલાક ધર્મગુરુઓએ ઈસુને કહ્યું, 'તમારા શિષ્યોને રોકો.' ઈસુએ જવાબ આપ્યો, 'હું તમને કહું છું કે, એ લોકો શાંત થઈ જશે તો પથ્થરો પુકારી ઊઠશે.'"

બે જ દિવસ પછી ઈસુએ લોકોને ચેતવણી આપીને નીડરપણે કહ્યું, "શાસ્ત્રીઓ અને ધર્મગુરુઓ મૂસાના આસન ઉપર બેઠા છે એટલે એ લોકો કહે તે પ્રમાણે તમે કરજો અને ચાલજો, પણ એ લોકો કરે તે પ્રમાણે કરશો નહિ, કારણ, એ લોકો કહે છે કંઈ અને કરે છે કંઈ. તેઓ તો કમર તોડી નાખે એવા બોજાની ગાંસડીઓ બાંધી બીજાની ખાંધ ઉપર લાદે છે; પણ એ ઉઠાવવા માટે પોતે એક આંગળી સુધ્ધાં હલાવવા તૈયાર નથી. તેઓ જે કાંઈ કરે છે તે દેખાડા માટે કરે છે. તેઓ પ્રાર્થનાપત્રોનાં તાવીજો મોટાં રાખે છે અને વસ્ત્રોની ઝૂલ પણ મોટી રાખે છે; ભોજનસમારંભોમાં મુખ્ય સ્થાન અને સભાગૃહોમાં આગલી બેઠક તેમને ગમે છે. રસ્તેઘાટે લોકો વંદન કરે અને, 'ગુરુજી, ગુરુજી' કહે એવું તેઓ ઇચ્છે છે." અને પછી એમને ઉદ્દેશીને એમની સામે સીધી ફરિયાદ કરી: "તમે ઈશ્વરના રાજ્યનાં દ્વાર લોકોને માટે બંધ કરો છો; તમે નથી જાતે એમાં દાખલ થતા કે નથી અંદર જનારને દાખલ થવા દેતા!"૫

ઈસુ નમ્ર ને સૌમ્ય સ્વભાવના હતા, પરંતુ પ્રજાનું શોષણ અને ધર્મની ભ્રષ્ટતા જોઈને તેમનું હૈયું કકળી ઊઠતું. પતિતને માટે એમના હૃદયમાં દયાના અખૂટ ભંડાર હતા, પણ અભિમાની, ઢોંગી, રીઢા સ્વાર્થસાધુઓને માટે એમનો પુણ્યપ્રકોપ હતો. એ ધર્મના સંગ્રામમાં એમનું જીવન હોમાયું. "તારા ઘર માટેની ધગશ મને ખલાસ કરી નાખશે" એ શાસ્ત્રવચન હવે સાચું પડવાની તૈયારીમાં હતું.

૫. માથ્થી ૨૩, ૨-૭, ૧૩-૧૪.

# વિદાય

ઈસુનાં સૌથી યાદગાર વચનો એમના મરણ પહેલાંની રાત્રીએ પોતાના શિષ્યોની આગળ એમણે ઉચ્ચારેલાં વિદાયવચનો છે. મૃત્યુની આગાહી, વિયોગની વેદના, અને લાગણીનો ઊભરો — ત્રણે લઈને ઈસુ એ રાત્રે દિલ ને મન ખોલીને બોલતા હતા, અને એમને એમ બોલતા સાંભળીને એમના શિષ્યો બોલી ઊઠયા: "વાહ, હવે આપ કેવું સ્પષ્ટ બોલો છો! અને રૂપક વાપરતા નથી! હવે અમને ખાતરી થઈ કે, આપ બધું જાણો છો, અને કોઈએ આપને પ્રશ્ન પૂછવાની જરૂર નથી. આ ઉપરથી અમને વિશ્વાસ બેસે છે કે આપ ઈશ્વર તરફથી આવેલા છો."[૧]

'ગિરિપ્રવચન'માં ઈસુએ પોતાના ઉપદેશનો પાયો નાખ્યો હતો. નીતિનો માર્ગ, ધર્મનો મહિમા, અને શ્રદ્ધાનો વિજય એમણે સરળ શબ્દોમાં સમજાવ્યા હતા. પછી એમના જાહેર જીવન દરમિયાન દૃષ્ટાંતો ને ચર્ચાઓ ને સંવાદ દ્વારા એ મૂળ સત્ય ઉપર વધારે પ્રકાશ પાડતા રહ્યા. અને હવે આ અંતિમ વચનોમાં એ ઉપદેશનું હાર્દ ને રહસ્ય સ્પષ્ટ ને સમર્થ શબ્દોમાં શિષ્યોની આગળ વ્યકત કરે છે.

*

અને પ્રથમ તો પ્રેમનો આગ્રહ: "તમને હું એક નવી આજ્ઞા આપું છું: પરસ્પર પ્રેમ રાખજો. મેં જેમ તમારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ તમારે પરસ્પર પ્રેમ રાખવાનો છે. તમે મારા શિષ્યો છો એમ લોકો તો જ જાણશે, જો તમે પરસ્પર પ્રેમ રાખતા હશો."[૨]

પછી પોતે જશે ત્યારે એમનું કામ પૂરું કરવા પિતા તરફથી આવનાર નવા બેલી ને સત્યસ્વરૂપ આત્માનો પરિચય ઈસુ શિષ્યોને કરાવે છે: "તમને જો મારા ઉપર પ્રેમ હશે તો મારી આજ્ઞાઓનું પાલન કરશો; હું પિતાને વિનંતી કરીશ અને તે સતત તમારી પડખે રહેવા માટે બીજા બેલીને, એટલે કે સત્યસ્વરૂપ પવિત્ર આત્માને મોકલશે. કોઈ જો મારા ઉપર પ્રેમ રાખતો હશે તો તે મારા કહ્યા પ્રમાણે ચાલશે, અને મારા પિતા તેના ઉપર પ્રેમ રાખશે, અને અમે તેની પાસે આવીશું અને તેના અંતરમાં વાસ કરીને રહીશું; પણ જે મારા ઉપર પ્રેમ રાખતો નથી તે મારું કહ્યું કરતો

૧. યોહાન ૧૬, ૨૯-૩૦.
૨. યોહાન ૧૩, ૩૪-૩૫.

નથી. જે વચન તમે સાંભળો છો તે મારાં નથી, પણ મને મોકલનાર પિતાનાં છે. હજી હું તમારી સાથે છું ત્યાં જ મેં તમને આ કહી દીધું; પણ તમારો બેલી, એટલે કે પવિત્ર આત્મા, જેને મારા પિતા મારે નામે મોકલવાના છે, તે તમને બધું સમજાવશે, અને મેં તમને જે કંઈ કહ્યું છે તે બધાની યાદ આપશે. હું તમને હજી ઘણું ઘણું કહી શકું એમ છું, પણ હવે તમારાથી એ બોજો નહિ વેઠાય. પણ જ્યારે તે સત્યસ્વરૂપ આત્મા આવશે ત્યારે તે તમને સમગ્ર સત્યને માર્ગે દોરી જશે."[3]

*

પિતા, ઈસુ, અને શિષ્યોનો સંબંધ સમજાવવા ઈસુ એક સુંદર ઉપમા આપે છે:

"હું સાચો દ્રાક્ષનો વેલો છું, અને મારા પિતા માળી છે. ફળ ન આપનારી મારી એકેએક ડાળી તે કાપી નાખે છે, અને ફળ આપનારી એકેએક ડાળીને તે છાટે છે, જેથી તેને વધારે ફળ આવે. મેં તમને જે ઉપદેશ આપ્યો છે તેનાથી તમારી છટણી થઈ જ ગયેલી છે. તમે મારામાં વસો અને હું તમારામાં. કોઈ ડાળી વેલાથી અલગ થઈને પોતે ફળ આપી શકતી નથી, તેમ તમે પણ મારામાં ન વસો તો કશું કરી શકો એમ નથી. હું વેલો છું અને તમે ડાળીઓ છો; જે મારામાં વસે છે અને જેનામાં હું વસું છું તે જ પુષ્કળ ફળ આપી શકે છે; કારણ, મારા વગર તમે કશું કરી શકો એમ નથી. મારામાં જે વસતો નથી તે ડાળીની જેમ ફેંકાઈ ગયો અને સુકાઈ ગયો જાણવો; લોકો એવી ડાળીઓને ભેગી કરીને ચૂલામાં બાળી મૂકે છે. તમે જો મારામાં વસો અને મારાં વચનો જો તમારા અંતરમાં વસે તો તમે દિલ ચાહે તે માગશો તોય તે મળી રહેશે. તમે પુષ્કળ ફળ આપો, અને એ રીતે મારા શિષ્ય પુરવાર થાઓ, એમાં મારા પિતાનો મહિમા છે. પિતાએ જેમ મારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ મેં તમારા ઉપર પ્રેમ રાખ્યો છે. મારા પ્રેમની છાયામાં તમારો વાસ રહો."[4]

ને હવે વિદાયનું દુ:ખ — ને નવા મિલનની આશા. "થોડી વારમાં તમે મને જોતા બંધ થઈ જશો; અને ફરી થોડી વારમાં તમને મારાં દર્શન થશે. હું તમને સાચોસાચ કહું છું કે, તમે રોતા અને વિલાપ કરતા હશો પણ સંસાર હરખાતો હશે; તમે શોકમાં ડૂબી જશો પણ તમારો શોક આનંદમાં પલટાઈ જશે. પ્રસૂતિ વખતે સ્ત્રીને વેદના થાય છે, કારણ, તેની ઘડી ભરાઈ ગઈ હોય છે; પણ બાળકને જન્મ

૩. યોહાન ૧૪, ૧૫-૧૭, ૨૩-૨૬; ૧૬, ૧૨-૧૩.
૪. યોહાન ૧૫, ૧-૯.

નથી. જે વચન તમે સાંભળો છો તે મારાં નથી, પણ મને મોકલનાર પિતાનાં છે. હજી હું તમારી સાથે છું ત્યાં જ મેં તમને આ કહી દીધું; પણ તમારો બેલી, એટલે કે પવિત્ર આત્મા, જેને મારા પિતા મારે નામે મોકલવાના છે, તે તમને બધું સમજાવશે, અને મેં તમને જે કંઈ કહ્યું છે તે બધાની યાદ આપશે. હું તમને હજી ઘણું ઘણું કહી શકું એમ છું, પણ હવે તમારાથી એ બોજો નહિ વેઠાય. પણ જ્યારે તે સત્યસ્વરૂપ આત્મા આવશે ત્યારે તે તમને સમગ્ર સત્યને માર્ગે દોરી જશે."[૩]

*

પિતા, ઈસુ, અને શિષ્યોનો સંબંધ સમજાવવા ઈસુ એક સુંદર ઉપમા આપે છે:

"હું સાચો દ્રાક્ષનો વેલો છું, અને મારા પિતા માળી છે. ફળ ન આપનારી મારી એકેએક ડાળી તે કાપી નાખે છે, અને ફળ આપનારી એકેએક ડાળીને તે છાટે છે, જેથી તેને વધારે ફળ આવે. મેં તમને જે ઉપદેશ આપ્યો છે તેનાથી તમારી છટણી થઈ જ ગયેલી છે. તમે મારામાં વસો અને હું તમારામાં. કોઈ ડાળી વેલાથી અલગ થઈને પોતે ફળ આપી શકતી નથી, તેમ તમે પણ મારામાં ન વસો તો કશું કરી શકો એમ નથી. હું વેલો છું અને તમે ડાળીઓ છો; જે મારામાં વસે છે અને જેનામાં હું વસું છું તે જ પુષ્કળ ફળ આપી શકે છે; કારણ, મારા વગર તમે કશું કરી શકો એમ નથી. મારામાં જે વસતો નથી તે ડાળીની જેમ ફેંકાઈ ગયો અને સુકાઈ ગયો જાણવો; લોકો એવી ડાળીઓને ભેગી કરીને ચૂલામાં બાળી મૂકે છે. તમે જો મારામાં વસો અને મારાં વચનો જો તમારા અંતરમાં વસે તો તમે દિલ ચાહે તે માગશો તોય તે મળી રહેશે. તમે પુષ્કળ ફળ આપો, અને એ રીતે મારા શિષ્ય પુરવાર થાઓ, એમાં મારા પિતાનો મહિમા છે. પિતાએ જેમ મારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ મેં તમારા ઉપર પ્રેમ રાખ્યો છે. મારા પ્રેમની છાયામાં તમારો વાસ રહો."[૪]

ને હવે વિદાયનું દુઃખ — ને નવા મિલનની આશા. "થોડી વારમાં તમે મને જોતા બંધ થઈ જશો; અને ફરી થોડી વારમાં તમને મારાં દર્શન થશે. હું તમને સાચોસાચ કહું છું કે, તમે રોતા અને વિલાપ કરતા હશો પણ સંસાર હરખાતો હશે; તમે શોકમાં ડૂબી જશો પણ તમારો શોક આનંદમાં પલટાઈ જશે. પ્રસૂતિ વખતે સ્ત્રીને વેદના થાય છે, કારણ, તેની ઘડી ભરાઈ ગઈ હોય છે; પણ બાળકને જન્મ

૩. યોહાન ૧૪, ૧૫-૧૭, ૨૩-૨૬; ૧૬, ૧૨-૧૩.
૪. યોહાન ૧૫, ૧-૯.

આપ્યા પછી જગતમાં એક બાળક જન્મ્યું તેના આનંદમાં તે વેદના ભૂલી જાય છે. તે જ પ્રમાણે, અત્યારે તમે શોક અનુભવો છો; પણ મારી દૃષ્ટિ ફરી તમારા ઉપર પડશે અને તમારું હૈયું હરખાઈ ઊઠશે, અને તમારો હરખ કોઈ લૂંટી નહિ શકે. એ દિવસ આવશે ત્યારે તમે મને કશું જ નહિ પૂછો. હું તમને સાચોસાચ કહું છું કે, તમે પિતા પાસે મારે નામે જે કંઈ માગશો તે તે તમને આપશે. અત્યાર સુધી તમે મારે નામે કશું જ માગ્યું નથી; માગો એટલે તમને મળશે, અને તમારો હર્ષ પરાકાષ્ઠાએ પહોંચશે."[૫]

*

છેલ્લે ઈસુએ આ લાંબાં વચનોને અંતે પોતાના પિતાને ઉદ્દેશીને "આકાશ તરફ નજર કરીને" હૃદયસ્પર્શી પ્રાર્થના કરી: "હે પિતા, ઘડી આવી પહોંચી છે. તેં જે કામ સોંપ્યું હતું તે પૂરું કરીને મેં પૃથ્વીમાં તારો મહિમા કર્યો છે. જગતમાંથી જે માણસોને તેં મને સોંપ્યા હતા તેમને મેં તારું સ્વરૂપ સમજાવ્યું છે. તેઓ તારા જ હતા અને તેં જ તેમને મને સોંપ્યા હતા, અને તેમણે તારો સંદેશો માથે ચડાવ્યો છે. હવે એમને ખરેખર ખાતરી થઈ છે કે, હું તારી પાસેથી આવ્યો છું. હે પાવક પિતા, જેમને તેં મને સોંપ્યા છે તેમનું તારા નામને પ્રતાપે રક્ષણ કર, જેથી આપણે જેવા એકરૂપ છીએ તેવા તેઓ પણ એકરૂપ થાય. હવે હું તારી પાસે આવું છું, અને આ જગત છોડયા પહેલાં આ વચનો ઉચ્ચારું છું, જેથી એ લોકો મારો આનંદ પૂર્ણપણે પોતાના અંતરમાં અનુભવી શકે. એમને ખાતર હું મારું જીવન સમર્પણ કરું છું, જેથી તેઓ પણ સત્યની દીક્ષા પામે. હું કેવળ એમને માટે જ પ્રાર્થના કરું છું એમ નથી, પણ જેઓ એમના ઉપદેશ દ્વારા મારામાં વિશ્વાસ મૂકનાર છે તેમને માટે પણ હું પ્રાર્થના કરું છું, કે તેઓ બધા એકરૂપ થાય. જેમ તું, પિતા, મારામાં વસે છે અને હું તારામાં વસું છું, તેમ તેઓ પણ આપણામાં વસે, જેથી જગતને ખાતરી થાય કે તેં જ મને મોકલ્યો છે. હજી હું તારું સ્વરૂપ સમજાવતો રહીશ, જેથી મારા પ્રત્યેના તારા પ્રેમમાં તેઓ પણ સહભાગી બને, અને હું એમનામાં વસું."[૬]

એ આર્દ્ર પ્રાર્થના કરીને ઈસુ ત્યાંથી ઊઠયા અને મોતને ભેટવા ગયા.

૫. યોહાન ૧૬, ૧૬, ૨૦-૨૪.
૬. યોહાન ૧૭, ૧, ૪, ૬, ૮, ૧૧, ૧૩, ૧૯-૨૧, ૨૬.

# બલિદાન

પોતાના જીવનની છેલ્લી રાત ઈસુએ પ્રાર્થનામાં ગાળી — બીજી અનેક રાત એમણે પ્રાર્થનામાં ગાળી હતી તેમ. પણ આ પ્રસંગ તો વિશેષ હતો. મોતની આગળ દેહ કંપતો હતો, મન ઉપર ગ્લાનિ હતી. "ઈસુએ શિષ્યોને કહ્યું, 'મને એટલો બધો શોક થાય છે કે જાણે પ્રાણ ચાલ્યા જશે. તમે અહીં રોકાઓ અને મારી સાથે જાગતા રહો.' પછી થોડે આગળ જઈને, ઊંધે મોઢે પડીને, તેમણે પ્રાર્થના કરી, 'હે મારા પિતા, શકય હોય તો આ પ્યાલાને (કસોટીને) મારી આગળથી જવા દો. તેમ છતાં, મારી નહિ તમારી જ ઇચ્છા પૂર્ણ થાઓ.' પછી શિષ્યોની પાસે આવીને જુએ છે તો તેઓ ઊંઘી ગયા હતા. તેમણે પીતરને કહ્યું, 'તમારાથી એક કલાક પણ મારી સાથે જાગતા ન રહેવાયું? જાગતા રહો અને પ્રાર્થના કરો કે તમે કસોટીમાંથી પાર ઊતરો. આત્મા તો તૈયાર છે, પણ દેહ દૂબળો છે.' તેમણે ફરી બીજી વાર જઈને પ્રાર્થના કરી, 'હે મારા પિતા, જો આ પ્યાલો મારા પીધા સિવાય ખસે એમ જ ન હોય તો પછી તમારી ઇચ્છા પૂર્ણ થાઓ.' તેમણે પાછા આવીને જોયું તો શિષ્યો ફરી ઊંઘી ગયા હતા; કારણ, તેમની આંખો ભારે થઈ ગઈ હતી. એટલે ઈસુ તેમને મૂકીને ફરી ચાલ્યા ગયા અને તેમણે પહેલાંના જ શબ્દોમાં ત્રીજી વાર પ્રાર્થના કરી. પછી પોતાના શિષ્યો પાસે આવીને તેમણે કહ્યું, 'હજીયે ઊંઘો છો? હજીયે આરામ કરો છો? જુઓ, ઘડી ભરાઈ ચૂકી છે. પેલો મને પકડાવનાર આવી પહોંચ્યો.'"[૧]

ઈસુ એ જગ્યાએ રાત્રે પ્રાર્થના કરવા જતા એવી બાતમી એમના એક શિષ્યે થોડા પૈસાના બદલામાં પુરોહિતોને આપી હતી, અને તે પોતે સૈનિકો ને ગુંડાઓનું ટોળું લઈને ત્યાં ગયો. અંધારામાં અને એકાંતમાં ઈસુને પકડવામાં સલામતી હતી એ ધારણા હતી. ઈસુનો એક વફાદાર શિષ્ય આ જોઈને તલવાર કાઢી લડવા તૈયાર થયો, પણ ઈસુએ એને રોકયો. શિષ્યોને સહીસલામત જવા દેવાની એમણે વિનંતી કરી — કે આજ્ઞા કરી — અને પોતે એ લોકોને તાબે થયા. એમની ઘડી ખરેખર આવી પહોંચી હતી.

ધર્મગુરુઓની સભામાં મૃત્યુદંડનો નિર્ણય તો તરત લેવાયો — ને ઈસુનું હડહડતું અપમાન પણ કરાયું. પણ પ્રશ્ન હવે રોમન સૂબેદાર પિલાતની પાસે એ

૧. માથ્થી ૨૬, ૩૮-૪૬.

સજા મંજુર કરાવવાનો હતો. એ માટે યુકિત પર યુકિત અજમાવવામાં આવી.

*

"તેઓ ઈસુને ત્યાંથી રાજભવનમાં લઈ ગયા. પરોઢ થઈ ગયું હતું. એ લોકો પોતે રાજભવનમાં દાખલ ન થયા, જેથી પોતે અભડાય નહિ અને પાસ્ખાનું (પર્વનું) ભોજન લઈ શકે. આથી પિલાત તેમને મળવા બહાર ગયો, અને બોલ્યો, 'આ માણસ સામે તમારો શો આરોપ છે?' તેઓએ જવાબ આપ્યો, 'એ જો ગુનેગાર ન હોત તો અમે એને તમારી સમક્ષ ખડો કર્યો ન હોત." પિલાતે કહ્યું, 'તો તમે જ એને લઈ જાઓ, અને તમારા શાસ્ત્ર પ્રમાણે એનો ન્યાય કરો.' યહૂદીઓએ કહ્યું, 'અમને કોઈને મૃત્યુદંડ દેવાની છૂટ નથી.'"[૨]

મોઘમ સામાન્ય આરોપથી કામ ન ચાલ્યું એટલે પિલાતના ગળે ઊતરી શકે એવા રાજકીય આરોપ ઉપર આવ્યા: "'અમને માલૂમ પડ્યું છે કે, આ માણસ અમારી પ્રજાને બળવો કરવા પ્રેરે છે, બાદશાહને કર આપવાની લોકોને મના કરે છે, અને પોતે ખ્રિસ્ત છે, રાજા છે, એમ કહેવડાવે છે.' ત્યારે પિલાતે રાજભવનમાં પાછા જઈને ઈસુને બોલાવીને કહ્યું, 'તું યહૂદીઓનો રાજા છે?' ઈસુએ જવાબ આપ્યો, 'મારું રાજ્ય આ દુનિયાનું નથી. તેમ જો હોત તો તો મારા સેવકો મને યહૂદીઓના હાથમાં પડતો અટકાવવા લડયા હોત. પણ મારું રાજ્ય આ દુનિયાનું છે જ નહિ.' પિલાતે તેમને કહ્યું, 'એટલે તું રાજા તો છે, એમ ને?' ઈસુએ કહ્યું, 'તમે સાચું કહો છો, હું રાજા છું. હું જન્મ્યો છું જ એટલા માટે, અને જગતમાં આવ્યો છું જ એટલા માટે કે સત્યની સાક્ષી પૂરું. જે કોઈ સત્યપરાયણ છે તે મારી વાત સાંભળે છે.' પિલાતે તેમને કહ્યું, 'સત્ય વળી શું?' એટલું કહીને તે ફરી પાછો બહાર યહૂદીઓ પાસે ગયો અને બોલ્યો, 'મને આ માણસમાં કંઈ દોષ દેખાતો નથી.'"[૩]

*

પિલાતને ખાતરી થઈ હતી કે ઈસુ નિર્દોષ હતા, પણ સાથે સાથે તે એ લોકોથી ડરતો હતો એટલે એણે કુનેહથી કામ લેવા માંડયું. ઈસુ ગાલીલના પ્રાંતના હતા અને એ પ્રદેશના રાજા હેરોદ એ દિવસે યરુશાલેમમાં હતા, એટલે પિલાતે ઈસુને એની પાસે મોકલ્યા. પણ હેરોદે કોઈ નિર્ણય લીધો નહિ, અને મામલો પાછો પિલાતના હાથમાં આવ્યો. પછી એણે બીજો તોડ કાઢયો. "મુખ્ય પુરોહિતો,

૨. યોહાન ૧૮, ૨૮-૩૧.
૩. યોહાન ૧૮, ૩૩-૩૮.

મુખ્ય આગેવાનો અને લોકોને બોલાવીને પિલાતે તેમને કહ્યું, 'તમે આ માણસ લોકોને ઉશ્કેરે છે એવો આરોપ મૂકીને એને મારી આગળ લઈ આવ્યા હતા. પણ તમારા દેખતાં મેં એને તપાસ્યો તો તમે એની સામે જે ગુનાનો આરોપ મૂક્યો છે તેમાંનું કશું મને મળ્યું નથી; તેમ હેરોદને પણ કંઈ મળ્યું નથી; એટલે તેણે એને પાછો અમારી પાસે મોકલી આપ્યો છે. તમે જુઓ છો કે મૃત્યુની સજાને પાત્ર થવા જેવું એણે કશું કર્યું નથી; એટલે હું તો એને થોડી સજા કરીને છોડી દઈશ.'"[૪] તોય લોકોએ માન્યું નહિ, અને ત્યારે પિલાતને એમના એક રિવાજનો લાભ લેવાનો વિચાર આવ્યો.

"પર્વને ટાણે સૂબો લોકો ઇચ્છે તે એક કેદીને છોડી મૂકે એવો રિવાજ હતો. એ વખતે બરબ્બાસ નામે એક નામીચો કેદી તેમના તાબામાં હતો. શહેરમાં થયેલા હુલ્લડ અંગે અને ખૂનને માટે એને કેદમાં પૂરવામાં આવ્યો હતો. એટલે પિલાતે ભેગા થયેલા લોકોને પૂછ્યું, 'તમારી શી ઇચ્છા છે? હું કોને છોડી મૂકું— બરબ્બાસને કે ખ્રિસ્ત કહેવાતા ઈસુને?' કારણ, તેને ખબર હતી કે લોકોએ કેવળ અદેખાઈને લીધે તેમને પોતાને હવાલે કર્યા હતા. પણ મુખ્ય પુરોહિતોએ અને આગેવાનોએ લોકોને સમજાવ્યા કે તમે બરબ્બાસને છોડી મૂકવાની અને ઈસુને મૃત્યુદંડ દેવાની માગણી કરો. એટલે જ્યારે સૂબાએ પૂછ્યું, 'બોલો, બેમાંથી કોને છોડી મૂકું? તમારી શી ઇચ્છા છે?' ત્યારે લોકોએ કહ્યું, 'બરબ્બાસને!' 'તો પછી ખ્રિસ્ત કહેવાતા ઈસુનું મારે શું કરવું?' એમ પિલાતે પૂછતાં બધા બોલી ઊઠ્યા, 'એને ક્રૂસે ચડાવો!' પિલાતે પૂછ્યું, 'કેમ, એણે શો ગુનો કર્યો છે?' ત્યારે તે લોકો બમણા જોરથી પોકારી ઊઠ્યા, 'એને ક્રૂસે ચડાવો!' જ્યારે પિલાતે જોયું કે કંઈ વળતું નથી અને ઊલટું તોફાન થવા માંડ્યું છે, ત્યારે તેણે પાણી લઈને લોકોના દેખતાં હાથ ધોઈ નાખ્યા અને કહ્યું, 'આ માણસના ખૂનની બાબતમાં હું નિર્દોષ છું. એ તમે જાણો.' પછી તેણે લોકોની માગણી પ્રમાણે બરબ્બાસને છોડી મૂક્યો અને ઈસુને કોરડા મરાવી ક્રૂસે ચડાવવા માટે સોંપી દીધા."[૫]

*

મૃત્યુદંડ તો હતો, પણ એની સાથે હવે ઈસુ ઉપર અસહ્ય શારીરિક કષ્ટ પડ્યું. તેઓ નિર્દય સિપાઈઓનો ખેલ બન્યા. "સૂબાના સિપાઈઓએ ઈસુને સૂબાના મહેલમાં લઈ જઈને તેની સામે આખી પલટન ભેગી કરી. તે લોકોએ એમનાં કપડાં

૪. લૂક ૨૩, ૧૩-૧૬.
૫. માથ્થી ૨૭, ૧૫-૨૬.

ઉતારી નાખીને એમને કિરમજી ઝભ્ભો પહેરાવ્યો. કાંટાનો મુગટ ગૂંથીને તેમને માથે મૂક્યો, અને જમણા હાથમાં બરુની એક સોટી આપી. પછી એમની આગળ ઘૂંટણિયે પડી 'યહૂદીઓના રાજાની જય!' કહીને તેમની મશ્કરી કરી. વળી, તેઓ તેમના ઉપર થૂંક્યા અને સોટી લઈને તેમણે તેમના માથામાં મારી. આમ, એમની મશ્કરી કર્યા પછી તે લોકોએ ઝભ્ભો કાઢી લીધો, અને તેમનાં વસ્ત્રો પાછાં પહેરાવી તેઓ તેમને ક્રૂસે ચડાવવા લઈ ચાલ્યા."[૬]

હાથે-પગે ખીલા મારીને ઈસુને ક્રૂસ ઉપર જડયા. ઊભા કર્યા. લોહીની ધારા, શ્વાસની રુકાવટ, ચીરેલા હાથપગની શૂળની લાંબી વેદનામાં તેઓ પૃથ્વી ને આકાશની વચ્ચે ટિંગાતા રહ્યા.

ઈસુ હવે માંડ બોલી શકતા, પણ એમના મોમાંથી — એમના હૃદયમાંથી — હજી આ શબ્દો સર્યા, "હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી."[૭]

ક્રૂસની પાસે ઈસુનાં મા મરિયમ ઊભાં હતાં. એનું દુઃખ જોઈને ઈસુનું દુઃખ પણ વધતું હતું. પણ પોતાનું દુઃખ ભુલીને ઈસુએ બાનો વિચાર કર્યો. "પોતાનાં માને અને તેમની પાસે ઊભેલા પોતાના વહાલા શિષ્યને જોઈને ઈસુએ માને કહ્યું, 'બહેન, આ તારો દીકરો.' પછી તેમણે શિષ્યને કહ્યું 'આ તારી મા.' અને તે ઘડીથી શિષ્યે તેમને પોતાને ત્યાં રાખ્યાં."[૮]

છેલ્લે અંત આવ્યો. "લગભગ મધ્યાહ્‌ન થવા આવ્યો હતો. સૂર્ય ઢંકાઈ ગયો અને આખા પ્રદેશ ઉપર ત્રણ વાગ્યા સુધી અંધકાર છવાઈ ગયો; મંદિરનો પડદો વચ્ચેથી ચિરાઈ ગયો અને ઈસુ મોટેથી બૂમ પાડી ઊઠયા, 'હે પિતા, મારા પ્રાણ હું તારા હાથમાં સોંપું છું.' એટલું બોલીને તેમણે પ્રાણ છોડયા."[૯]

પિતાની આજ્ઞા લઈને પિતાનો પરિચય માણસોને કરાવવા આવેલા ઈસુએ પિતાનું નામ લઈને પ્રાણ છોડયા.

૬. માથ્થી ૨૭, ૨૭-૩૧.
૭. લૂક ૨૩, ૩૪.
૮. યોહાન ૧૯, ૨૬-૨૭.
૯. લૂક ૨૩, ૪૪-૪૬.

# વિજય

ઈસુના જવાથી એમના શિષ્યોના હોશ જ ઊડી ગયા હતા. બીકના માર્યા તેઓ એક ઓરડામાં પુરાઈને બંધ બારણે બેસી રહ્યા હતા. એ રીતે બે દિવસો ગયા. પણ ત્રીજે દિવસે પરિસ્થિતિએ નવો વળાંક લીધો.

"શિષ્યોમાંના બે જણ યરુશાલેમથી સાતેક કોસ દૂર આવેલા એમ્માઊસ નામે ગામે જતા હતા અને આ બધા બનાવો વિશે વાતો કરતા હતા. તેઓ એ વાતમાં અને ચર્ચામાં મશગૂલ હતા એવામાં ઈસુએ જાતે આવીને તેમની સાથે સાથે ચાલવા માંડ્યું; પણ તેમની આંખો તેમને ઓળખી ન શકી. ઈસુએ તેમને પૂછ્યું, 'તમે ચાલતાં ચાલતાં શાની વાત કરો છો?' તે લોકો ઊભા રહ્યા. તેમના ચહેરા ઉદાસ થઈ ગયા હતા. તેઓમાંના એકે જવાબ આપ્યો, 'યરુશાલેમમાં તમે જ એક એવા રહેવાસી છો, જેને આજકાલ ત્યાં શું શું બની ગયું એની ખબર નથી?' ઈસુએ પૂછ્યું, 'શું બની ગયું?' તેઓએ કહ્યું, 'નાસરેથના ઈસુની વાત સ્તો. તે ઈશ્વરની અને સૌ લોકોની નજરમાં વચનથી અને કર્મથી પ્રબળ પયગંબર હતા; પણ અમારા મુખ્ય પુરોહિતોએ અને રાજ્યકર્તાઓએ તેમને પકડાવી દીધા અને મોતની સજા કરાવી ક્રૂસે ચડાવી દીધા. અમને તો એવી આશા હતી કે જેને હાથે ઈસ્રાયલની મુક્તિ થવાની હતી તે એ જ હતા. વળી, આજે તો એ વાતને ત્રણ દિવસ થવા આવ્યા. એ વાત સાચી કે અમારામાંની કેટલીક સ્ત્રીઓએ અમારાં ચિત્તને ખળભળાવી મૂક્યાં છે. તેઓ વહેલી સવારે કબરે ગઈ હતી પણ ત્યાં શબ જોવામાં ન આવતાં પાછી આવી અને એવી વાત લાવી કે, અમને દેવદૂતોએ દર્શન દીધાં અને કહ્યું કે ઈસુ જીવતા છે. એટલે અમારામાંના કેટલાક કબરે ગયા તો એ સ્ત્રીઓએ કહ્યું હતું તેમ જ નીકળ્યું, પણ ઈસુનાં દર્શન એમને ન થયાં.' ત્યારે ઈસુએ તેમને કહ્યું, 'ઓ મૂરખાઓ, પયગંબરોએ જે જે કહેલું છે તે સમજવામાં તમારી અક્કલ કેમ બહેર મારી ગઈ છે? ખ્રિસ્ત પોતાનો મહિમા પ્રાપ્ત કરે તે પહેલાં તેણે આ બધું ભોગવવું આવશ્યક નહોતું?' પછી તેમણે મૂસાથી માંડીને બધા પયગંબરોએ શાસ્ત્રમાં જ્યાં જ્યાં પોતાને વિશે જે કાંઈ કહ્યું છે તે બધું તેમને સમજાવ્યું. એટલામાં તેઓ જે ગામ જતા હતા તે આવી પહોંચ્યું અને ઈસુએ પોતે આગળ જતા હોય એવો દેખાવ કર્યો, પણ પેલાઓએ તેમને આગ્રહ કર્યો કે, સાંજ થવા આવી છે, દિવસ આથમી ગયો છે, માટે અમારી સાથે રહી જાઓ. એટલે તેઓ તેમની સાથે રહેવા

અંદર ગયા. તેમની સાથે જમવા બેઠા પછી તેમણે રોટલો લઈ આશીર્વચન ઉચ્ચારી ટુકડા કરીને તેમને આપ્યા, ત્યારે તે લોકોની આંખ ઊઘડી અને તેમણે ઈસુને ઓળખ્યા. પણ ઈસુ અંતર્ધાન થઈ ગયા. તેઓ એકબીજાને કહેવા લાગ્યા, 'તેઓ રસ્તે આપણી સાથે વાત કરતા હતા અને શાસ્ત્ર સમજાવતા હતા ત્યારે આપણાં અંતર ઝળઝળાં નહોતાં થઈ જતાં!' તે જ ઘડીએ ઊઠીને તેઓ યરુશાલેમ પાછા આવ્યા, તો તેમણે અગિયાર શિષ્યોને અને તેમના સાથના બીજાઓને ભેગા થઈને વાતો કરતા જોયા કે, પ્રભુ પાછા સજીવન થયા એ વાત સાચી છે. તેમણે પીતરને દર્શન દીધાં છે. એ પછી તે લોકોએ રસ્તે શું બન્યું હતું અને રોટલો ભાંગતાં પોતે કેવા ઓળખી કાઢયા હતા તે કહી સંભળાવ્યું. તેઓ આ બધી વાતો કરતા હતા ત્યાં જ ઈસુ તેમની વચ્ચે પ્રગટ થયા. તેઓ ચમકયા અને ગભરાઈ ગયા; તેમને થયું કે આપણે ભૂત જોઈએ છીએ. પણ ઈસુએ કહ્યું, 'તમે આટલા બધા ગભરાઓ છો શા માટે? તમારા મનમાં શંકા કેમ જાગે છે? મારા હાથ અને પગ જુઓ. આ હું પોતે છું; મને અડીને ખાતરી કરો. કોઈ ભૂતને મારા જેવાં હાડ કે માંસ હોતાં નથી.' આટલું કહીને તેમણે તેમને પોતાના બંને હાથ અને પડખું બતાવ્યું. પછી તેમણે તેઓને કહ્યું, 'તમને શાંતિ હો! પિતાએ જેમ મને મોકલ્યો છે તેમ હું તમને મોકલું છું. શાસ્ત્રમાં આમ લખેલું છે કે, ખ્રિસ્ત દુ:ખ ભોગવે અને ત્રીજે દિવસે સજીવન થાય તથા યરુશાલેમથી માંડીને બધી પ્રજાઓમાં તેને નામે પાપની ક્ષમા માટે જીવનપલટો કરવાનો ઉપદેશ કરવામાં આવે. તમે આ બધાના સાક્ષી છો; અને ધ્યાન રાખજો, મારા પિતાએ જે વરદાન આપવાનું વચન આપેલું છે તે હું તમને મોકલીશ, એટલે તમને ઈશ્વર તરફથી શકિત મળે ત્યાં સુધી તમે આ શહેરમાં જ રહેજો.'"[૧]

"પણ બાર શિષ્યોમાંનો એક થોમા, ઈસુ આવ્યા ત્યારે બીજા શિષ્યો સાથે નહોતો. બીજા શિષ્યોએ તેને કહ્યું કે, 'અમને પ્રભુનાં દર્શન થયાં છે.' પણ થોમાએ તેમને કહ્યું, 'જ્યાં સુધી હું તેમના હાથે ખીલાનાં ચિહ્નો ન જોઉં, અને ખીલાની જગ્યામાં આંગળી ન ઘાલું, તેમ જ તેમના પડખામાં હાથ ન ઘાલું, ત્યાં સુધી હું કદી માનું નહિ.' એક અઠવાડિયા બાદ શિષ્યો ફરી તે ઘરમાં ભેગા થયા હતા અને થોમા પણ તેમની સાથે હતો. બારણાં વાસેલાં હતાં, તેમ છતાં ઈસુએ આવીને તેમની વચ્ચે ઊભા રહીને કહ્યું, 'તમને શાંતિ હો!' પછી તેમણે થોમાને કહ્યું, 'તારી આંગળી અહીં લાવ, આ રહ્યા મારા હાથ; અને તારો હાથ આમ લાવ અને મારા

૧. લૂક ૨૪, ૧૩-૪૯.

પડખામાં ઘાલ. અશ્રાદ્ધા ખંખેરી નાખ; શ્રાદ્ધા રાખ.' થોમા બોલી ઊઠયો, 'ઓ મારા પ્રભુ અને મારા પરમેશ્વર!' ઈસુએ તેને કહ્યું, 'મને જોયો છે એટલે તને શ્રાદ્ધા બેઠી છે. મને જોયા વગર પણ જેઓ શ્રાદ્ધા રાખે છે તેઓ પરમસુખી છે.'"[૨]

એ શ્રાદ્ધા હવે શિષ્યોના દિલમાં દૃઢ બની હતી. પણ હજી એમના ઘડતરનું છેલ્લું પ્રકરણ બાકી હતું.

૨ યોહાન ૨૦, ૨૪-૨૯.

# પિતાનું વરદાન

ઈસુએ પોતાના શિષ્યોને એક માર્મિક વચન કહ્યું હતું: "મારા પિતાએ જે વરદાન આપવાનું વચન આપેલું છે તે હું તમને મોકલીશ, એટલે તમને ઈશ્વર તરફથી શકિત મળે ત્યાં સુધી તમે આ શહેરમાં જ રહેજો." એ વચનનો ઉલ્લેખ મરતાં પહેલાંના શિષ્યો સાથેના છેલ્લા સંવાદમાં ઈસુએ કર્યો હતો: "હું પિતાને વિનંતી કરીશ... એટલે સત્યસ્વરૂપ પવિત્ર આત્માને મોકલશે. તે તમને બધું સમજાવશે; તમને સમગ્ર સત્યને માર્ગે દોરી જશે. હું જઈશ ત્યારે એ બીજો બેલી તમારી પાસે આવશે."

ને એ બીજો બેલી આવ્યો. સત્યનું જ્ઞાન અને ધર્મની શકિત લઈને આવ્યો —અને શિષ્યોના જીવનમાં ખરું પરિવર્તન આવ્યું. જે ઓરડામાં તેઓ ધર્મગુરુઓની બીકથી પુરાઈ ગયા હતા ત્યાં હવે બધા સાથે મળીને "એકમન થઈ સતત પ્રાર્થના કર્યા કરતા હતા. ત્યાં અચાનક આકાશમાંથી પવન જોરથી વાતો હોય એવો અવાજ આવ્યો, અને તેઓ બેઠા હતા તે આખું ઘર તેનાથી ભરાઈ ગયું. અને તેમને જ્વાલાઓ જેવી જીભો દેખાઈ, અને તે વહેંચાઈ જઈને દરેકના માથા ઉપર એક એક સ્થિર થઈ ગઈ. તે બધામાં પવિત્ર આત્માનો સંચાર થયો અને, તેના તરફથી થતી બોલવાની પ્રેરણા અનુસાર, તેઓ જુદી જુદી ભાષાઓમાં બોલવા લાગ્યા."[૧] એ નવી શકિત અનુભવીને પીતર બહાર આવ્યા. લોકો ભેગા થયા. પીતરે ભાષણ કર્યું.

એમાં ઈસુનું સમર્થન કર્યું અને એમના ખૂન માટે ધર્મગુરુઓને જવાબદાર ઠરાવ્યા. ને વિશેષ તો ઈસુના નવા જીવન અને એમના વચન અનુસાર પોતાને મળેલી નવી શકિતની સાક્ષી પૂરી: "ઈસુને ઈશ્વરે ફરી સજીવન કર્યા છે; એના અમે બધા સાક્ષી છીએ. આમ, ઈશ્વરના પ્રભાવથી એમને ઉન્નતદશા પ્રાપ્ત થઈ છે, અને જેનું વચન આપવામાં આવ્યું હતું તે પવિત્ર આત્માની પિતા પાસેથી એમને પ્રાપ્તિ થઈ છે તેનો જ એમણે વર્ષાવ કર્યો છે: તમે આ જે જુઓ છો અને સાંભળો છો તેનું કારણ એ જ છે. અને એ વચન તમારે માટે, તમારાં સંતાનો માટે, અને દૂર દૂર વસતાં સઘળાં માટે જેને જેને આપણા પ્રભુ ઈશ્વર બોલાવે તે સૌને માટે છે."[૨]

૧. પ્રેષિતોનાં ચરિતો ૧, ૧૪; ૨, ૨-૪.
૨. પ્રે. ચ. ૨, ૩૨-૩૩, ૩૯.

એ દિવસે શિષ્યોના સંઘમાં ત્રણ હજાર માણસો જોડાયા. પછી ઉત્તરોત્તર એમાં વધારો થતો ગયો. "વિશ્વાસીઓનો સંઘ એકમન અને એકજીવ થઈને રહેતો. તેઓ હરરોજ એકમન થઈને મંદિરમાં જતા, ઘેર ઘેર જઈને રોટીની ભાંજણી કરતા, અને આનંદ અને સરળતાથી ભોજન કરતા, ઈશ્વરનાં ગુણગાન ગાતા અને બધા લોકોનો પ્રેમ સંપાદન કરતા. પ્રેષિતો (શિષ્યો) ત્યારે સામર્થ્યપૂર્વક ઈસુના પુનર્જીવનની સાક્ષી પૂરતા હતા અને એ બધા ઉપર લોકોની ખૂબ પ્રીતિ હતી. પ્રભુ ઉદ્ધાર પામનારાઓના સંઘમાં રોજ રોજ ઉમેરો કરતા."[૩]

*

વિકાસની સાથે સતામણી પણ આવી. જે લોકોએ ઈસુનું ખૂન કરાવ્યું હતું તે એમના શિષ્યોને ઓછા છોડવાના હતા? એટલે ધમકીઓ, હેરાનગતિ ને તાવણી શરૂ થયાં. એ સતાવણીમાં શાઊલ કરીને એક યુવાન ચુસ્ત ધર્મગુરુ મોખરે હતા. એને એક દિવસ એક અનેરો અનુભવ થયો. "શાઊલનું પ્રભુના સામેનું ખુન્નસ હજી એવું ને એવું હતું. તેણે વડા પુરોહિત પાસે જઈને દમસ્કનાં સભાગૃહો ઉપર પત્રો માગ્યા, જેથી પોતે ઈસુના પંથનાં સ્ત્રી કે પુરુષ જે કોઈ મળી આવે તેમને બાંધીને યરુશાલેમ લઈ આવે. તે પ્રવાસ કરતો કરતો દમસ્ક નજીક આવ્યો, ત્યાં અચાનક આકાશમાંથી પ્રકાશનો એક ઝબકારો તેને ઘેરી વળ્યો. તે જમીન ઉપર પડી ગયો ત્યાં જ તેને અવાજ સંભળાયો, 'શાઊલ, શાઊલ, તું શા માટે મને રંજાડે છે?' શાઊલે પૂછ્યું, 'પ્રભુ, આપ કોણ છો?' અવાજે કહ્યું, 'હું ઈસુ છું, જેને તું રંજાડે છે. પણ ઊઠ, અને શહેરમાં જા, અને તારે શું કરવું એ તને કહેવામાં આવશે.' એની સાથે પ્રવાસ કરતા માણસો તો અવાક્ થઈ ગયા. તેમણે અવાજ સાંભળ્યો હતો પણ કોઈ માણસને જોયો નહોતો. શાઊલ જમીન ઉપરથી ઊભો થયો, પણ જ્યારે તેણે આંખ ઉઘાડી ત્યારે તે કશું જોઈ શકતો નહોતો; એટલે લોકો તેને હાથ પકડીને દમસ્ક લઈ આવ્યા. ત્રણ દિવસ સુધી તે આંધળો રહ્યો અને તેણે ન કશું ખાધું કે ન કશું પીધું. હવે, દમસ્કમાં હનાન્યાહ નામે એક શિષ્ય રહેતો હતો, પ્રભુએ તેને દર્શન દઈને કહ્યું, 'હનાન્યાહ!' તે બોલ્યો, 'હાજર છું, પ્રભુ.' પછી પ્રભુએ તેને કહ્યું. 'તું ઊભો ઊભો 'સીધી' નામની ગલીમાં જા અને યહૂદાને ઘેર તાર્સસના શાઊલ નામના માણસની તપાસ કર. તે અત્યારે પ્રાર્થના કરી રહ્યો છે અને તેને એક દિવ્યદર્શન લાધ્યું છે તેમાં તેણે હનાન્યાહ નામના માણસને આવીને પોતાને દેખતો કરવા પોતા ઉપર હાથ મૂકતો જોયો છે.' હનાન્યાહે કહ્યું, 'પ્રભુ,

૩. પ્રે. ચ. ૪, ૩૨; ૨, ૪૬-૪૭; ૪, ૩૩.

એ માણસે યરુશાલેમમાં તમારી પવિત્ર પ્રજા ઉપર જે જે સિતમ ગુજાર્યા છે તે વિશે મેં ઘણા પાસે સાંભળ્યું છે. અને અહીં પણ જે કોઈ તમારું નામ લે તે સૌને બંધનમાં નાખવાની એણે મુખ્ય પુરોહિતો પાસે સત્તા મેળવી છે.' પણ પ્રભુએ તેને કહ્યું, 'તું તારે જા. કારણ, વિધર્મી લોકો અને તેમના રાજાઓ આગળ તેમ જ ઈસ્રાયલની પ્રજા આગળ મારું નામ પ્રગટ કરવા માટે મેં એને મારા સાધન તરીકે પસંદ કરેલો છે. હું પોતે એને બતાવીશ કે મારા નામ ખાતર એણે કેટકેટલું ભોગવવાનું છે.' આથી હનાન્યાહ ગયો અને ઘરમાં જઈને શાઊલ ઉપર પોતાના હાથ મૂકીને બોલ્યો, 'શાઉલ, મારા ભાઈ, પ્રભુએ – અહીં આવતાં રસ્તામાં તને જેમણે દર્શન દીધાં હતાં તે ઈસુએ – તું ફરી દેખતો થાય અને તારામાં પવિત્ર આત્માનો વાસ થાય એ માટે મને મોકલ્યો છે.' અને તે જ ક્ષણે તેની આંખો ઉપરથી જાણે પડળ ખૂલી ગયાં અને તે દેખતો થઈ ગયો. પછી તેને સ્નાનસંસ્કાર કરાવવામાં આવ્યો; ત્યાર પછી તેણે ખોરાક લીધો એટલે તેને શકિત આવી. થોડા દિવસ તે શિષ્યોની સાથે દમસ્ક રહ્યો અને થોડી જ વારમાં તેણે સભાગૃહમાં ઈસુને વિશે ઘોષણા કરવા માંડી કે, એ ઈશ્વરનો પુત્ર છે. એને સાંભળનાર સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા અને કહેવા લાગ્યા, 'જેણે યરુશાલેમમાં ઈસુનું નામ લેનારા ઉપર કાળો કેર વર્તાવ્યો હતો તે જ આ માણસ નથી? અને અહીં પણ એવા માણસોને બાંધીને મુખ્ય પુરોહિતો આગળ લઈ જવા માટે એ આવ્યો નથી?' પણ શાઊલનું જોર તો વધતું જ ગયું અને તેણે ઈસુ જ ખ્રિસ્ત છે એમ પુરવાર કરીને દમસ્કના યહૂદીઓને મૂંઝવણમાં નાખી દીધા."૪

એ શાઊલ, પાઉલનું નામ ધારણ કરીને દૂર દૂરના દેશો સુધી ઈસુનો સંદેશ લઈ ગયા, અને એ દેશોના નવા ખ્રિસ્તમાર્ગીઓને ખ્રિસ્તીદર્શન સમજાવવા એમણે લાંબા પત્રો લખ્યા તે બાઈબલનો એક અગત્યનો ભાગ છે.

૪. પ્રે. ચ. ૯, ૧-૨૨.

# ઈસુનું શિક્ષણ

# ઈશ્વર

ઈસુનું જાહેર જીવન ત્રણ જ વર્ષમાં પૂરું થયું હતું. એ ત્રણ વર્ષ દરમિયાન એમણે પ્રબોધેલા માર્ગનો થોડો ખ્યાલ મેળવ્યા પછી હવે ઈશ્વર, માનવી અને દુનિયા વિશે એ માર્ગનું શિક્ષણ ને વ્યવહાર પદ્ધતિસર જોઈ શકીશું.

ઈશ્વર વિશે ખ્રિસ્તીદર્શનનો પહેલો ને અટલ સિદ્ધાંત એકેશ્વરવાદનો છે. પાઉલના શબ્દોમાં: "સૌનો ઈશ્વર અને પિતા એક છે, જે સૌની ઉપર છે, સૌ મારફતે કામ કરી રહ્યા છે, અને સૌમાં વસે છે." "પરમેશ્વર પરમાનંદ સ્વરૂપ અને એકનો એક સ્વામી છે, રાજેશ્વરોનો રાજેશ્વર, અને પ્રભુઓનો પ્રભુ છે; તે અમરત્વનો એકમાત્ર અધિકારી છે, અને અગમ્ય જ્યોતિમાં વસે છે; એને કોઈ માણસ કદી જોવા પામ્યો નથી કે પામી શકે એમ નથી."[1]

*

ઈશ્વરને માણસો આગળ પ્રગટ કરવાનું કામ ઈસુનું છે. યોહાન 'શુભ-સંદેશ'માં લખે છે: "ઈશ્વરને કોઈએ કદી જોયો નથી, પણ ઈશ્વરનો એકનો એક પુત્ર, જે પરમપિતાની નિકટમાં નિકટ છે, તેણે જ તેને પ્રગટ કર્યો છે."[2] અને ઈસુએ પોતે, એમના એક શિષ્યે એમને નિખાલસતાથી વિનંતી કરી હતી કે, 'પ્રભુ, અમને પિતાનાં દર્શન કરાવો એટલે થયું', ત્યારે જવાબ આપ્યો હતો: "આટલા બધા વખતથી હું તારી સાથે રહું છું, છતાં તું મને ઓળખતો નથી? જેણે મને દીઠો છે, તેણે પિતાને દીઠો છે. તો પછી તું એમ કેમ કહે છે કે, અમને પિતાનાં દર્શન કરાવો! તને શું એટલો વિશ્વાસ નથી કે હું પિતામાં અને પિતા મારામાં વસે છે? હું તમને જે કહું છું તે મારા પોતા તરફથી નથી કહેતો. મારામાં વસતા પિતા પોતાનાં કાર્યો કર્યે જાય છે. તમે મારા કહ્યા ઉપર વિશ્વાસ રાખો કે હું પિતામાં અને પિતા મારામાં વસે છે."[3]

ઈસુને ઓળખવા એટલે પિતાને ઓળખવા, ઈસુને સ્વીકારવા એટલે પિતાને સ્વીકારવા, ઈસુ ઉપર શ્રદ્ધા રાખવી એટલે પિતા ઉપર શ્રદ્ધા રાખવી. ઈસુ એ એકના એક પરમેશ્વરનું પ્રગટ સ્વરૂપ છે, અભિવ્યક્તિ છે, અવતાર છે. બાઇબલના

૧. એફેસસ ૪, ૬. ૧ તિમોથી ૬, ૧૫-૧૬.
૨. યોહાન ૧, ૧૮.
૩. યોહાન ૧૪, ૯-૧૧.

શબ્દોમાં તેઓ "પરમેશ્વરના મહિમાની પ્રભા અને તેના તત્ત્વની પ્રતિમૂર્તિ છે."[૪] અને વળી, "ઈશ્વરસ્વરૂપ હોવા છતાં ઈસુ ઈશ્વર સાથેની સમાનતાને વળગી રહ્યા નહિ, બલ્કે, તેમણે પોતાને શૂન્યવત બનાવ્યા અને દાસનું સ્વરૂપ ધારણ કરીને તેઓ માણસ જેવા માણસ બની ગયા. માનવરૂપે પ્રગટ થઈને તેમણે પોતાની જાતને અદના બનાવી દીધી અને પોતે એવા તો આજ્ઞાધીન બની ગયા કે મૃત્યુને — વધસ્તંભ ઉપરના મૃત્યુને સુધ્ધાં તેમણે વધાવી લીધું. આથી પરમેશ્વરે તેમને સર્વોચ્ચ સ્થાને સ્થાપ્યા છે અને તેમને સૌ નામોમાં શ્રેષ્ઠ એવું એકમાત્ર નામ આપ્યું છે, જેથી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ લોકનાં સૌ કોઈ ઈસુનું નામ સાંભળીને દંડવત કરે, અને પ્રત્યેક જિહ્વા પિતા પરમેશ્વરના મહિમાને અર્થે સ્વીકારે કે ઈસુ ખ્રિસ્ત ભગવાન છે."[૫]

યોહાન 'શુભસંદેશ'માં ઈસુના શાશ્વત સ્વરૂપને 'શબ્દ' કહીને લખે છે: "પ્રારંભમાં શબ્દ હતો જ. શબ્દ ઈશ્વર સાથે હતો. શબ્દ ઈશ્વર હતો. પ્રારંભમાં એ ઈશ્વર સાથે હતો. બધું જ એના દ્વારા બન્યું છે, અને એવું કશું જ નથી જે એના દ્વારા ન બન્યું હોય. જે કંઈ બન્યું છે તેનું જીવન એ હતો. એ જીવન જ માણસોનો પ્રકાશ હતો. એ પ્રકાશ અંધકારમાં પ્રકાશ્યા કરે છે; અંધકારે એનું ગ્રહણ કર્યું નથી. અને શબ્દ માનવ થઈને અવતર્યો અને તેણે આપણી વચ્ચે વાસ કર્યો. અને આપણે એના મહિમાનાં — પિતાના એકમાત્ર પુત્રના જેવા મહિમાનાં — દર્શન કર્યાં. કૃપા અને સત્યથી એ સભર ભર્યો હતો."[૬] 'શબ્દ' એ જ્ઞાનનો સંકેત છે, સત્યની સંજ્ઞા છે. ઈશ્વરનું જ્ઞાનસ્વરૂપ 'શબ્દ' ઈશ્વરનું જ્ઞાન માણસોને આપવા માનવદેહ ધારણ કરે — તે ઈસુ.

*

પોતે જશે ત્યારે પોતાનું કામ પૂરું કરવા ને કાયમ ચાલુ રાખવા 'પવિત્ર આત્મા' આવશે એ ઈસુનું વચન હતું. "એ મારા વિશે સાક્ષી પૂરશે" એમ ઈસુએ કહ્યું હતું. એ સાક્ષી તે અંતરની પ્રતીતિ, આધ્યાત્મિક શકિત, અને સંકેતરૂપ સમર્થ કાર્યો દ્વારા પૂરે છે. તે 'ઈસુનો આત્મા' અને 'ઈશ્વરનો આત્મા' પણ બાઈબલમાં કહેવાય છે. ઈસુએ જેમ પિતાને પ્રગટ કર્યા તેમ પવિત્ર આત્મા માણસોના હૃદયમાં ઈસુને પ્રગટ કરે છે, કરતો રહે છે. પાઉલના લખ્યા મુજબ

૪. હિબ્રૂઓ ૧, ૩.
૫. ફિલિપ્પી ૨, ૬-૧૧.
૬. યોહાન ૧, ૧-૫, ૧૪.

"પવિત્ર આત્માની પ્રેરણા વગર કોઈ 'ઈસુ ભગવાન છે', એમ કહે નહિ."૭ "આપણને પવિત્ર આત્મા આપીને ઈશ્વરે આપણા હૃદય ઉપર પોતાનો પ્રેમ વર્ષાવ્યો છે."૮

"એ જ રીતે, પવિત્ર આત્મા પણ આપણી નિર્બળતામાં આપણને મદદ કરે છે. શી પ્રાર્થના કરવી યોગ્ય છે એ પણ આપણે જાણતા નથી, પણ એ આત્મા પોતે આપણે માટે અકથ્ય આર્તનાદથી વિનવણી કરે છે, અને સર્વાન્તર્યામી ઈશ્વર આત્માના મનની વાત જાણી જાય છે કે, એ આત્મા ઈશ્વરની ઇચ્છા અનુસાર પુણ્યજનો તરફથી વિનવણી કરે છે."૯ "આધ્યાત્મિક બક્ષિસો ભાતભાતની છે, પણ આત્મા એક જ છે. સેવા નાનાવિધ હોય છે, પણ પ્રભુ એક જ છે. કાર્યો ભિન્ન ભિન્ન છે, પણ બધા પાસે તે કરાવનાર ઈશ્વર એક જ છે. સૌના હિત માટે પવિત્ર આત્મા દરેકમાં વિશેષરૂપે પ્રગટ થાય છે. જેમ કે, આત્મા પાસેથી જ કોઈને વિદ્વતાભરી વાતો કરવાની શકિત મળી હોય છે, તો એ જ આત્માના પ્રભાવથી બીજાને જ્ઞાનથી વાતો કરવાની શકિત મળી હોય છે; એ જ આત્મા તરફથી કોઈને શ્રદ્ધા મળેલી હોય છે, તો કોઈને એ જ આત્મા તરફથી આધિવ્યાધિ મટાડવાની શકિત મળી હોય છે; કોઈને ચમત્કારો કરવાની શકિત તો કોઈને પયગંબરી શકિત; કોઈને આધ્યાત્મિક બક્ષિસો પારખવાની શકિત, તો કોઈને અનેક ભાષામાં બોલવાની શકિત, તો કોઈને ભાષાઓનો અર્થ કરવાની શકિત. પણ આ બધી શકિતઓની પાછળ એક જ આત્મા કાર્ય કરી રહ્યો હોય છે, અને તે પોતાની ઇચ્છા પ્રમાણે દરેકને જુદી જુદી શકિત વહેંચી આપે છે."૧૦

એ શકિત આપનાર આત્મા પણ પરમેશ્વરનું ક્રિયાશીલ સ્વરૂપ છે. એના દ્વારા માનવના હૃદયમાં ઈસુ માટે શ્રદ્ધા ને ભકિત ઉત્પન્ન થાય, અને ઈસુ પરની એ શ્રદ્ધા ને ભકિત દ્વારા માણસ પરમપિતાના ધન્ય સાંનિધ્યમાં આવે.

*

ચેતનાસ્વરૂપ પિતા, જ્ઞાનસ્વરૂપ ઈસુ, અને શકિતસ્વરૂપ પવિત્ર આત્મા —એ ત્રિવિધ તત્વથી ઈશ્વરનું જીવન બંધાય, અને માનવી એમાં ભાગ લેતો થઈ જાય. પોતાના એક પત્રને અંતે પાઉલ ભકતમંડળને સૂત્રરૂપ શુભેચ્છાઓ

૭. ૧ કરિંથ ૧૨, ૩.
૮. રોમ ૫, ૫.
૯. રોમ ૮, ૨૬-૨૭.
૧૦. ૧ કરિંથ ૧૨, ૪-૧૧.

પાઠવે છે એ સૂત્ર સૌ ખ્રિસ્ત-માર્ગીઓનું પ્રિય આશીર્વચન બની ગયું છે, ને એમાં ઈશ્વર વિશેના ખ્રિસ્તીદર્શનનો સાર આવી જાય છે:

"આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા, પરમપિતાનો પ્રેમ, અને પવિત્ર આત્માનો સાથ તમને સૌને મળતાં રહો."[૧૧]

૧૧. ૨ કરિંથ ૧૩, ૧૪.

# સર્જન અને પતન

પરમેશ્વર એક જ છે, અને તેના સિવાય જે જે કંઈ અસ્તિત્વમાં છે તે બધું એનું સર્જન છે. "બધું જ એના દ્વારા બન્યું છે, અને એવું કશું જ નથી જે એના દ્વારા ન બન્યું હોય."[૧] અને વળી, "ઈશ્વરે આ વિશ્વ અને એમની બધી વસ્તુઓ સર્જી છે. તે સકળ સૃષ્ટિનો પ્રભુ છે."[૨]

બાઈબલના પહેલા ગ્રંથમાં ઉત્પત્તિની કથા બોધક રીતે આપી છે. પ્રથમ ઈશ્વર પ્રકાશ પ્રગટાવે છે, આકાશ પાથરે છે, સૂરજ ને ચંદ્ર ને તારાઓ ગોઠવે છે, ધરતી ને જળ છૂટાં પાડે છે, ધરતી ઉપર વનસ્પતિશોભા, સાગરના પેટમાં જળચર સૃષ્ટિ, હવામાં પંખીઓનાં ટોળાં, અને વનમાં જાતજાતનાં જનાવરો પેદા કરે છે. "અને ઈશ્વરે જોયું કે એ બધું સારું ને મંગળ હતું. પછી એણે કહ્યું, 'હવે આપણી પ્રતિમારૂપ માનવીને પેદા કરીએ. તે સાગરમાંનાં જળચર ને આકાશમાંનાં પંખીઓ ને પૃથ્વી પરનાં ઢોર ને પશુઓ ને સર્પો ઉપર અધિકાર ભોગવશે.' આમ ઈશ્વરે પોતાની પ્રતિમારૂપ માનવીનું સર્જન કર્યું. ઈશ્વરની પ્રતિમારૂપે જ એનું સર્જન કર્યું. પુરુષ ને સ્ત્રીનું સર્જન કર્યું. પછી ઈશ્વરે એમને આશીર્વાદ આપ્યો અને કહ્યું: 'હવે તમે ફળ લાવો ને વંશ ઉત્પન્ન કરો. પૃથ્વી વસાવો ને તાબે કરો. સાગરમાંનાં જળચર ને આકાશમાંનાં પંખીઓ ને ધરતી ઉપર ચાલનાર તમામ પ્રાણીઓ ઉપર શાસન કરો.'"[૩]

માનવીનાં મહિમા ને ગૌરવ એ ઉપરથી સિદ્ધ થાય છે. તે સૃષ્ટિનો શિરોમણિ છે. ઈશ્વરની પ્રતિમા છે. બીજાં પ્રાણીઓમાં પણ પ્રાણ છે, વનસ્પતિઓમાં જીવન છે; પણ તેના અને માનવીના જીવન વચ્ચે મૂળભૂત ફેર હોય છે. સત્ય પારખવાની, સારાસારનો વિવેક કરવાની અને સ્વતંત્ર સંકલ્પ કરીને નૈતિક જવાબદારી વહોરવાની શકિત કેવળ મનુષ્યમાં છે. એનામાં જ જ્ઞાન અને પ્રેમનું તત્ત્વ છે. માટે તે ઈશ્વરની પ્રતિમા કહેવાય છે, અને આખી સૃષ્ટિ એને ચરણે છે.

*

માનવીની ઉત્પત્તિ બધા માનવીઓને માટે સરખી — માટે માનવીની કોટિ

૧. યોહાન ૧, ૩.
૨. પ્રે. ચ. ૧૭, ૨૪.
૩. ઉત્પત્તિ ૧, ૨૫-૨૮.

ને દરજ્જો પણ બધાને માટે સરખાં. માનવ તરીકે બધા સરખા ને બધા સમાન. સરખા અધિકાર ને સરખું માન ને સરખું સ્થાન. જન્મથી કે રંગથી કે વ્યવસાયથી કોઈ માણસ કે કોઈ માણસોનું જૂથ જુદું કે ઊતરતું નથી — એમ ખ્રિસ્તીદર્શન સ્પષ્ટ-પણે શીખવે છે. પોતાના સમાજમાં પ્રવર્તતા ભેદોનો ઉલ્લેખ કરીને પાઉલ ભારપૂર્વક લખે છે: "નથી કોઈ બિનયહૂદી કે નથી કોઈ યહૂદી, નથી સુન્નતવાળા કે નથી સુન્નત વગરના, નથી કોઈ બર્બર કે નથી કોઈ મ્લેચ્છ, નથી કોઈ ગુલામ કે નથી કોઈ મુક્ત."[૪] બધાની કક્ષા સરખી ને બધાની આબરૂ સમાન, એ બોધ ને એ આગ્રહ છે.

માનવીમાં સ્વતંત્રતા છે એ એનું ગૌરવ છે — ને એનું જોખમ પણ છે. એ સ્વતંત્રતા લઈને તે એનો સદુપયોગ કરી શકે — અને એનો દુરુપયોગ પણ કરી શકે. શું સારું ને શું ખરાબ એ બરાબર જાણ્યા પછી પણ ખરાબની પસંદગી કરી શકે અને ખોટે માર્ગે ચડી શકે. એવું કરવા જાય તો ઈશ્વર એને રોકશે નહિ — રોકે તો માનવી સાચા અર્થમાં સ્વતંત્ર રહે નહિ, અને જડ સૃષ્ટિમાં ખપી જાય. ઈશ્વર માનવીની સ્વતંત્રતાને પૂરું માન આપે છે, એનું પૂરું રક્ષણ ને પાલન કરે છે. એ સ્વતંત્રતાની બક્ષિસથી જ માનવી માનવી બને, માટે એ સાચવવામાં સૃષ્ટિનો ધર્મ છે.

પણ એનું કડવું ફળ પણ આવી શકે છે — અને આવી જ જાય છે: સ્વતંત્રતાનો દુરુપયોગ થાય. એ સ્વતંત્રતાનો દુરુપયોગ એટલે અનીતિ, અધર્મ, પાપ. અને પાપનું પરિણામ તે દુ:ખ. આમ માનવીને ખાતર સ્વતંત્રતા આવી, સ્વતંત્રતાને માર્ગે અનીતિ આવી, અને અનીતિના ફળસ્વરૂપે દુનિયામાં દુ:ખ આવ્યું. એ છે ખ્રિસ્તીદર્શન પ્રમાણે દુ:ખની ઉત્પત્તિનું કારણ અને 'દુ:ખના પ્રશ્ન'નું વિશ્લેષણ.

*

એ વાત સરળ ને લોકભોગ્ય રીતે સમજાવવા બાઇબલમાં સૃષ્ટિના પ્રકરણના અનુસંધાનમાં એક પ્રખ્યાત બોધકથા છે. એમાં માનવીની કસોટી, લાલચ, નબળાઈ, આક્ષેપો ને બહાનાં, શરમ ને શિક્ષા — આમ નૈતિક પતનની આખી પ્રક્રિયા ને સંજોગો ને પરિણામોનું સચોટ ને માર્મિક વર્ણન કર્યું છે.

"પ્રભુ પરમેશ્વરે એદનના બગીચાને ખેડવા અને સંભાળવા માટે માણસને લઈને ત્યાં મૂક્યો. અને પ્રભુ પરમેશ્વરે તેને એવી આજ્ઞા કરી કે, 'તારે બગીચા-

૪. કલોસ્સા ૩, ૧૧.

માંનાં બધાં ઝાડનાં ફળ છૂટથી ખાવાં; પણ સારાસારના જ્ઞાનના વૃક્ષનાં ફળ તારે ખાવાં નહિ, કારણ, જે દિવસે તું એ ફળ ખાશે તે દિવસે તારું મોત નિશ્ચિત માનજે.' —હવે, પ્રભુ પરમેશ્વરે બનાવેલા કોઈ પણ જંગલી પ્રાણી કરતાં સાપ વધારે લુચ્ચો હતો. તેણે પુરુષની સ્ત્રીને કહ્યું, 'તમારે વાડીમાંના કોઈ પણ વૃક્ષનાં ફળ ખાવાં નહિ એવું ઈશ્વરે તમને કહ્યું છે?' ત્યારે સ્ત્રીએ સાપને જવાબ આપ્યો, 'વાડીમાંનાં ઝાડનાં ફળ ખાવાની તો અમને છૂટ છે; પણ ઈશ્વરે એમ કહ્યું છે કે, "વાડીમાં વચ્ચોવચ જે ઝાડ છે તેનાં ફળ તમારે ખાવાં નહિ, તેમ તેને અડવું પણ નહિ, નહિ તો તમે મરી જશો".' પણ સાપે સ્ત્રીને કહ્યું, 'તમે મરી નહિ જાઓ. ઈશ્વર જાણે છે કે તમે એ ખાશો તો તમારી આંખો ખૂલી જશે અને તમે દેવોના જેવાં બની જશો, તમને પણ સારાસારનું જ્ઞાન થશે.' આમ સ્ત્રીને ખબર પડી કે એ ઝાડનાં ફળ ખાવામાં સારાં છે, દેખાવમાં સુંદર છે અને ઇચ્છવા યોગ્ય છે, એટલે તેણે એ ઝાડનું ફળ લઈને ખાધું; અને પોતાની પાસે ઊભેલા પતિને પણ આપ્યું અને તેણે તે ખાધું. પછી બંનેની આંખ ઊઘડી અને તેમને ખબર પડી કે પોતે નવસ્ત્રાં છે; અને તેમણે અંજીરનાં પાંદડાં ભેગાં સીવીને પોતાનાં અંગ ઢાંકયાં. પેલો માણસ અને તેની પત્ની દિવસના ઠંડા પહોરે પ્રભુ પરમેશ્વરનો વાડીમાં ફરવાનો અવાજ સાંભળીને તેની નજર આગળથી વાડીનાં ઝાડમાં છુપાઈ ગયાં. પણ પ્રભુ પરમેશ્વરે માણસને બૂમ મારી, 'તું કયાં છે?' માણસ બોલ્યો, 'વાડીમાં તમારો પગરવ સાંભળીને હું ગભરાયો, કારણ, હું નવસ્ત્રો હતો; એટલે સંતાઈ ગયો.' પ્રભુ પરમેશ્વરે પૂછયું, 'તને કોણે કહ્યું કે તું નવસ્ત્રો છે? જે ઝાડનાં ફળ ખાવાની મેં તને ના પડી હતી તેનાં ફળ તેં ખાધાં તો નથી ને?' માણસે કહ્યું, 'જે સ્ત્રી તમે મારી સાથે રહેવા આપી છે તેણે મને એ ઝાડનાં ફળ આપ્યાં ને મેં ખાધાં.' પછી પ્રભુ પરમેશ્વરે તે સ્ત્રીને કહ્યું, 'તેં આ શું કર્યું?' ત્યારે તે સ્ત્રી બોલી, 'સાપે મને ભોળવી એટલે મેં ખાધાં.' પ્રભુ પરમેશ્વરે સાપને કહ્યું, 'તેં આ કર્યું છે એટલે બધાં ઢોરો અને જંગલનાં પ્રાણીઓમાં તું શાપિત થયો છે; તારે આખી જિંદગી પેટ ઘસડીને ચાલવું પડશે, અને ધૂળ ફાકીને રહેવું પડશે. હું તારી અને આ સ્ત્રીની વચ્ચે અને તારા સંતાન અને તેના સંતાન વચ્ચે વેર જગાડીશ; એ સંતાન તારું માથું કચડશે, અને તું તેની એડીએ કરડવા જઈશ.' સ્ત્રીને તેમણે કહ્યું, 'પ્રસૂતિ વખતે તારે ભારે વેદના વેઠવી પડે એમ હું કરીશ. છોકરાંને જન્મ આપતાં તને પુષ્કળ વેદના થશે; તું તારા પતિનો સંગ ઇચ્છવા કરીશ, અને તે તારા ઉપર સ્વામિત્વ ચલાવશે.' અને માણસને તેમણે કહ્યું, 'જે ઝાડનાં ફળ ખાવાની મેં તને ના પાડી હતી તેનાં ફળ તેં તારી વહુની વાત માનીને ખાધાં

એટલે તારે લીધે આ ધરતી શાપિત બની છે; હવે એમાંથી અન્ન મેળવવા માટે તારે જિંદગીભર સખત મહેનત કરવી પડશે; એમાં કાંટા અને ઝાંખરાં ઊગશે, અને તારે ખેતરના છોડવા ખાઈને પેટ ભરવું પડશે. તું ધરતીમાંથી પેદા થયો છે એટલે પાછો ધરતીમાં મળી જાય ત્યાં સુધી તારે માથાનો પસીનો ઉતારીને રોટલો ખાવો પડશે. તું માટીનો બનેલો છે ને પાછો માટીમાં મળી જવાનો છે'."[૫]

*

આમ મંગળ સૃષ્ટિમાં અમંગળ તત્ત્વ આવી જાય છે. દુઃખ ને શ્રમ, વાસના ને ભ્રષ્ટતા, વ્યાધિ ને પતન. એ આદિ કથા એક યા બીજી રીતે દરેક માણસની કથા હોય છે. દરેક માણસના હૃદયમાં ધર્મ ને અધર્મ વચ્ચે એ સંગ્રામ ચાલે છે, દરેકના અંતરમાં એ શુભ પ્રેરણા ને એ અશુભ ખેંચતાણ અનુભવાય છે, દરેકનું જીવન એ નૈતિક ક્ષેત્રમાં થયેલી એ હારજીતનો ઇતિહાસ છે. પાઉલ હૃદયભેદી આર્દ્રતા સાથે એ દયામણી દશાનું વર્ણન કરે છે: "આપણે જાણીએ છીએ કે, ધર્મશાસ્ત્ર તો આધ્યાત્મિક છે, પણ હું માટીનો માનવી છું અને પાપને વેચાયેલો છું. મારાં પોતાનાં કાર્યોને પણ હું સમજતો નથી. હું જે ઇચ્છું છું તે કરતો નથી અને જે ધિક્કારું છું તે કરું છું. આમ જોવા જાઓ તો, કરનાર હું નથી પણ મારામાં ઘર કરીને રહેલું પાપ છે. કારણ, હું જાણું છું કે, મારામાં એટલે કે મારી અધમ પ્રકૃતિમાં કંઈ સારું છે જ નહિ. સારું કામ કરવાની ઇચ્છા તો મારામાં છે જ, પણ તેમ કરવાની શકિત મારામાં નથી. હું જે ઇચ્છું છું તે સારું કાર્ય હું કરતો નથી, પણ હું જે નથી ઇચ્છતો તે બૂરું કાર્ય કરતો હોઉં છું. હવે હું જે ઇચ્છતો નથી તે હું કરતો હોઉં તો તે કરનાર હું નથી પણ મારામાં ઘર કરીને રહેલું પાપ છે. એટલે મને આ એક નિયમ જ દેખાય છે કે, મારે સારું કરવું હોય છે ત્યારે હું બૂરું જ કરી બેસું છું. મારો અંતરાત્મા તો ઈશ્વરના નિયમને આનંદથી વધાવી લે છે, પણ મારાં અંગોમાં બીજા જ એક નિયમનો અનુભવ થાય છે, જે મારી બુદ્ધિના નિયમ સામે ઝઘડે છે અને મારાં અંગોમાં વસતા પાપના નિયમનો મને બંદી બનાવે છે. હું કેવો દુર્ભાગી છું! મને મૃત્યુને (પાપને) વરેલા આ દેહથી કોણ છોડાવશે? એક જ ઈશ્વર, અને તે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા! ઈશ્વરનો આભાર! આમ, હું જાતે બુદ્ધિથી તો ઈશ્વરના નિયમનું પાલન કરું છું, પણ મારા દેહથી પાપના નિયમનું પાલન કરું છું."[૬]

પાઉલનો અનુભવ માનવીમાત્રનો અનુભવ છે. 'હું જે ઇચ્છું છું તે સારું

૫. ઉત્પત્તિ ૨, ૧૫-૧૭; ૩, ૧-૧૯.
૬. રોમ ૭, ૧૪-૨૫.

કાર્ય હું કરતો નથી, અને જે નથી ઇચ્છતો તે બૂરું કાર્ય હું કરતો હોઉં છું.' એમાં એ અશુભ વલણનું જોર છે. પણ સાથે સાથે, 'મારો અંતરાત્મા તો ઈશ્વરના નિયમને આનંદથી વધાવી લે છે.' એમાં દિલની જાગૃતિ છે. આમ જવાબદારી અને સ્વતંત્રતા, દિલના આદર્શ અને સંસારનાં પ્રલોભનોની વચ્ચે સંઘર્ષ છે.

*

આ દૃષ્ટિમાં પ્રારબ્ધ કે નસીબને સ્થાન નથી. એક તરફ માણસનો પુરુષાર્થ, અને બીજી તરફ ઈશ્વરની કૃપા એટલો ખેલ છે. અને દરેક કાર્યમાં તેમ જ સમસ્ત સાધનામાં બંનેનો સુમેળ જોઈએ એનો આગ્રહ છે. માણસની મહેનત ને ઈશ્વરનો આશીર્વાદ. પ્રયત્ન ને પ્રાર્થના. શ્રમ ને શ્રદ્ધા. એક સચોટ વાક્યમાં પાઉલ પોતાનો પરિશ્રમ જણાવે છે, અને સાથે સાથે ઈશ્વરકૃપાનું મહત્ત્વ સ્વીકારે છે: "હું જે કંઈ છું તે ઈશ્વરની કૃપાથી જ છું, પણ તેણે કરેલી કૃપા મારામાં વૃથા નથી ગઈ, બલ્કે, મેં એ બધાના (ઈસુના બીજા શિષ્યોના) કરતાં વધારે પરિશ્રમ કર્યો છે — જો કે એ કરનાર હું નથી પણ મારા ઉપર થયેલી ઈશ્વરની કૃપા છે."[૭]

માનવી ઈશ્વરનું સર્જન છે. માનવી સ્વતંત્ર સ્વમાની વ્યક્તિ છે માનવીને ઈશ્વરની કૃપા ને મદદ, સાથ ને સહકાર મળે છે. પરંતુ માનવી પોતાની સ્વતંત્રતાને જોરે દુષ્કર્મ આચરી શકે છે, અને એ આચરીને દુ:ખ ને આફત નોતરી શકે છે — નોતરે છે.

એ છે માનવીનો અનુભવ, અને એ છે માનવજાતનો ઇતિહાસ.

૭. ૧ કરિંથ ૧૫, ૧૦.

# ઉદ્ધાર

કરેલાં દુષ્કર્મનું ભાન માનવીને છે. એનો અનુભવ એના દિલમાં ને એની આસપાસની દુનિયામાં એને રોજ થાય છે. દ્વેષ ને શોષણ, અસત્ય ને અન્યાય, ગુસ્સો ને વાસના, હિંસા ને યુદ્ધ. અને તેથી એની શુદ્ધિ ને એની મુક્તિ મેળવવા માનવીનું સતત ચિંતન છે, સંકલ્પ છે. એ ભાન ને એ સંકલ્પ ખ્રિસ્તીદર્શનના પાયામાં છે.

પાઉલ બધાનો અહંકાર ખંખેરીને માનવીમાત્ર ઉપર દોષારોપણ કરે છે: "આથી, ઓ પારકાનો ન્યાય તોળનાર, તું ગમે તે હોય, તારી પાસે કોઈ બચાવ જ નથી. તું બીજાનો ન્યાય તોળે છે તેમાં જ તું તારી જાતને દોષિત ઠરાવે છે, કારણ, ન્યાય તોળનાર તું એ જ કરતો હોય છે. હવે આપણે જાણીએ છીએ કે આવાં કર્મો કરનારને ઈશ્વર ન્યાયપુરઃસર સજા ફરમાવે છે. અને આવાં કર્મો કરનારાઓનો ન્યાય તોળનાર અને જાતે એવાં કર્મો કરનાર તું શું એમ માને છે કે, તું ઈશ્વરની સજામાંથી બચી જઈશ? અથવા તું શું ઈશ્વરની અપાર કરુણા, સહિષ્ણુતા અને ધીરજનો ખોટો અર્થ કરે છે? તને એટલી ખબર નથી કે, ઈશ્વરની કરુણા તો તને પશ્ચાત્તાપને માર્ગે લઈ જવા માટે છે? પણ તારું હૃદય એવું તો હઠીલું અને રીઢું થઈ ગયું છે કે, તું કોપના દિવસ માટે તારે સારુ કોપનો સંચય કરી રહ્યો છે. તે દિવસે ઈશ્વરનો અદલ ઈન્સાફ જાહેર થશે, અને તે દરેકને તેનાં કર્મો અનુસાર બદલો આપશે."[૧]

એથી "ધર્મગ્રંથ તો આખી માનવજાતને પાપના બંધનમાં પડેલી દર્શાવે છે."[૨]

એ બંધનમાંથી છૂટવા પસ્તાવો, પ્રાયશ્ચિત્ત, શુદ્ધિકરણ થાય. પણ બંધન રહે છે. પાપ ઈશ્વરનો અપરાધ છે, માટે માફી ને મુક્તિ એના તરફથી જ આવી શકે. ને એમાં એ મુક્તિ-યોજના આવી: "હવે માણસને પુણ્યશાળી બનાવવાનો ઈશ્વરનો માર્ગ ખુલ્લો થયો છે. એની ધર્મશાસ્ત્ર અને પયગંબરો બંને સાખ પૂરે છે. ઈશ્વર ઈસુ ખ્રિસ્ત ઉપર શ્રદ્ધા રાખનારને સૌ કોઈને એ શ્રદ્ધાને આધારે જ પુણ્યશાળી બનાવે છે — એમાં ભેદ છે જ નહિ. સૌ કોઈએ પાપ કર્યાં છે અને સૌ કોઈ ઈશ્વરના મહિમાથી વંચિત થયા છે, અને તેઓ બધા કેવળ ઈશ્વરની કૃપાથી, ઈસુ ખ્રિસ્તે

૧. રોમ ૨, ૧-૬.
૨. ગલાતિયા ૩, ૨૨.

મેળવી આપેલી મુક્તિને પ્રતાપે જ પુણ્યશાળી બની શકે છે; કારણ, ઈસુને જ ઈશ્વરે પાપ-નિવારણના નિમિત્ત તરીકે નક્કી કર્યા છે. એ પાપ-નિવારણ ઈસુના બલિદાનથી સિદ્ધ થાય છે અને શ્રદ્ધા દ્વારા માણસને પ્રાપ્ત થાય છે. આમાં ઈશ્વરનો હેતુ માણસને પુણ્યશાળી બનાવવાનો પોતાનો સંકલ્પ પ્રગટ કરવાનો છે."[૩]

"હવે ઈસુ ખ્રિસ્ત સાથે એકતા સાધનારાઓને સજાનો કોઈ ભય નથી, કારણ, ઈસુ ખ્રિસ્ત સાથેની એકતાને લીધે આત્માના જીવનદાયી નિયમે તેમને પાપ અને મૃત્યુના નિયમમાંથી મુક્ત કર્યા છે. આપણી માનવપ્રકૃતિની નિર્બળતાને કારણે શાસ્ત્ર માટે જે અશક્ય હતું તે ઈશ્વરે કરી બતાવ્યું છે: આપણી પાપમય માનવપ્રકૃતિના સ્વરૂપમાં અને પાપ માટેના બલિરૂપે પોતાના પુત્રને મોકલીને તેણે માનવપ્રકૃતિમાં જ પાપને સજા ફરમાવી છે, જેથી માનવપ્રકૃતિ અનુસાર નહિ પણ આત્માની પ્રેરણા અનુસાર ચાલનાર એવા આપણે ધર્મશાસ્ત્રમાં કહેલી દોષમુક્તિ પામી શકીએ."[૪]

"સૃષ્ટિનો સર્જક અને ધારક પોતાના અનેક પુત્રોને મહિમા અર્પવા ઈચ્છતો હતો એટલે તેઓને મુક્તિને માર્ગે લઈ જનાર આગેવાનને (ઈસુને) દુઃખો દ્વારા સર્વાંગસંપૂર્ણ બનાવી દે એ યોગ્ય જ હતું. પવિત્ર કરનાર અને પવિત્ર થનાર બન્નેનું મૂળ એક જ છે. એથી જ તેઓને (માનવીઓને) ભાઈઓ કહેતાં તે શરમાતા નથી. તે કહે છે: 'હું મારા ભાઈઓ આગળ તારા નામની ઘોષણા કરીશ, અને ભરસભા વચ્ચે તારાં ગુણગાન ગાઈશ.' વળી, તે કહે છે: 'હું તેના ઉપર ભરોસો રાખીશ.' આગળ તે કહે છે: 'આ રહ્યો હું અને આ રહ્યાં ઈશ્વરે મને આપેલાં બાળકો.' બાળકો બધાં માનવપ્રકૃતિ ધરાવે છે, એટલે ઈસુ તેમના સમાનધર્મા થયા, જેથી પોતાના મૃત્યુ મારફતે મૃત્યુની સત્તા ધરાવનારનો એટલે કે સેતાનનો નાશ કરી શકે, અને મૃત્યુના ભયને કારણે આજીવન બંધનમાં પડેલા સૌને મુક્ત કરી શકે. એ તો દેખીતું જ છે કે, તેમણે દેવદૂતોની પ્રકૃતિ ધારણ નથી કરી પણ ઈબ્રાહીમના વંશજોની (મનુષ્યની) પ્રકૃતિ ધારણ કરી છે. આથી બધી બાબતોમાં પોતાના ભાઈઓ જેવા થવું તેમને માટે આવશ્યક હતું, જેથી તે ઈશ્વર સમક્ષ લોકોના દયાળુ અને વિશ્વાસપાત્ર વડા પુરોહિત થઈ તેમનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી શકે. એ પોતે કસોટીની વેદનામાંથી પસાર થયેલા હોઈ જેમની કસોટી થઈ રહી હોય તેમને મદદ કરી શકે છે."[૫]

૩. રોમ ૩, ૨૧-૨૫.
૪. રોમ ૮, ૧-૪.
૫. હિબ્રૂઓ ૨, ૧૦-૧૮.

*

બાઇબલના એ મહત્ત્વના પાઠોમાં ઈશ્વરની મુક્તિયોજનાની રૂપરેખાઓ આવી જાય છે.

માનવી અપરાધ કરે. ઈશ્વર માનવી પર દયા કરે. સીધી માફી આપે તો ભીખ આપવા જેવું થાય, અને ઈશ્વર તો માનવીનું સ્વમાન પૂરું સાચવે છે એ આપણે જોયું. માટે બીજો રસ્તો કાઢે. પોતાના 'પુત્ર'ને મોકલે. 'શબ્દ' અવતાર લે. ઈસુ બને. માનવી બને 'મનુષ્યની પ્રકૃતિ ધારણ કરે.' સાચા ને નક્કર અર્થમાં દેહધારી માનવી બને. દુ:ખ ને મૃત્યુને આધીન બને. માનવીના કુળનો બને. અને અંદરથી જ એ ઉદ્ધારકાર્ય ચલાવે. હવે એક આદર્શ માનવી પૃથ્વી ઉપર વિચરે. એના ઉપર પરમપિતા પ્રસન્ન છે. દુષ્ટ દુનિયાની વચ્ચે એક નિર્મળ જીવન પાંગરે. ને એની સાથે શ્રદ્ધાથી ને પ્રેમથી બીજા માનવીઓ એકરૂપ થાય. દુનિયામાં હજી દુષ્ટતા છે, ને એની અડફેટમાં આવતાં એ આદર્શ માનવ-રત્નનું જીવન જાય. અધર્મનું જોર લાગે. ક્રૂસ ઉપર એ નિર્દોષ જીવનનું બલિદાન અપાય. એ દિવ્ય સત્યાગ્રહમાં એક પૂજ્ય જીવન હોમાય—ને અધર્મનું રાજ ભાંગી જાય. પિતા ઈસુને નવું જીવન આપે. મૃત્યુ ને દુ:ખ ને પાપ ઉપર વિજય આપે. ને એમના દ્વારા એમની સાથે એક કુળના બાંધનથી એકરૂપ થયેલા સર્વ માનવીઓને એ નવા જીવનનાં બીજ અને એ અંતિમ વિજયનાં એંધાણ આપે.

"આપણા પ્રભુ ઈસુને સજીવન કરનાર ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખનાર આપણે પણ એ જ રીતે પુણ્યશાળી ગણાઈશું. પ્રભુ ઈસુને આપણા અપરાધોને કારણે મૃત્યુને હવાલે કરવામાં આવ્યા હતા, અને આપણને પુણ્યશાળી બનાવવા માટે તેમને ફરી સજીવન કરવામાં આવ્યા હતા."[૬]

*

તર્ક કરતાં આ અનુભવનો વિષય છે. પોતાના અંગેઅંગમાં પાપનો સ્પર્શ અનુભવ્યા પછી મુક્તિની ધન્યતા અનુભવતી વખતે પાઉલે આ જ્વલંત શબ્દો લખ્યા :

"આ જાણ્યા પછી આપણે શું કહીશું? જો ઈશ્વર આપણા પક્ષમાં છે, તો આપણી વિરુદ્ધ કોણ હોઈ શકે? તેણે પોતાના એકના એક પુત્રને સુધ્ધાં સાચવી રાખ્યો નહિ, પણ આપણા સૌની ખાતર સમર્પી દીધો, તો તેની સાથે જ તે આપણને

૬. રોમ ૪-૨૫.

સર્વસ્વનું દાન નહિ કરે? ઈશ્વરે જેમને પસંદ કર્યા છે તેમના ઉપર કોણ દોષારોપણ કરશે? ઈશ્વરે જો નિર્દોષ ઠરાવ્યા છે તો પછી સજા કોણ કરશે? ઈસુ ખ્રિસ્ત મૃત્યુને વર્યા હતા એટલું જ નહિ, પાછા સજીવન થયા હતા, અને ઈશ્વરને જમણે હાથે બિરાજી આપણા વતી વિનવણી પણ કરે છે. તો પછી ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ વિખૂટા પાડી શકે એમ છે? દુ:ખો કે કષ્ટો, કે અત્યાચાર, કે ભૂખમરો, કે નગ્નતા, કે જોખમ, કે તલવાર? શાસ્ત્રમાં લખ્યું છે તેમ: 'તારે ખાતર અમારો દિવસભર વધ કરવામાં આવે છે, અમને વધેરવાનાં ઘેટાં જેવા ગણવામાં આવે છે.' પણ આપણા ઉપર પ્રેમ રાખનારને કારણે આ બધી બાબતોમાં આપણો વિજય થાય છે—બલ્કે, વિજયથીય વધારે. મને પૂરો વિશ્વાસ છે કે, મૃત્યુ કે જીવન, દેવદૂતો કે શાસકો, વર્તમાન કે ભાવિ, અધોલોક કે ઊર્ધ્વલોક, સત્તા કે સૃષ્ટિમાંની કોઈ પણ વસ્તુ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તરૂપે પ્રગટેલા ઈશ્વરના પ્રેમથી આપણને વિખૂટા પાડી શકે એમ નથી."[૭]

"મને મૃત્યુને (પાપને) વરેલા આ દેહથી કોણ છોડાવશે?"[૮] અને "ઈસુ ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ વિખૂટા પાડી શકે એમ છે?"[૯] એ બે ઉદ્‌ગારો વચ્ચે પાઉલનું જીવન—અને પાપ-પુણ્ય વિશેનું ખ્રિસ્તીદર્શનનું શિક્ષણ—આવી જાય છે.

૭. રોમ ૮, ૩૧-૩૯.
૮. રોમ ૭, ૨૪.
૯. રોમ ૮, ૩૫.

# શ્રદ્ધા ને પ્રેમ

ઈસુએ કહ્યું હતું, "હું દ્રાક્ષાનો વેલો છું અને તમે ડાળીઓ છો."[1] અને પાઉલે લખ્યું હતું: "જેમ શરીર એક છે, અને તેને અનેક અંગો છે, અને શરીરનાં અંગો અનેક હોવા છતાં બધાં મળીને એક શરીર બને છે, તેવું જ ખ્રિસ્તનું છે."[2] "એ ધર્મસંઘરૂપી શરીરનું મસ્તક છે."[3] "આપણે અનેક હોવા છતાં ખ્રિસ્તમાં એક દેહ બનેલા છીએ, અને આપણે દરેક જણ એકબીજાનાં અંગો છીએ."[4] વેલો અને ડાળીઓ. મસ્તક અને અંગો. બંનેમાં એક જ જીવન—એક જ લોહી. એ ગાઢ સંબંધ શ્રદ્ધાથી અને ભકિતથી બંધાય, અને તેથી શ્રદ્ધાનું અને ભકિતનું આગવું મહત્ત્વ છે.

શ્રદ્ધા એ કોઈ અંધ લાગણી કે જડ વૃત્તિ કે વહેમ નથી. શ્રદ્ધા વિવેકપૂર્ણ હોય છે, બુદ્ધિજન્ય હોય છે. પણ શ્રદ્ધા ખાલી મનનો તરંગ કે વિચારની પ્રવૃત્તિ પણ નથી: એ પૂર્ણ વિશ્વાસ છે, વફાદારી છે, શરણાગતિ છે. 'હું ઈશ્વરને માનું છું' એનો અર્થ 'હું ઈશ્વરને મારું જીવન સોંપી દઉં છું' એ થાય છે. શ્રદ્ધા એ જીવનનો વિષય છે, તર્કનો કે લાગણીનો નહિ. "શ્રદ્ધા એટલે જેની આપણે આશા રાખીએ છીએ તેની બાંયધરી, અને જે નજરે જોયું નથી તેને વિશેની ખાતરી."[5]

એ શ્રદ્ધાથી ઈસુની સાથે એકરૂપ થઈને ને એ દ્વારા એમના બલિદાનનું સામર્થ્ય ને એમના નવજીવનની ધન્યતા પોતાના જીવનમાં અનુભવીને પાઉલ લખે છે: "ખ્રિસ્તની સાથે જ હું પણ ક્રૂસે જડાયેલો છું; એટલે હવે જે જીવે છે તે હું નથી જીવતો, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે; આ નશ્વર દેહે હું જે જીવું છું તે મારા ઉપર પ્રેમ રાખનાર અને મારે ખાતર પોતાની જાત સમર્પી દેનાર ઈશ્વરપુત્ર ઉપરની શ્રદ્ધાને આધારે જીવું છું. હું ઈશ્વરની કૃપાને વ્યર્થ નહિ બનાવું."[6] "મને શુભસંદેશની શરમ નથી આવતી. એ તો શ્રદ્ધા રાખનાર દરેકને મુકિત અપાવનારી ઈશ્વરની શકિત છે. કારણ, એમાં માણસોને પુણ્યશાળી બનાવવાનો ઈશ્વરનો માર્ગ પ્રગટ થાય છે, જેનું

૧. યોહાન ૧૫, ૫.
૨. ૧ કરિંથ ૧૨, ૧૨.
૩. કલોસ્સા ૧, ૧૮.
૪. રોમ ૧૨, ૫.
૫. હિબ્રૂઓ ૧૧, ૧.
૬. ગલાતિયા ૨, ૧૯-૨૧.

મૂળ શ્રદ્ધા છે અને જેનું પરિણામ પણ શ્રદ્ધા છે. શાસ્ત્રમાં વચન છે કે, 'શ્રદ્ધાથી પુણ્યશાળી બનેલ માણસ જ જીવન પામશે.'"[૭] "એટલે, શ્રદ્ધાને કારણે પુણ્યશાળી બની ચૂકયા હોઈને, આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત મારફતે ઈશ્વરની સાથે શાંતિમાં રહીએ છીએ, અને ઈશ્વરની જે કૃપાની છાયામાં વસીએ છીએ તે પણ તેમની મારફતે જ પામ્યા છીએ, અને ઈશ્વરનો મહિમા પ્રાપ્ત કરવાની આશાથી ગૌરવ અનુભવીએ છીએ. એટલું જ નહિ, પણ આપણે આપણાં કષ્ટોમાં પણ ગૌરવ અનુભવીએ છીએ, કારણ, આપણે જાણીએ છીએ કે, કષ્ટોથી દૃઢતા કેળવાય છે, એ દૃઢતા આપણી સચ્ચાઈનો પુરાવો છે, એ સચ્ચાઈને લીધે આશા પ્રગટે છે, અને એ આશા આપણને નિરાશ કરતી નથી, કારણ, આપણને પવિત્ર આત્મા આપીને ઈશ્વરે આપણા હૃદય ઉપર પોતાનો પ્રેમ વર્ષાવ્યો છે."[૮]

*

એ શ્રદ્ધાની સાથે ધર્માચરણ આવે: "કાર્ય વગરની શ્રદ્ધા વાંઝણી છે"[૯] પ્રેમ આવે: "પ્રેમપ્રેરિત શ્રદ્ધા જ કામ આવે છે"[૧૦], વિજય આવે: "સંસારનો પરાભવ કરી વિજયી થનાર આપણી શ્રદ્ધા છે"[૧૧], દૃઢતા આવે: "તમારી શ્રદ્ધાની કસોટીમાં પાર ઊતરવાની દૃઢતા જન્મે છે"[૧૨], પવિત્ર આત્માની પ્રાપ્તિ થાય: "જેનું વચન અપાયું છે તે પવિત્ર આત્માની આપણને સૌને શ્રદ્ધા દ્વારા પ્રાપ્તિ થાય."[૧૩]

અને વિશેષ તો એ શ્રદ્ધાની સાથે પ્રેમ ને પૂજ્યભાવ ને ભકિત આવે છે. એ ભકિત દ્વારા ઈસુ સાથેની એકતા સધાય છે અને તેમના જીવન ને પુણ્ય ને વરદાનોના ભાગીદાર થવાય છે.

પાઉલ કારાવાસમાં હતા અને પોતાને મુકિત મળશે કે દેહદંડ મળશે એની એમને હજી ખબર નહોતી ત્યારે એણે લખ્યું: "મારી તો એવી ઉત્કટ અપેક્ષા અને આશા છે કે, મારી કોઈ પણ વાતે લાજ નહિ જાય, પણ હમેશની પેઠે આ વખતે પણ હું એવી નીડરતાથી બોલીશ કે, મારી મારફતે ખ્રિસ્તનો મહિમા થશે — પછી ભલે હું

૭. રોમ ૧, ૧૬-૧૭.
૮. રોમ ૫, ૧-૫.
૯. યાકૂબ ૩, ૨૦.
૧૦. ગલાતિયા ૫, ૬.
૧૧. ૧ યોહાન ૫, ૪.
૧૨. યાકૂબ ૧, ૩.
૧૩. ગલાતિયા ૩, ૧૪.

મૃત્યુ પામું કે જીવતો રહું. મારે મન તો જીવવું એટલે ખ્રિસ્ત, અને મરવું એટલે લાભ. પણ જો હું આ દેહે જીવતો રહું તો વધારે કામ કરી શકું, એટલે શું પસંદ કરવું એ મને સૂઝતું નથી. એ બે વચ્ચે મારા મનમાં ભારે ખેંચાતાણ ચાલી રહી છે; મને ઇચ્છા તો ચાલ્યા જવાની અને ખ્રિસ્તના સાન્નિધ્યમાં રહેવાની થાય છે, અને એ અનેકગણું સારું છે; પણ આ દેહમાં રહેવું એ તમારે ખાતર વધુ આવશ્યક છે. એ વાતની મને ખાતરી છે અને હું જાણું છું કે, તમારી પ્રગતિ અને શ્રદ્ધાના આનંદને ખાતર હું જીવતો રહીશ અને તમારી બધાની સાથે રહેવાનું ચાલુ રાખીશ, જેથી હું જ્યારે ફરી વાર તમારે ત્યાં આવું ત્યારે ઈસુ ખ્રિસ્ત આગળ મારે માટે અભિમાન લેવાનું તમને વિશેષ કારણ મળે."[૧૪] અને આગળ પોતાની સિદ્ધિઓ ગણ્યા પછી ઉમેર્યું: "પણ આ બધા લાભોને મેં ખ્રિસ્તને ખાતર ખોટરૂપે જ દેખ્યા છે એટલું જ નહિ, હું તો મારા પ્રભુ ખ્રિસ્ત ઈસુને ઓળખવાના મોટા લાભ આગળ સર્વ કાંઈને ખોટરૂપે જ દેખું છું. તેમને ખાતર મેં સર્વ કાંઈ જતું કર્યું છે, અને એ બધાને હું તો કચરો જ લેખું છું, જેથી હું ખ્રિસ્તને પામી શકું અને તેમની સાથે એક થઈ જાઉં. મારું પુણ્ય કંઈ શાસ્ત્રપાલનથી મળેલું નથી, પણ ઈસુ ઉપરની શ્રદ્ધાને કારણે મળેલું છે. શ્રદ્ધાને આધારે જ ઈશ્વર એ આપે છે. મારી તો એક જ ઝંખના છે: ઈસુના અને તેમના પુનરુત્થાનના સામર્થ્યનો સાક્ષાત્કાર કરવો, તેમનાં દુ:ખોમાં ભાગીદાર બની તેમના મૃત્યુમાં તેમના જેવા થવું, એ આશાએ કે, હું પણ મૃત્યુમાંથી ફરી સજીવન થાઉં. એનો અર્થ એવો નથી કે, મેં આ પ્રાપ્ત કરી લીધું છે, અથવા હું પરિપૂર્ણ બની ચૂક્યો છું, પણ જે ધ્યેયને માટે ખ્રિસ્ત ઈસુએ મારો કબજો લીધો છે તેને કબજે કરવા હું ધપી રહ્યો છું. ભાઈઓ, એ મને હાથ લાગ્યું હોય એમ હું માનતો નથી, પણ એટલું ખરું કે, જે પાછળ છે તેને ભૂલી જઈને જે આગળ છે તેને પ્રાપ્ત કરવા મથી રહ્યો છું, ખ્રિસ્ત ઈસુ દ્વારા જે ઇનામ મેળવવાનું ઈશ્વરે સ્વર્ગમાંથી આહ્વાન કર્યું છે તે મેળવવા, ધ્યેયને લક્ષમાં રાખીને, હું આગળ ધપી રહ્યો છું."[૧૫]

પાઉલની આ આર્દ્ર પ્રાર્થના હતી: "હું સ્વર્ગમાંના અને પૃથ્વી ઉપરના દરેક કુળના મૂળરૂપ પરમપિતાની આગળ દંડવત્ પ્રણામ કરીને પ્રાર્થું છું કે, તે પોતાના અપાર મહિમાને શોભે એ રીતે તમારા અંતરને પોતાના આત્મા દ્વારા બળ અર્પી શક્તિશાળી બનાવે, શ્રદ્ધાને જોરે ખ્રિસ્ત તમારા હૃદયમાં વાસો વસે, તમે પ્રેમમાં દૃઢમૂલ અને દૃઢપ્રતિષ્ઠિત થાઓ, સૌ પુણ્યજનો ભેગા પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ

૧૪. ફિલિપ્પી ૧, ૨૦-૨૬.
૧૫. ફિલિપ્પી ૩, ૭-૧૪.

અને ઊંડાઈ સમજવા સમર્થ બની જાઓ, અને જ્ઞાનથી પર એવા ખ્રિસ્તના પ્રેમને જાણવા પામો, જેથી તમે ઈશ્વરની બધી પરિપૂર્ણતાથી પૂર્ણ થાઓ."[૧૬]

ઈસુએ કહ્યું હતું, 'હું જીવન છું', અને પાઉલે લખ્યું, 'મારે તો જીવવું એટલે ખ્રિસ્ત'. ઈસુનું એ વચન અને પાઉલનો એ ઉદ્‌ગાર ખ્રિસ્તમાર્ગીઓનું લક્ષ્ય ને અનુભવ છે.

૧૬. એફેસસ ૩, ૧૪-૧૯.

# સ્નાનસંસ્કાર

નવું જીવન આવે તે નવી સૃષ્ટિ લઈને આવે. એ નવા જીવનનાં — આધ્યાત્મિક જીવનનાં — ઉદય ને વૃદ્ધિ, પોષણ ને લયના પ્રસંગો આવે. ને એને લગતા વિધિઓ ને સંસ્કારો આવે.

ખ્રિસ્તીદર્શનનો પહેલો સંસ્કાર તે સ્નાનસંસ્કાર. તે ઉદયનો સંસ્કાર છે, નવજીવનનો સંસ્કાર છે. સ્નાનમાં મૃત્યુનો સંકેત છે — પ્રલયનાં જળમાં ડૂબીને નાશ પામવાનો સંકેત છે. અને સ્નાનમાં જીવનનો પણ સંકેત છે — સ્નાનમાં તાજગી ને સ્ફૂર્તિ છે, વિજ્ઞાનના સંશોધન મુજબ સમુદ્રના પેટમાં જીવંત સૃષ્ટિનો ઉદય થયો, અને બાઈબલના ઉત્પત્તિ-પ્રકરણ મુજબ સર્જનની વેળાએ પ્રભુનો સર્જક આત્મા જળસમુદાય ઉપર વહેતો હતો: જળ એ જીવનનું ઉદ્‌ભવસ્થાન છે. ઈસુ પોતાના મૃત્યુને 'સ્નાન' કહેતા: "મારે એક પ્રલયસ્નાનમાંથી પસાર થવાનું છે, અને એ પતી જાય ત્યાં સુધી મારી ભીંસનો કોઈ પાર નથી."[1] અને નવા જીવનના પ્રવેશને પણ સ્નાન કહેતા: "પાણી અને આત્મામાંથી જન્મ ન લે ત્યાં સુધી કોઈ ઈશ્વરના રાજ્યમાં દાખલ નહિ થઈ શકે."[2] સ્નાનમાં ઈસુના મૃત્યુનો અને ઈસુના પુનર્જીવનનો સંકેત હતો, માટે એમની સાથે એકરૂપ થઈને જે માણસ અધર્મ સંબંધે મરી જાય અને ધર્મના રાજ્યમાં નવું જીવન શરૂ કરે એને માટે એ સ્નાનસંસ્કારનો વિધિ સ્થપાયો.

દેહનો મેલ ધોવાય એ દિલની મલિનતા ધોવાઈ ગયાનો સંકેત થાય. પાઉલ લખે છે: "એક સમયે આપણે સમજ વગરના, આજ્ઞાઓનું ઉલ્લંઘન કરનારા અને આડે માર્ગે ચડી ગયેલા હતા; જાતજાતની વાસનાઓ અને વિલાસોના ગુલામ બન્યા હતા, અને દ્વેષ અને ઈર્ષ્યામાં દહાડા કાઢતા હતા; પોતે તિરસ્કારપાત્ર હતા અને એકબીજાનો તિરસ્કાર કરતા હતા. પણ જ્યારે આપણા મુક્તિદાતા પરમેશ્વરની કરુણા અને માનવપ્રેમ પ્રગટ થયાં ત્યારે તેણે આપણો ઉદ્ધાર કર્યો. આપણાં કોઈ સત્કર્મોને કારણે નહિ પણ તેની પોતાની દયાને લીધે તેણે આપણને સ્નાન કરાવીને નવજન્મ આપ્યો અને પવિત્ર આત્મા બક્ષીને આપણને નવજીવન આપ્યું. તેણે આપણા ઉદ્ધારક ઈસુ ખ્રિસ્ત મારફતે આપણા ઉપર પવિત્ર આત્માની મોકળે હાથે

૧. લૂક ૧૨, ૫૦.
૨. યોહાન ૩, ૫.

વૃષ્ટિ કરી છે, એટલે તેની કૃપાથી પુણ્યશાળી ઠરી આપણે તેના વારસ બની શાશ્વત જીવનની આશા સેવી શકીએ છીએ."[3]

અને બીજે પ્રસંગે પણ: "તમને ખબર નથી કે, આપણે સૌ સ્નાન-સંસ્કાર દ્વારા ઈસુ ખ્રિસ્ત સાથે એકતા સાધનારાઓ તેમના મૃત્યુના પણ સહભાગી થયા છીએ? સ્નાનસંસ્કાર દ્વારા મૃત્યુના સહભાગી બનીને આપણે ખ્રિસ્તની સાથે દફન થયા હતા, જેથી તેઓ જેમ પરમપિતાના મહિમાના પ્રભાવથી પુનર્જીવન પામ્યા હતા, તેમ આપણે પણ નવજીવનને પંથે પગલાં માંડીએ. આપણે તેમના મૃત્યુમાં જો સહભાગી થયા હતા તો તેમના પુનર્જીવનમાં પણ આપણે સહભાગી થવું જોઈએ. આપણે જાણીએ છીએ કે, આપણી પુરાણી પ્રકૃતિ તો ઈસુની સાથે વધસ્તંભે જડાઈ ગઈ છે, એટલે આપણા પાપમય દેહનો નાશ થયો છે, અને આપણે હવે પાપના ગુલામ રહ્યા નથી; કારણ, જે મરી ગયા તેનો પાપ સાથેનો સંબંધ પૂરો થયો. પણ આપણે જો ખ્રિસ્ત સાથે મર્યા છીએ તો આપણને ખાતરી છે કે, આપણે ખ્રિસ્ત સાથે જીવીશું પણ ખરા. આપણે જાણીએ છીએ કે, મરેલામાંથી પુનર્જીવન પામેલા ખ્રિસ્ત હવે મરનાર નથી, તેમના ઉપર મૃત્યુને હવે કોઈ અખત્યાર નથી. તેઓ મરી ગયા છે તે તો કાયમના પાપ પૂરતા મરી ગયા છે, પણ જીવે છે તે ઈશ્વરને માટે જીવે છે. એટલે તમે પોતે પણ એમ સમજો કે, તમે પાપ પૂરતા તો મરી ગયા છો પણ ખ્રિસ્ત સાથેની એકતાને લીધે ઈશ્વરને માટે જીવો છો. એટલે તમે પાપને તમારા મર્ત્ય દેહ ઉપર દોર ચલાવવા દઈ દેહની વાસનાઓને તાબે થશો નહિ. તમે તમારાં અંગોને અધર્મનાં સાધન તરીકે પાપને સોંપશો નહિ, પણ તમે તો મરેલામાંથી સજીવન થયેલા છો એટલે તમારી જાતને ઈશ્વરને સમર્પી દેજો, અને તમારાં અંગોને ધર્મનાં સાધન તરીકે ઈશ્વરને સોંપી દેજો."[4]

આમાં સ્નાનસંસ્કારનો મર્મ ને પ્રભાવ બરાબર સમજાવ્યા છે. ઈસુની સાથે એકતા; એમના મૃત્યુની સાથે આપણી પાપમય પ્રકૃતિનું મૃત્યુ; એમના પુનર્જીવન સાથે આપણો પુનરુદ્ધાર; અને ત્યારથી આપણા જીવનમાં નવી શુદ્ધતા ને પવિત્રતા. ને એનો સંકેત, મહોર, સાક્ષી તે સ્નાનસંસ્કાર. ટૂંકમાં, "સ્નાનસંસ્કાર દ્વારા ખ્રિસ્તની દીક્ષા લેનાર તમે બધાયે ખ્રિસ્તરૂપ બન્યા છો."[5]

*

૩. તિતસ ૩, ૩-૭.
૪. રોમ ૬, ૩-૭.
૫. ગલાતિયા ૩, ૨૭.

ઈસુ સાથેની એકતા તો શ્રદ્ધા ને ભક્તિ દ્વારા બંધાય એ મૂળ વાત. મનનો ને દિલનો જ સંબંધ સાચો છે એ પહેલો આગ્રહ છે, અને એ ન હોય તો બાહ્ય પ્રયોગો ને પ્રક્રિયાઓ ખાલી કર્મકાંડ હશે. પરંતુ એ આંતરિક સંબંધ પૂરતો નથી. મન ને દિલ સિવાય માનવીને દેહ ને વાણી પણ હોય છે, અને અંતરની વફાદારી વ્યક્ત કરવા શબ્દ ને અભિનય એની પાસે છે. માટે ઈસુનું શરણ સ્વીકારનારને દિલની શરણાગતિની સાથે બાહ્ય સ્નાનસંસ્કારની મુદ્રા પણ અપનાવવાની હોય છે. અંતરની શ્રદ્ધા અને બહારનો વિધિ. ખાનગી વિશ્વાસ અને જાહેર સંસ્કાર. અંતરાત્માની આગળ સ્વીકાર અને સમાજની આગળ જાહેરાત. પૂરી ને સાચી પ્રતિજ્ઞા જોઈએ.

પીતરના પ્રથમ પ્રવચનથી પ્રભાવિત થઈને લોકોએ એમને પૂછ્યું કે, 'તો અમારે શું કરવું?' ત્યારે એમણે જવાબ આપ્યો: "જીવનપલટો કરો, અને તમારા પાપની ક્ષમા માટે ઈસુ ખ્રિસ્તને નામે તમે એકેએક જણ સ્નાનસંસ્કાર લો, તો તમને પવિત્ર આત્મારૂપ વરદાન મળશે. કારણ, એ વચન તમારે માટે, તમારાં સંતાનો માટે, અને દૂર દૂર વસતાં સઘળાં માટે, જેને જેને આપણા પ્રભુ ઈશ્વર બોલાવે તે સૌને માટે છે."[૧]

૧. પ્રે. ચ. ૨. ૩૮-૩૯.

# પ્રભુભોજન

ખ્રિસ્તીદર્શનનો બીજો મહત્ત્વનો સંસ્કાર ‘પ્રભુ ભોજન’ અથવા ‘ખ્રિસ્ત-પ્રસાદ’નો છે.

એની પાછળનો ખ્યાલ એક સર્વમાન્ય ધાર્મિક અનુભવ છે: પ્રભુને આપણી જાત અર્પણ કરીએ, તેના સંકેતરૂપે ભગવાનના મંદિરમાં જઈને નૈવેદ્ય ચડાવીએ, તે એ સ્વીકારે, પ્રસન્ન થાય, કૃપા બતાવવા એ નૈવેદ્ય પ્રસાદરૂપે પાછું આપે, આપણે તે લઈએ, ખાઈએ, ને એના દ્વારા પ્રભુની સાથે એકતા અનુભવીએ—એ ખ્યાલ ને એ વિધિ ભકતને સહજ હોય છે. એ ભાવના પણ ‘ખ્રિસ્તપ્રસાદ’ની ભૂમિકામાં છે; પણ એનો અર્થ ને મર્મ વધુ ગહન છે.

શિષ્યોની છેલ્લી વિદાય લેવા માટે ઈસુએ ભોજનનો પ્રસંગ પસંદ કર્યો હતો. અનેક વાર ઈસુએ ઉપદેશ આપતાં ધર્મના રાજ્યની ધન્યતા ને મંગળમયતા સમજાવવા એને ભોજનસમારંભની ઉપમા આપી હતી. સહભોજનમાં આનંદ છે, સંપ છે, પોષણ છે, કુટુંબની ભાવના છે — ને એ જ આનંદ ને એકતા ને પુષ્ટિ સાચા ને આખરી અર્થમાં ઈશ્વરને ત્યાં જ મળશે. અનેક વખત પણ એ આનંદની આગાહીરૂપે શિષ્યોની ને મિત્રોની ને યજમાનોની સાથે ઈસુ સંકોચ વગર ભોજનમાં બેઠા હતા. હવે પોતાના જીવનના એ છેલ્લા દિવસે એક ધાર્મિક તહેવારની (પાસ્ખાની) ઉજવણી હતી; ને તેનો મુખ્ય વિધિ ઘેર કુટુંબના ભોજન દરમિયાન થવાનો હતો. તો એ જ ધાર્મિક પૌરાણિક ભોજનમિલનમાં શિષ્યોની વિદાય લેવાનું ઈસુએ પસંદ કર્યું હતું. એમણે તેમને કહ્યું હતું: “મારી અંતિમ વેદના ને બલિદાન થાય તે પહેલાં પાસ્ખા પર્વનું આ ભોજન તમારી સાથે લેવા મારું અંતર ઝંખ્યા કરતું હતું; કારણ, હું તમને કહું છું કે, ઈશ્વરના રાજ્યમાં સાચે સ્વરૂપે એ પ્રગટ ન થાય ત્યાં સુધી હું ફરી કદી આ ભોજન લેવાનો નથી.”[૧]

એ ભોજન લેતાં લેતાં ઈસુએ જે કર્યું હતું એનું વર્ણન ‘શુભસંદેશ’માં તેમ જ પાઉલના એક પત્રમાં છે: “પ્રભુ તરફથી મને જે પરંપરા મળી હતી તે જ મેં તમને પહોંચાડી છે: ભગવાન ઈસુને પકડાવી દેવામાં આવ્યા તે જ રાતે તેમણે રોટી લઈ, સ્તુતિવચન ઉચ્ચારી તેના ટુકડા કર્યા અને કહ્યું ‘આ મારું શરીર

૧. લૂક ૨૨, ૧૫–૧૬.

છે, એ તમારે માટે અર્પણ થાય છે; મારા સ્મારક તરીકે આ વિધિ કરતા રહેજો.' એ જ રીતે, ભોજન પછી, પ્યાલો લઈને તેમણે કહ્યું, 'આ પ્યાલો મારા લોહીથી કરાયેલો નવો કરાર છે. જ્યારે જ્યારે તમે એનું પાન કરો, ત્યારે ત્યારે મારા સ્મારક તરીકે આ વિધિ કરતા રહેજો.' એટલે જેટલી વાર તમે આ રોટી ખાઓ છો અને આ પ્યાલો પીઓ છો, તેટલી વાર તમે પ્રભુનું આગમન થતાં સુધી તેમના મરણની ઘોષણા કરો છો."[૨]

બીજે દિવસે ઈસુનો દેહ ક્રૂસ ઉપર જડવાનો હતો અને એમનું લોહી વહેવડાવવાના હતા. ને પોતે પોતાનાં એ દેહ ને એ લોહી ક્રૂસની વેદી ઉપર એ બલિદાનના નૈવેદ્ય તરીકે પરમપિતાની આગળ માનવજાતના ઉદ્ધાર અર્થે ચડાવવાના હતા.

તો હવે એ યજ્ઞના પ્રસાદરૂપે એ રોટીમાં ને એ આસવમાં પરમપિતાએ સ્વીકારેલું એ દિવ્ય નૈવેદ્ય, એ દેહ ને એ લોહી આપે છે, અને એ યજ્ઞદ્રવ્યોના આહાર ને પાન દ્વારા પોતાના ભકતોની સાથે અનન્ય એકતા સાધે છે. પછી કહે છે: "મારા સ્મારક તરીકે આ કરતા રહેજો."

*

યજ્ઞ, નૈવેદ્ય ને પ્રસાદ. બલિદાન, ભકિત ને એકતા. એ ભોજનવિધિ દ્વારા ઈસુના શિષ્યો એમની સાથે ને એકબીજાની સાથે પરસ્પર એકતા અનુભવતા થયા, અને આજના ખ્રિસ્તમાર્ગીઓ પણ અનુભવે છે. પાઉલનો અનુભવ આજનો અનુભવ પણ છે: "આપણે જેના ઉપર સ્તુતિવચન ઉચ્ચારીએ છીએ તે સ્તુતિના પ્યાલા દ્વારા ખ્રિસ્તના રકતના સહભાગી નથી બનતા? આપણે જે રોટીના ટુકડા કરીએ છીએ તે દ્વારા ખ્રિસ્તના દેહના સહભાગી નથી બનતા? આપણે એક રોટીના સહભાગી છીએ, એટલે આપણે બધા એક રોટી, એક દેહ છીએ."[૩]

૨. ૧ કરિંથ ૧૧, ૨૩–૨૬.
૩. ૧ કરિંથ ૧૦, ૧૬–૧૭.

# કુટુંબ અને સમાજ

'આપણે બધા એકદેહ છીએ'—ખ્રિસ્તપ્રસાદના સંદર્ભમાં પાઉલે ઉચ્ચારેલું એ વચન ખ્રિસ્તીદર્શનમાં એક અગત્યનું નીતિસૂત્ર છે. ઈસુના પ્રેમમાં અને પરમપિતાની આરાધનામાં બધા એક છીએ, એ ઉપરથી એકબીજા માટેનાં ફરજો, ધર્મ ને વર્તન તારવી કાઢવામાં આવે છે.

એક દેહ જેવો સંબંધ છે, એટલે એક દેહનાં અંગો જેટલી એકતા ને અવલંબન ને પ્રેમ હોવાં જોઈએ.

એ સિદ્ધાંતનાં અનેક પરિણામો છે: સાથે દુઃખ ને સાથે આનંદ: "એક અંગને દુઃખ થતાં બધાં દુઃખી થાય છે, અથવા એક અંગને માન મળતાં બધાં સાથે આનંદ માણે છે."[1] એકબીજાની મદદ ને સેવા: "અંગો ઘણાં છે પણ શરીર એક છે. આંખ હાથને નથી કહી શકતી કે, 'મને તારી જરૂર નથી', અથવા માથું પગને નથી કહી શકતું કે, 'મને તારી જરૂર નથી.' ઊલટું, શરીરનાં નબળામાં નબળાં લાગતાં અંગો વધારેમાં વધારે આવશ્યક છે."[2] બધાનું સંગઠન: 'શરીર કંઈ એક અંગ નથી પણ ઘણાં છે. પગ જો એમ કહે કે, 'હું હાથ નથી માટે શરીરનું અંગ નથી', તો એથી કંઈ તે શરીરનું અંગ મટી જતો નથી."[3] સત્ય બોલવાનો આગ્રહ: "અસત્યને ફગાવી દો, એકબીજા સાથે સૌ સાચું બોલો, કારણ, આપણે એક જ શરીરનાં અંગો છીએ."[4] સાથે વિકાસ પામવાનો ધર્મ: "ઈસુ મસ્તક છે, એમને આધારે આખું શરીર પોષણ આપનારા એકએક સાંધા દ્વારા સુગ્રથિત અને સંગઠિત થાય છે, અને દરેક અંગ પોતપોતાનું કામ કરે છે એટલે એ વિકાસ પામે છે અને અંતે પ્રેમને જોરે એનું કાઠું બંધાય છે."[5] સદાચારની સાધના: "ચોરી કરતો હોય તેણે ચોરી ન કરવી, બલ્કે, જાતમહેનત કરીને કોઈ સારો ધંધો કરવો, જેથી કોઈને જરૂર હોય તો મદદ કરી શકે. તમારા મોંમાંથી એકે અપશબ્દ ન નીકળવા દેશો, પણ પ્રસંગ પ્રમાણે બીજાનો ઉત્કર્ષ થાય એવાં સારાં વચન જ બોલજો, જેથી સાંભળનારનું ભલું થાય. પરમેશ્વરના પવિત્ર આત્માને દુઃખી કરશો નહિ—એ જ

૧. ૧ કરિંથ ૧૨, ૨૬.
૨. ૧ કરિંથ ૧૨, ૨૧–૨૨.
૩. ૧ કરિંથ ૧૨, ૧૪–૧૫.
૪. એફેસસ ૪, ૨૫.
૫. એફેસસ ૪, ૧૬.

તમારા મુક્તિદિન માટેની તમારા ઉપર મારેલી મહોર છે. તમારામાંથી કડવાશ, ઉશ્કેરાટ, ગુસ્સો, બોલાચાલી, નિંદા અને સર્વ પ્રકારની ભૂંડાશ સદંતર કાઢી નાખજો. એકબીજા પ્રત્યે મમતા અને કૂંણી લાગણી રાખજો અને ઈશ્વરે ખ્રિસ્ત મારફતે તમને ક્ષમા કરી છે તેમ તમે પરસ્પર કરજો."[૬] અને શાંતિનું વરદાન: "ખ્રિસ્તની શાંતિની આણ તમારા હૃદયમાં વર્તો: એની સાધના માટે જ તમને એક દેહનાં અંગો તરીકે હાકલ કરવામાં આવી હતી. અને તમે કૃતજ્ઞ રહેજો. ખ્રિસ્તના સંદેશથી તમારું અંતર ભર્યું રહો અને તમે પૂરા જ્ઞાનપૂર્વક પરસ્પર બોધ અને શિખામણ આપજો અને કૃતજ્ઞ હૃદયથી ઈશ્વરનાં ભજનો, સ્તોત્રો અને આધ્યાત્મિક ગીતો ગાજો. વાણીથી કે કર્મથી તમે જે કાંઈ કરો તે બધું પ્રભુ ઈસુને નામે કરો અને તેમની મારફતે પિતા પરમેશ્વરનો આભાર માનો."[૭]

*

ઈસુની સાથે પોતે એકદેહ હોવાના સિદ્ધાંતને લીધે હવે પોતાના એ દેહની પવિત્રતા—અંગશુદ્ધતા—ઉપર વિશેષ આગ્રહથી ભાર મૂકવામાં આવે એ સ્વાભાવિક છે.

ઈસુ સાથેની એકતા જાતીય પવિત્રતાની આવશ્યકતાને તાકીદનું નવું કારણ બને છે: "દેહ કાંઈ વ્યભિચાર માટે નથી પણ પ્રભુ માટે છે, અને પ્રભુ દેહ માટે છે; પરમેશ્વરે પ્રભુને ફરી સજીવન કર્યા છે, અને તે પોતાના સામર્થ્યથી આપણને પણ ફરી સજીવન કરશે. તમને ખબર નથી કે, તમારાં શરીર એ ખ્રિસ્તનાં અંગો છે? તો શું મારે ખ્રિસ્તનાં અંગો લઈને તેને વેશ્યાનાં અંગો બનાવવાં? એ તો બને જ નહિ! તમને એટલી ખબર નથી કે, જે કોઈ વેશ્યા સાથે સમાગમ સાધે છે તે વેશ્યા સાથે એકદેહ બની જાય છે? શાસ્ત્રમાં કહ્યું કે તેમ, 'બંને એકદેહ બની જશે'. પણ જે પ્રભુ સાથે એકતા સાધે છે તે પ્રભુ સાથે એકાત્મ બની જાય છે. વ્યભિચારથી દૂર રહો. બીજાં જે કોઈ પાપો માણસ કરે છે તે દેહની બહાર રહે છે. પણ જે વ્યભિચાર કરે છે તે પોતાના દેહ વિરુદ્ધ પાપ કરે છે. તમને એટલી ખબર નથી કે, તમારો દેહ તો તમારામાં વસતા અને ઈશ્વર તરફથી મળેલા પવિત્ર આત્માનું મંદિર છે? તમે તમારા માલિક નથી, કારણ, તમને કિંમત ચૂકવીને ઈશ્વરે ખરીદેલા છે. માટે તમારા દેહ દ્વારા તમે ઈશ્વરનો મહિમા કરો."[૮] "ઈશ્વરની

૬. એફેસસ ૪, ૨૭–૩૨.
૭. કલોસ્સા ૩, ૧૫–૧૭.
૮. ૧ કરિંથ ૬, ૧૩–૨૦.

તો એવી ઇચ્છા છે કે તમે પવિત્ર થાઓ. તમારામાંનો દરેક પોતાના શરીરને સંયમમાં રાખતાં શીખે, એને પવિત્ર રાખે, એનું ગૌરવ સાચવે, એને ભોગનું સાધન ન માને."[૯]

"વ્યભિચાર કે કોઈ પણ પ્રકારનાં અશુદ્ધાચાર અથવા લોભનું તો તમારે નામે ન લેવું જોઈએ — ભકતજનોને તો એ જ છાજે. વળી, અશ્લીલ કે મૂર્ખતા-ભરી વાતો અથવા ઠઠ્ઠામશ્કરીને સ્થાન ન આપશો: એ નથી શોભતું. એના કરતાં ભગવાનનું ભજન-કરજો. કારણ, એટલું ચોક્કસ જાણી લેજો કે, કોઈ વ્યભિચારી કે દુરાચારી કે લોભી માણસને ઈસુના અને પરમેશ્વરના રાજ્યમાં કોઈ હિસ્સો નથી."[૧૦]

એવી દેહની શુદ્ધતા ઉપર લગ્નનું ગૌરવ અને પરિણીત જીવનની પવિત્રતા આધાર રાખે છે. લગ્નસંસ્થા ઈશ્વરની યોજના અને સમાજરચનાનો પાયો છે, માટે તે મંગળ ને પૂજ્ય ગણાય છે, અને તેનું મહત્ત્વ બતાવવા ને તેની પવિત્રતા સાચવવા એક વિશિષ્ટ સંસ્કાર — લગ્નસંસ્કાર — ને તેનો વિધિ ને આશીર્વાદ પણ ખ્રિસ્તીદર્શનમાં છે.

લગ્નસંસ્થાની પવિત્રતાના મૂળમાં એ જ અસલનો ખ્યાલ છે: ઈસુ અને વિશ્વાસીઓ વચ્ચેની એકતા. ઈસુને ભકતજનોના ધર્મસંઘ માટે જે પ્રેમ છે અને પોતાનું બલિદાન આપવા જે તૈયારી છે એ જ પતિને પોતાની પત્ની માટે હોવાં જોઈએ.

પાઉલ લખે છે: "પતિઓ, તમારી પત્નીઓ ઉપર પ્રેમ રાખજો, જેમ ખ્રિસ્તે ધર્મસભા ઉપર રાખ્યો હતો, અને એને પાવન કરવા ખાતર પોતાની જાતને અર્પી દીધી હતી. એ જ રીતે, પતિઓએ પણ પત્નીઓ ઉપર પોતાનો દેહ માનીને પ્રેમ રાખવો જોઈએ. કોઈ માણસ કદી પોતાના દેહનો દ્વેષ કરતો નથી, ઊલટું તેનું લાલનપાલન કરે છે, જેમ ખ્રિસ્ત ધર્મસભાનું કરે છે; કારણ, આપણે તેમના શરીરનાં અંગો છીએ. 'આથી, માણસ પોતાનાં માતાપિતાને છોડી જશે અને પોતાની પત્નીને વળગી રહેશે, અને બંને એકરૂપ બની જશે'. આ એક મોટું રહસ્ય છે અને હું તો એને ખ્રિસ્તને અને ધર્મસભાને લાગુ પાડું છું. ટૂંકમાં, તમારે પણ દરેકે દરેક જણે પોતાની પત્ની ઉપર પોતાની જાત જેટલો પ્રેમ રાખવો જોઈએ, અને પત્નીએ જોવું જોઈએ કે પોતે પતિને માન આપે છે."[૧૧]

૯. ૧ થેસ્સલોનિકા ૪, ૩–૫.
૧૦. એફેસસ ૫, ૩–૫.
૧૧. એફેસસ ૫, ૨૫–૩૩.

આ દૃષ્ટિએ લગ્નનો વ્યવહાર ધર્મનો વ્યવહાર બની જાય છે, અને પતિ-પત્નીનો ભૌતિક પ્રેમ ભગવાન-ભક્તના દિવ્ય પ્રેમનું સ્વરૂપ ધારણ કરે છે.

લગ્નનો સંબંધ અવિચ્છેદ્ય છે: "ઈશ્વરે જેમને સાથે જોડયાં છે તેમને માણસે છૂટાં ન પાડવાં."[૧૨] "વિવાહિતોને મારી આજ્ઞા છે — મારી નહિ પ્રભુની આજ્ઞા છે કે, પત્નીએ પતિથી જુદા ન થવું, પણ જો તે જુદી થાય જ, તો તેણે કાં તો અપરિણીત રહેવું અથવા પતિ સાથે સમાધાન કરી લેવું; અને પતિએ પત્નીને છૂટાછેડા ન આપવા."[૧૩]

વિધવા થયેલી સ્ત્રી અથવા વિધુર બનેલ પુરુષ પુનર્લગ્ન કરી શકે છે; પણ ખાસ કારણ ન હોય તો તે ન કરવાની ભલામણ છે: "જ્યાં સુધી પોતાનો પતિ જીવતો હોય ત્યાં સુધી પત્ની બંધાયેલી છે. પણ તેનો પતિ મરી જાય તો ચાહે તેને પરણવાની તેને છૂટ છે. પણ તે છે તે અવસ્થામાં રહે તો વધારે સુખી ગણાય, એવો મારો મત છે."[૧૪] "જે ખરેખર નિરાધાર વિધવા હોય છે અને એકલી હોય છે, તે ઈશ્વરની આશાએ જીવે છે અને રાતદિવસ નિરંતર પ્રાર્થના અને ભજન કરે છે."[૧૫]

યુવાન વયે વિધવા થઈ હોય અને સંસારની લાલચ પ્રબળ હોય ને તેના ચારિત્ર્ય માટે જોખમ હોય તો પાઉલ સલાહ આપે છે: "હું તો એમ ઇચ્છું કે, યુવાન વિધવાઓ પરણી જાય, છોકરાંછૈયાંવાળી થાય, અને પોતાનું ઘર સંભાળે."[૧૬]

*

બાળકો ને માતાપિતાને માટે યોગ્ય શિખામણ છે: "બાળકો, પ્રભુને માથે રાખી તમારાં માતાપિતાની આજ્ઞામાં રહેજો. એ તમારો ધર્મ છે. 'તમારાં માતા-પિતાને માન આપજો', એવી પહેલી આજ્ઞા છે, જેમાં એવું વચન આપેલું છે કે, 'એથી તમારું ભલું થશે અને તમે પૃથ્વી ઉપર દીર્ઘાયુ થશો'. પિતાઓ, તમારાં બાળકોને ચીડવશો નહિ, પણ તેમને પ્રભુસંમત શિસ્ત અને શિખામણપૂર્વક ઉછેરો."[૧૭]

અને જાહેર સમાજવ્યવસ્થા દિલપૂર્વક સાચવવા પણ આગ્રહ છે: "દરેક જણ રાજ્યાધિકારીઓને આધીન રહે, કારણ, એવો કોઈ અધિકાર નથી જે ઈશ્વર

૧૨. માથ્થી ૧૯, ૬.
૧૩. ૧ કરિંથ ૭, ૧૦–૧૧.
૧૪. ૧ કરિંથ ૭, ૩૯–૪૦.
૧૫. ૧ તિમોથી ૫, ૫.
૧૬. ૧ તિમોથી ૫, ૧૪.
૧૭. એફેસસ ૬, ૧–૪.

તરફથી ન બક્ષાયેલો હોય. જે જે અધિકારો છે તે બધા ઈશ્વરે ઠરાવેલા છે. એટલે જે કોઈ રાજ્યાધિકારનો વિરોધ કરે છે તે ઈશ્વરે ઠરાવેલી વ્યવસ્થાનો વિરોધ કરે છે, અને એવો વિરોધ કરનારાઓ પોતે સજા વહોરી લેશે. સારાં કામો કરનારને રાજ્યકર્તાનો ડર નથી હોતો, પણ ખરાબ કામો કરનારને હોય છે. તારે અધિકારીઓથી ડરતા નથી રહેવું? તો સારાં કામ કર. એટલે તેમના તરફથી પ્રશંસા પામીશ. અધિકારીઓ તો તારા ભલા માટે નિમાયેલા ઈશ્વરના સેવકો છે. પણ તું જો બૂરાં કામ કરતો હોય તો તારે ડરવું પડે ખરું, કારણ, તેઓ કંઈ તલવાર અમથી નથી બાંધતાં; તેઓ બૂરાં કામ કરનારને સજા કરવા નિમાયેલા ઈશ્વરના સેવકો છે. એટલે માણસે અધીન રહેવું જોઈએ — કેવળ સજાના ડરથી નહિ પણ પોતાના અંતરાત્માને કારણે. એ જ કારણે તમે કર પણ આપો છો. અધિકારીઓ ઈશ્વરના કર્મચારીઓ છે અને તેઓ એ જ કામ ઉપર લક્ષ આપે છે. દરેકને તેના હક્કનું આપવું. જેને કરનો હક્ક હોય તેને કર, જેને દાણનો હક્ક હોય તેને દાણ, જેને આદરનો હક્ક હોય તેને આદર, જેને માનનો હક્ક હોય તેને માન. એકબીજા પ્રત્યેના પ્રેમના ઋણ સિવાય કોઈનું કશું ઋણ રાખશો નહિ. જે બીજા ઉપર પ્રેમ રાખે છે તેણે શાસ્ત્રનું પૂરું પાલન કર્યું છે. કારણ, 'વ્યભિચાર કરીશ નહિ, ખૂન કરીશ નહિ, ચોરી કરીશ નહિ, લોભ કરીશ નહિ', એ અને એવી બીજી આજ્ઞા હોય તો તે આ એક વાક્યમાં સમાઈ જાય છે કે, 'તું તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખજે'. પ્રેમ માનવબંધુનું બૂરું નથી કરતો એટલે પ્રેમમાં શાસ્ત્રનું પૂરું પાલન આવી જાય છે."[૧૮]

એ કુટુંબની અને સમાજની આચારસંહિતા થઈ.

૧૮. રોમ ૧૩, ૧–૧૦.

# બ્રહ્મચર્યવ્રત

લગ્નના આદરની સાથે બ્રહ્મચર્યવ્રતનું મહત્ત્વ પણ ખ્રિસ્તીદર્શનમાં છે.

ઈસુ બાળબ્રહ્મચારી હતા, અને પોતાના સમાજમાં એ જમાનામાં બ્રહ્મચર્યની પ્રથા ન હોવા છતાં એમણે બધા માટે નહિ પણ નૈષ્ઠિક સાધકો માટે એનો બોધ ને અનુરોધ કર્યો હતો: "કેટલાક માણસો ઈશ્વરના રાજ્યની ખાતર લગ્નનો ખ્યાલ પણ પોતાના જીવનમાંથી કાઢી નાખે છે. આ વાતનો સ્વીકાર કરવાની બધા માણસોની શકિત નથી; જેમને ઈશ્વરની વિશેષ બક્ષિસ મળેલી છે તેઓ જ એનો સ્વીકાર કરી શકે છે."[૧]

પાઉલ પણ આ બાબતમાં પોતાનો અભિપ્રાય દર્શાવતાં લખે છે: "બધા જ માણસો મારા જેવા (અપરિણીત) હોય એમ હું તો ઇચ્છું, પણ દરેક માણસને ઈશ્વર તરફથી આગવી બક્ષિસ મળેલી છે, કોઈને એક જાતની, કોઈને બીજી જાતની."[૨]

"હું ઇચ્છું છું કે તમે ચિંતામુકત રહો. જે અપરિણીત છે તે પ્રભુની બાબતોની ચિંતા કરે છે કે, કેવી રીતે પ્રભુને પ્રસન્ન કરવા; પણ જે પરિણીત છે તે સાંસારિક બાબતોની ચિંતા કરે છે કે, પોતાની પત્નીને કેવી રીતે રીઝવવી; અને આમ તેનું ચિત્ત બે બાજુ વહેંચાઈ જાય છે. એ જ રીતે અપરિણીત સ્ત્રી અથવા કુમારી પ્રભુની બાબતોની ચિંતા કરે છે અને શરીરથી અને મનથી પવિત્ર રહેવાનો પ્રયત્ન કરે છે, પણ પરિણીત સ્ત્રી સંસારી બાબતોની ચિંતા કરે છે કે, શી રીતે પોતાના પતિને રીઝવવો. આ હું તમારા ભલા માટે કહું છું; આ હું તમારા ઉપર કોઈ નિયંત્રણ મૂકવા નહિ, પણ તમે યોગ્ય આચરણ કરી શકો અને અનન્યભાવે પ્રભુની સેવા કરી શકો એટલા માટે કહું છું."[૩]

*

બ્રહ્મચર્યવ્રતમાં પહેલી ભાવના એકનિષ્ઠાની છે, ભગવાનને અખંડ હૃદય અર્પણ કરવાની છે.

એની સાથે ઈસુને પગલે ચાલવાની, એમનું અનુકરણ કરવાની પણ ભાવના છે. ઈસુના આજીવન બ્રહ્મચર્યમાં એક જાતનો સંકેત હતો: પોતે અલગ

૧. માથ્થી ૧૯, ૧૧–૧૨.
૨. ૧ કરિંથ ૭, ૭.
૩. ૧ કરિંથ ૭, ૩૨–૩૫.

હતા, જુદા હતા, ઈશ્વર તરફથી સીધા આવ્યા હતા, દુનિયાની વચ્ચે હોવા છતાં દુનિયાના ન હતા—એનો સંકેત હતો. રાત પડયે માણસો પોતપોતાના કુટુંબની પાસે જાય છે ને પોતાનાં સ્વજનોની સાથે આત્મીયતા અનુભવે છે; પણ રાત પડયે ઈસુ એકાંતમાં જઈને પરમપિતાના સાંનિધ્યમાં રહેતા, કારણ કે એમનો અગમ્ય અપૂર્વ સંબંધ પરમપિતાની સાથે જ હતો: અને ઈસુનું કાર્ય વિશેષ લગનથી આગળ ચલાવવા ઇચ્છનાર ખ્રિસ્તમાર્ગના સંન્યાસીઓ એ હૃદયનો એકાંત ને એ ઈશ્વરનો સંપર્ક કંઈક અંશે પોતાના જીવનમાં લાવવા બ્રહ્મચર્યનો આદર્શ સ્વીકારે છે.

ને હજી ત્રીજી એક ભાવના છે. બ્રહ્મચારીના જીવનમાં સંસારની ચિંતાઓની મુકિત છે. પાલન-પોષણ, છૈયાંછોકરાં, નોકરી ને અકસ્માતો ને કમાઈ ને બચતની ચિંતાની મુકિત છે. ને એમાં જીવનને અંતે ભગવાનને ત્યાં આત્માની ખરી અવસ્થામાં જે સાચી મુકિત મળવાની છે એની કંઈક ઝાંખી છે. ચિંતામુકત થઈને સંસારની વચ્ચે રહેનાર બ્રહ્મચારીના જીવંત ઉદાહરણમાં ધર્મને જોરે ને ઈશ્વરની કૃપાથી જીવનમાં—અને જીવનને પેલે પાર—જે ધન્યતા ને શાંતિ ને મુકિત આવે છે એની એંધાણી દુનિયાને મળે છે. દુનિયાની આગળ એ સાક્ષી પૂરીને ને પોતાના જીવનમાં એ પ્રત્યક્ષ બોધ આપીને બ્રહ્મચારી આખા સમાજનો ઉપકાર કરે છે, ધર્મનું સમર્થન કરે છે.

*

એ ત્રિવિધ ભાવનાથી ખ્રિસ્તમાર્ગમાં સંન્યાસ સંસ્થા ઉત્પન્ન થઈ અને વિકસી. એને લગતો દીક્ષાસંસ્કાર અને વિગતવાર નિયમો પણ છે. દીક્ષાર્થીના વલણ ને સંઘની જરૂરિયાતો પ્રમાણે જુદી જુદી પ્રવૃત્તિઓ ને સંસ્થાઓ છે. સેવા અને સાધના, ધ્યાન અને શિક્ષણ, તાલીમ અને ઉપદેશ માટે વ્યવસ્થા છે. આજીવન મૌનવ્રત પાળનારાઓને માટે મઠો છે, અને સમાજસેવા કરનારાઓને માટે ઇસ્પિતાલો, કલ્યાણ-કેન્દ્રો, શિક્ષણસંસ્થાઓ છે. એમાં એ સેવાકાર્ય ને એ ધર્મસાધના સાથે સાથે ચાલે છે. સાધુસંસ્થા ખ્રિસ્તમાર્ગી સંઘનો એક આધારસ્તંભ છે.

આમ કુટુંબની પવિત્રતા અને મુકત જીવનની ધન્યતા: બંને આદર્શો સ્વીકારાય છે.

એક તરફ લગ્નની કદર, અને બીજી તરફ બ્રહ્મચર્યનો મહિમા—બંનેનો આગ્રહ આ દૃષ્ટિમાં છે.

# દાન ને ત્યાગ

"તમારું જીવન દ્રવ્યલોભથી મુક્ત રાખો; જે હોય એનાથી સંતોષ માનો. કારણ, ઈશ્વરે કહ્યું છે. 'હું કદી તને છોડી નહિ જાઉં, તારો ત્યાગ નહિ કરું.' એટલે આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ કે, 'ઈશ્વર મારો મદદગાર છે, હું નહિ ડરું. માણસ મને શું કરનાર છે?"[1]

આપણો આધાર ઈશ્વર ઉપર હોવો ઘટે, માટે કોઈ પણ જાતનો લોભ કે પરિગ્રહ અયોગ્ય છે — એ સરળ ને શાશ્વત સિદ્ધાંત છે. પરિગ્રહમાં અશ્રદ્ધા છે, ચિંતા છે, ગર્વ છે. ધન વિશે ઈસુનું શિક્ષણ ગિરિપ્રવચનમાં સ્પષ્ટ હતું: "તમે દીનો પરમસુખી છો...; તમે ધનવાનો પરમદુ:ખી છો.[2] — તમે પરમેશ્વરને અને પૈસાને એકી સાથે સેવી નહિ શકો."[3]

એક વખત એક ધનવાન ગુવાન આધ્યાત્મિક સાધના વિશે પૂછવા ઈસુની પાસે આવ્યો હતો એ પ્રસંગ લઈને ઈસુએ ધનદોલતનું જોખમ અને ત્યાગનો મહિમા સમજાવ્યાં: "એક યુવાન માણસે આવીને ઈસુને કહ્યું, 'ગુરુમહારાજ, કયું સારું કામ હું કરું તો મને શાશ્વત જીવન મળે?' તેમણે જવાબ આપ્યો, 'સારું શું, એ તું મને શા માટે પૂછે છે? સારો તો એક ઈશ્વર છે. પણ જો તારે જીવનમાં દાખલ થવું હોય તો આજ્ઞાઓનું પાલન કર. પેલા ગુવાને પૂછ્યું, 'કઈ આજ્ઞા?' ઈસુએ કહ્યું, 'ખૂન કરીશ નહિ, વ્યભિચાર કરીશ નહિ, ચોરી કરીશ નહિ, ખોટી સાક્ષી પૂરીશ નહિ, માતાપિતાને માન આપ અને તારા માનવબંધુ ઉપર તારી જાતના જેટલો પ્રેમ રાખ.' પેલાએ કહ્યું, 'પણ ગુરુદેવ, એ બધી આજ્ઞાઓ તો હું નાનો હતો ત્યારથી પાળતો આવ્યો છું.' ઈસુએ એની આંખમાં આંખ પરોવી અને તેમના હૃદયમાં પ્રેમ પ્રગટયો. પછી તેમણે કહ્યું, 'તારામાં એક વસ્તુ ખૂટે છે; જા, તારી પાસે જે કાંઈ છે તે બધું વેચી નાખ અને જે ઊપજે તે ગરીબોને આપી દે, તો ઈશ્વરને ત્યાં તને ભર્યા ભંડાર મળશે. ત્યાર પછી આવ, મારે પગલે ચાલ.' આ સાંભળીને તેનું મોઢું પડી ગયું અને ભારે હૈયે તે ચાલ્યો ગયો, કારણ, તે ભારે સંપત્તિનો ધણી હતો. પછી ઈસુએ પોતાના શિષ્યો તરફ જોઈને કહ્યું, 'ધનવાનોને ઈશ્વરના

૧. હિબ્રૂઓ ૧૩, ૫–૬.
૨. લૂક ૬, ૨૦, ૨૪.
૩. માથ્થી ૬, ૨૪.

રાજ્યમાં દાખલ થવું કેટલું મુશ્કેલ પડશે?' એમને આવું બોલતા સાંભળીને શિષ્યો તો અવાક્ જ થઈ ગયા. પણ ઈસુએ તો ફરીથી તેમને કહ્યું, 'વત્સો, જેઓ દુન્યવી સંપત્તિ ઉપર વિશ્વાસ રાખે છે તેમને ઈશ્વરના રાજ્યમાં દાખલ થવું કેટલું મુશ્કેલ છે! સોયના નાકામાંથી ઊંટને પસાર થવું સહેલું છે, પણ ઈશ્વરના રાજ્યમાં ધનવાનને દાખલ થવું મુશ્કેલ છે.' શિષ્યોના અચંબાનો કંઈ પાર ન રહ્યો અને તેઓ માંહેમાંહે કહેવા લાગ્યા, 'તો પછી ઉદ્ધાર કોણ પામશે?' ઈસુએ તેઓની સામે નજર માંડીને કહ્યું, 'માણસને માટે તો એ અશક્ય છે, પણ ઈશ્વરને માટે એ અશક્ય નથી. ઈશ્વરને બધું જ શક્ય છે.' ત્યારે પીતર બોલી ઊઠયો, 'જુઓ, અમે સર્વસ્વનો ત્યાગ કરીને આપની પાછળ આવ્યા છીએ.' ઈસુએ કહ્યું, 'હું તમને ખાતરીથી કહું છું કે, જે કોઈએ ઈશ્વરના રાજ્ય ખાતર ઘરબારનો, પત્નીનો, ભાઈ-બહેનનો, માબાપનો કે છૈયાંછોકરાંનો ત્યાગ કર્યો હશે તેને આ લોકમાં જ અનેકગણું અને પરલોકમાં શાશ્વત જીવન મળ્યા વગર રહેવાનું નથી.' "[૪]

*

બ્રહ્મચર્યની જેમ ત્યાગમાં પણ મુક્તિ છે, સાધના છે અને ઈસુને પગલે ચાલવાની ભાવના છે.

આદિ ખ્રિસ્તમાર્ગીઓમાં એ ભાવના દૃઢ હતી: "વિશ્વાસીઓનો સંઘ એકમત અને એકજીવ બની ગયો. તેઓમાંનો એક પણ માણસ પોતાની કોઈ પણ વસ્તુને પોતાની આગવી ગણાવતો નહોતો પણ બધું બધાનું સહિયારું હતું. તેઓમાં કોઈને કશાની ખોટ નહોતી, કારણ, જેમની જેમની પાસે જમીન કે ઘર હતાં તેઓ તે વેચીને તેની ઉપજ પ્રેષિતોને (શિષ્યોને) ચરણે ધરી દેતા હતા, અને પછી દરેકને તેની જરૂર પ્રમાણે વહેંચી આપવામાં આવતી હતી."[૫]

પાઉલ હાથે મજૂરી કરીને પોતાનું અને પોતાના સાથીદારોનું પૂરું કરતા: "મેં કોઈના સોનારૂપા કે વસ્ત્રોની લાલસા સેવી નથી. તમે પોતે જાણો છો કે, મારી પોતાની તેમ જ મારા સાથીદારોની જરૂરિયાતો આ મારા હાથે જ પૂરી પાડી છે. હું તમને જ્યારે ને ત્યારે બતાવતો આવ્યો છું કે, એ પ્રમાણે, કષ્ટ ઉઠાવીને આપણે દૂબળાંને મદદ કરવી જોઈએ, અને ભગવાન ઈસુએ પોતે ઉચ્ચારેલાં વચનો યાદ રાખવાં જોઈએ કે, 'લેવા કરતાં આપવામાં વધારે સુખ છે'."[૬]

૪. માથ્થી ૧૯, ૧૬–૧૯; માર્ક ૧૦, ૨૦–૨૮; લૂક ૧૮, ૨૯–૩૦.
૫. પ્રે. ચ. ૪, ૩૨, ૩૪.
૬. પ્રે. ચ. ૨૦, ૩૩–૩૫.

'આપવામાં સુખ છે' એ દાનધર્મનું સૂત્ર છે. બીજાઓને આર્થિક મદદ કરવામાં પોતાના ધનનો ત્યાગ છે, બીજાને માટે દયા છે, અને બધાની વચ્ચે એક કુટુંબ જેવો સંબંધ છે એનું ભાન છે. દાનમાં એકતા, દયા ને ત્યાગની ભાવના છે, અને તેથી એનું મહત્ત્વ છે.

યરુશાલેમના પ્રદેશમાં દુષ્કાળ પડ્યો હતો ને ત્યાંના બંધુઓ ભીડમાં હતા ત્યારે બીજા દેશોમાં ફરતાં પાઉલ યરુશાલેમમાં રહેનાર ભાઈઓને માટે ઉઘરાણી કરતા રહ્યા, અને પોતાના પત્રોમાં એ માટે અનુરોધ કરતા રહ્યા ને એ દયાકાર્યના સમાચાર પણ આપતા રહ્યા: "બંધુઓ, હવે અમે તમને મકદોનિયાના ધર્મસંઘો ઉપર પ્રભુએ વર્ષાવેલી કૃપાના સમાચાર આપવા માગીએ છીએ. આકરી કસોટીમાં પણ તેમનો આનંદ એટલો અપાર હતો કે, પોતે દારિદ્ર્યમાં ડૂબ્યા હોવા છતાં તેમની અપાર ઉદારતા ઊભરાઈ ગઈ હતી. હું એ વાતનો સાક્ષી છું કે, તેમણે પોતાના ગજા પ્રમાણે જ નહિ, બલ્કે, ગજા ઉપરાંત સ્વેચ્છાએ દાન દીધું છે. પુણ્યજનોની સેવામાં ભાગ લેવાનું સદ્‌ભાગ્ય પોતાને મળે એ માટે તેમણે અમને આજીજી કરી હતી. અમે એવી આશા નહોતી રાખી. તો હવે, તમે જેમ બધી બાબતોમાં આગળ પડતા છો — શ્રદ્ધામાં, વાણીમાં, જ્ઞાનમાં, સર્વ પ્રકારના ઉત્સાહમાં અને અમારા પ્રત્યેના પ્રેમમાં — તેમ આ દયાકાર્યની બાબતમાં પણ આગળ પડતા થાઓ. આ હું કંઈ આજ્ઞા નથી કરતો, પણ બીજાઓના ઉત્સાહની વાત કરીને તમારા પ્રેમની સચ્ચાઈની કસોટી કરું છું. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની ઉદારતા તમે જાણો છો. તે પોતે ધનવાન હોવા છતાં તમારે ખાતર તેમણે ગરીબી સ્વીકારી, જેથી તેમની ગરીબીથી તમે ધનવાન થાઓ. ગયા વરસથી તમે આ કામ શરૂ કર્યું હતું, એટલું જ નહિ એનો સંકલ્પ કર્યો હતો તે જ ભાવનાથી અત્યારે યથાશક્તિ આ કામ પૂરું કરો. ધ્યાનમાં રાખજો: મૂઠી વાવશે તે મૂઠીભર લણશે, અને મણ વાવશે તે મણબંધી લણશે. દરેકે પોતે મનથી નક્કી કર્યું હોય તે પ્રમાણે આપવું જોઈએ; કમને કે દબાણથી ન આપવું જોઈએ. હસતે મોઢે આપનાર ઉપર ઈશ્વર પ્રસન્ન થાય છે. વળી, ઈશ્વર તમને જે જોઈએ તે મોકળે હાથે આપવા સમર્થ છે, જેથી તમારી પાસે જ્યારે જોઈએ ત્યારે જરૂરથીયે વધારે હોય અને તમે દરેક સારા કામમાં મોકળે હાથે આપી શકો. શાસ્ત્રમાં લખ્યું છે તેમ, 'તેણે છૂટે હાથે ગરીબોને દાન આપ્યું છે, તેનો દાનધર્મ સદા સંભારાય છે.' જે વાવનારને બી અને ખાવાને રોટલો આપે છે તે જ તમને બી પૂરાં પાડશે અને તેને અનેકગણાં કરશે, તેમ જ તમારાં સત્કર્મોનાં ફળમાં વધારો કરશે. આમ, બધી રીતે સમૃદ્ધ બનીને તમે પૂરી ઉદારતાથી

આપી શકશો અને જેમાં નિમિત્તભૂત છીએ એવા એ ઉદાર દાન માટે લોકો ઈશ્વરનો આભાર માનશે; કારણ, તમે બજાવેલું આ સેવાકાર્ય કેવળ ભકતજનોની જરૂરિયાત પૂરી પાડે છે એટલું જ નહિ, બલ્કે, ઈશ્વર પ્રત્યેના આભારના પ્રવાહરૂપે પણ એ ઊભરાય છે."૭

દાનમાં ઉદારતા, બંધુતા, આભારદર્શન અને બલિદાન છે — માટે એ ધર્મનું એક અંગ બને.

*

બીજાઓની ઉદારતાનો ખોટો લાભ લઈને કોઈ આળસુ ન બને એ માટે પણ પાઉલની ચેતવણી છે: "અમે તમારી સાથે હતા ત્યારે અમે તમને એવી આજ્ઞા કરી હતી કે, જે કામ ન કરે તેને ખાવા ન મળે. અમારા સાંભળવામાં આવ્યું છે કે, તમારામાંના કેટલાક આળસમાં જીવન ગાળે છે, ખાલી ફરાફર કરે છે, અને કશું કામ કરતા નથી. એવા માણસોને અમે ભગવાન ઈસુ ખ્રિસ્તને નામે એવી આજ્ઞા અને આગ્રહભરી વિનંતી કરીએ છીએ કે, તેઓ શાંતિથી કામ કરે ને પોતે રળેલો રોટલો ખાય. અમે તમારી સાથે રહેતા ત્યારે પ્રમાદી જીવન ગાળતા નહોતા. અમે કોઈનો મફતનો રોટલો ખાતા નહોતા; અમે રાતદિવસ તનતોડ મહેનત અને ઉદ્યમ કરતા હતા, જેથી તમારામાંના કોઈને બોજારૂપ ન થઈ પડીએ."૮ ઉદ્યમમાં ને શ્રમમાં ને આપમહેનતમાં માનવીનું ગૌરવ છે — અને ભગવાનનો આશીર્વાદ છે.

પાઉલની બીજી થોડી સૂચનાઓ નોંધવા જેવી છે: "પ્રેમમાં દંભ ન હોય. અસત્‌થી દૂર રહો. સત્‌ને વળગી રહો. એકબીજા ઉપર ભાઈના જેવો ઉમળકા-ભર્યો પ્રેમ રાખો, માનની બાબતમાં એકબીજાને અદકા ગણો, પ્રયત્નને મંદ ન પડવા દેશો, આત્માની ધગશ સતેજ રાખજો, પ્રભુની સેવામાં મંડયા રહેજો, તમારી આશાને જોરે ઉલ્લાસમાં રહેજો, સંકટમાં ધીરજ રાખજો, પ્રાર્થનાને વળગી રહેજો. ભકત-જનોની જરૂરિયાતો પૂરી પાડવામાં મદદ કરજો. અતિથિનો સત્કાર કરવા તત્પર રહેજો. તમને સતાવે તેમને દુઆ દેજો, આશીર્વાદ આપજો, શાપ ન આપશો. આનંદ કરનારાંની સાથે આનંદ કરજો, રોનારાંની સાથે રોજો, એકબીજા સાથે સમાન-ભાવે રહેજો, ઘમંડી થશો નહિ, પણ દીનજનો સાથે મળતાવડા થજો; પોતે જ ડાહ્યા છો એવું ગુમાન ન રાખશો. બૂરાઈનો બદલો બૂરાઈથી ન આપશો. બધાની આગળ શોભે એવાં કાર્યો કરવાનું ધ્યાન રાખજો. શકય હોય તો, તમારું ચાલતાં સુધી સૌ

૭. ૨ કરિંથ ૮, ૧–૫, ૭–૧૧; ૯, ૬–૧૨.
૮. ૨ થેસ્સલોનિકા ૩, ૧૦–૧૨, ૭–૯.

સાથે શાંતિથી રહેજો. વહાલા ભાઈઓ, જાતે વેર વાળશો નહિ, પણ ઈશ્વરના કોપને માટે અવકાશ રાખજો. કારણ, શાસ્ત્રમાં લખ્યું છે કે, 'પ્રભુ કહે છે, વેર લેવું એ મારું કામ છે. હું બદલો આપીશ જ.' પણ તારે તો 'તારો દુશ્મન ભૂખ્યો હોય તો તેને ભોજન કરાવવું, તે તરસ્યો હોય તો તેને પાણી પાવું.' અસત્‌ને તારા ઉપર વિજય પામવા દઈશ નહિ, પણ સત્‌થી અસત્‌નો પરાજય કર."[૯]

૯. રોમ ૧૨, ૯–૨૧.

# સૃષ્ટિ ને પ્રગતિ

દાન અને ત્યાગને ધર્મમાં સ્થાન છે, પરંતુ ભૌતિક સંપત્તિના એ ત્યાગમાં ભૌતિક સૃષ્ટિનો અનાદર તો ન જોવો જોઈએ. ત્યાગમાં પુણ્ય છે — પણ તે જેનો ત્યાગ કરાય એ ચીજ ખોટી છે એટલા માટે નહિ. દાનમાં ધર્મ છે — પણ તે જેનું દાન અપાય એ વસ્તુ ખરાબ છે એટલા માટે નહિ. દાનમાં આપેલી ને ત્યાગમાં ત્યજેલી વસ્તુ સારી ને સાચી છે. દુનિયા મંગળ છે, ભૌતિક સૃષ્ટિ શુભ છે. ઉદારતા ને સંયમ ને દયા ને માનવતાને ખાતર એનો ભોગ પ્રસંગ આવ્યે અપાય એ યોગ્ય છે ને કલ્યાણકારી છે; પરંતુ ત્યાગના એ વલણમાં ત્યજેલી વસ્તુઓનો તિરસ્કાર તો ન જ આવવો જોઈએ. જે રીતે બ્રહ્મચર્યવ્રતના ગૌરવથી લગ્નસંસ્થાની કદર ઓછી થતી નથી એ જ રીતે ત્યાગના મહિમાથી ભૌતિક સૃષ્ટિનું માન ઓછું થતું નથી — એ ખ્રિસ્તીદર્શનનું દૃષ્ટિબિંદુ છે.

*

બાઈબલમાં સર્જનના પ્રકરણમાં સર્જનની કથા કહેતાં જેમ જેમ આકાશ ને તારાઓ, ધરતી ને સાગર, વૃક્ષો ને પ્રાણીઓ પેદા થતાં જાય છે તેમ શાસ્ત્રકાર દર વખત ધ્રુવપંકિતની જેમ આ સૂત્ર ઉમેરે છે: "અને ઈશ્વરે જોયું કે એ શુભ હતું."[૧] સૃષ્ટિ શુભ છે, કારણ કે ઈશ્વરે જ એને પેદા કરી છે.

ઈશ્વરના સર્જક સ્પર્શથી સૃષ્ટિ પવિત્ર હતી તે ખ્રિસ્તાવતારના પ્રભાવથી હજીય વધુ પવિત્ર ને મંગળ બની. ઈસુ ખ્રિસ્ત "માણસ જેવા માણસ બની ગયા"[૨], એમણે "માનવમાતાને પેટે જન્મ લીધો"[૩], "ઇબ્રાહીમના વંશજોની પ્રકૃતિ ધારણ કરી"[૪] — માટે એમનાં પગલાંથી એ પ્રકૃતિ ધન્ય બની, પૂજ્ય બની. પૃથ્વી ઉપર ઈસુના આગમનથી એ આખી પૃથ્વી તપોભૂમિ બની, ઈશ્વરનું મંદિર બની.

અને હજીય ત્રીજું પગથિયું છે ઈસુના પુનર્જીવનનું. એમના મૃત્યુ પછી એ નવજીવનના પ્રભાતમાં એમનો એ માનવ દેહ, એ પાર્થિવ પ્રકૃતિ પણ નવા પ્રકાશથી દીપતાં થયાં, દિવ્ય જીવનથી ચેતનમય બન્યાં, અને ભૌતિક પદાર્થોના ને મર્ત્યદેહના એ ઊર્ધ્વીકરણમાં આખી સૃષ્ટિને નવી આશા મળી, એની ખરી સાર્થકતા

૧. ઉત્પત્તિ ૧, ૩, ૧૦, ૧૨...
૨. ફિલિપ્પી ૨, ૭.
૩. ગલાતિયા ૪, ૪.
૪. હિબ્રૂઓ ૨, ૧૬.

ફળી. પાઉલનું તત્ત્વજ્ઞાન જરા સંકુલ છે, અને આ ગૂઢ વિષયમાં એમના વિચારો પણ ગૂઢ જ છે, પણ એનો સાર તો સ્પષ્ટ છે અને તે એ છે કે ઈસુનાં મરણ અને પુનર્જીવન એ ફકત માનવીના નહિ પણ સમસ્ત જડ-ચેતન સૃષ્ટિના ઉદ્ધારનાં નિમિત્ત છે :

"મને ખાતરી છે કે, જે મહિમાનો આપણને સાક્ષાત્કાર થવાનો છે તેની આગળ અત્યારનાં દુ:ખો કંઈ વિસાતમાં નથી. સૃષ્ટિ પોતે જ આતુર ઉત્કંઠાથી ઈશ્વર-પુત્રોના પ્રગટ થવાની રાહ જોઈ રહી છે. આપણે જાણીએ છીએ કે, આખી ને આખી સૃષ્ટિ અત્યાર સુધી એક સાથે પ્રસવવેદનાથી પીડાતી હોય એમ કણસ્યા કરે છે — એ આશાએ કે આ સૃષ્ટિ પોતે જ નશ્વરતાની ગુલામીમાંથી મુકત થઈને ઈશ્વરનાં સંતાનોની મહિમાવંત મુકિતની ભાગીદાર થશે."[૫] "જે કોઈ ખ્રિસ્તમાં વસે છે તે એક નવું સર્જન બની ગયું છે. જૂનું બધું ચાલ્યું ગયું, અને જુઓ, નવું બની ગયું. આ બધું ઈશ્વરનું કામ છે, જેણે ખ્રિસ્ત દ્વારા આપણી અને પોતાની વચ્ચે સમાધાન સાધ્યું છે."[૬]

ઈશ્વર ને માનવ વચ્ચેના સમાધાનમાં માનવ ને પ્રકૃતિ વચ્ચેનું સમાધાન આવી જાય.

*

સૃષ્ટિ મંગળ હોવાથી એમાં રહીને અને એને લઈને થયેલું માણસનું કામ — ને શારીરિક શ્રમ પણ — મંગળ ને ઉદ્ધારક બની જાય છે. ઈસુ પોતે શ્રમજીવી હતા. એમના પ્રથમ શિષ્યો પણ ઘણાખરા શ્રમજીવીઓ હતા. પાઉલ ધંધે તંબુ બનાવનાર હતા. શ્રમમાં ગૌરવ છે કારણ કે સૃષ્ટિમાં પ્રભુ છે. અને માણસે પ્રમાણિકતાથી કરેલાં કોઈપણ કામકાજ કે વ્યવસાય હલકાં નથી.

માનવીને જે જે મળ્યું છે એ બધું લઈને કામ કરવાનો આદેશ છે. હાથપગનો ને બુદ્ધિનો ઉપયોગ કરીને જીવન ને દુનિયા સુધારવા પ્રયત્ન કરતા રહેવાની આજ્ઞા છે.

ભૌતિક સૃષ્ટિ વાસ્તવિક છે — માટે ભૌતિક પ્રગતિ શકય છે.

અને ભૌતિક સૃષ્ટિ મંગળ છે — માટે ભૌતિક પ્રગતિ ઇષ્ટ છે અને એને સાધવામાં ધર્મ છે.

૫. રોમ ૮, ૧૮–૨૨.
૬. ૨ કરિંથ ૫, ૧૭–૧૮.

પ્રકૃતિ વિશેનું ધર્મનું દૃષ્ટિબિંદુ આર્થિક, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક પ્રગતિનું કારણભૂત બને છે.

"ધરતીને વશ કરો"[૭] —બાઈબલના પહેલા જ પ્રકરણ મુજબ માનવીને મળેલી સર્જનહારની એ આજ્ઞાની અસર તો ખ્રિસ્તી સંસ્કૃતિના ઇતિહાસમાં સ્પષ્ટ દેખાય છે.

*

સૃષ્ટિની જેમ એના કાળ ને સમય, સંજોગો ને પ્રસંગો પણ સારા ને શુભ છે. શુકન-અપશુકન કે તિથિ-મુહૂર્ત અથવા જ્યોતિષ ને ગ્રહબળને સ્થાન નથી. કેટલાક નવોદિત ખ્રિસ્તમાર્ગીઓને જૂના વિધિનિષેધો તરફ પાછા વળતા જોઈને પાઉલે લખ્યું હતું: "હવે તમે પરમેશ્વરને ઓળખો છો, બલ્કે, પરમેશ્વરે તમને ઓળખી લીધા છે, એટલે તમે ફરી એ દુર્બળ અને કંગાળ પ્રાકૃત તત્ત્વો તરફ શી રીતે વળી શકો છો, અને નવેસર તેમની ગુલામી સ્વીકારવા શી રીતે તૈયાર થાઓ છો? તમે દિવસો, મહિનાઓ, ઋતુઓ અને વર્ષો પાળવા લાગ્યા છો! મને શંકા થાય છે કે, તમારી પાછળ ઉઠાવેલી જહેમત મારી પાણીમાં ગઈ છે કે શું?"[૮] અને ભૌતિક સૃષ્ટિના અવિશ્વાસથી ને વહેમથી એવાં અયોગ્ય મર્યાદાઓ ને બંધનો ઊભાં કરનાર લોકોની સામે ચેતવણી આપી હતી: "એ માણસો લગ્ન કરવાની મનાઈ કરે છે અને અમુક અમુક વસ્તુ ખાવાનો નિષેધ કરે છે: જો કે પરમેશ્વરે તો એ વસ્તુઓ શ્રદ્ધાળુ અને સત્યનું જ્ઞાન ધરાવનારાઓ આભારવચન ઉચ્ચારી એનો ઉપયોગ કરે એ માટે જ ઉત્પન્ન કરેલી છે. ઈશ્વરે ઉત્પન્ન કરેલી બધી જ વસ્તુઓ સારી છે, અને કૃતજ્ઞતાપૂર્વક લઈએ તો કોઈ પણ વસ્તુ ત્યાજ્ય નથી, કારણ, તે ઈશ્વરની વાણી અને પ્રાર્થનાથી પાવન થયેલી હોય છે."[૯]

આમ કાળમાત્ર શુભ છે અને આહારમાત્ર શુદ્ધ છે, "કારણ કે પૃથ્વી અને તેમાંનું બધું પ્રભુનું છે."[૧૦]

એ ખ્રિસ્તીદર્શનનું દૃષ્ટિબિંદુ છે.

૭. ઉત્પત્તિ ૧, ૨૮.
૮. ગલાતિયા ૪, ૯–૧૧.
૯. ૧ તિમોથી ૪, ૩–૫.
૧૦. ૨ કરિંથ ૧૦, ૨૫.

# પ્રાર્થના

'આભારવચન, ઈશ્વરની વાણી અને પ્રાર્થના' એ ઉલ્લેખ પાઉલના છેલ્લા શબ્દોમાં હતો. એમાં ધાર્મિક સાધનાનું એક અગત્યનું અંગ છે, અને એનો આગ્રહ ને પ્રતિષ્ઠા પણ ખ્રિસ્તીદર્શનમાં છે: પ્રાર્થના. સ્તુતિ, ધ્યાન ને વિનંતી. ઈશ્વરનો આભાર, તેની વાણી, તેનું સાંનિધ્ય, અને તેની આગળ દીનતાથી રજૂ થયેલ હૃદયની ગરજ ને અરજી. ધર્મ ને સદાચારનું કાર્ય અઘરું બની શકે છે, કોઈ વખત અશક્ય પણ અને આપણા ગજા ઉપરાંતનું લાગે છે — ત્યારે ધર્મ આપણા હાથમાં એ સરળ ઉપાય ને એ સમર્થ સાધન મૂકે છે: પ્રાર્થના.

ઈસુ પ્રાર્થના કરતા. "ઈસુએ આખી રાત ઈશ્વરની પ્રાર્થના કરવામાં ગાળી."[૧] "બીજે દિવસે પરોઢિયે હજી અંધારું હતું ત્યાં જ ઈસુ ઊઠીને બહાર ચાલ્યા ગયા અને એકાંત જગ્યાએ જઈને પ્રાર્થના કરવા લાગ્યા."[૨] "ઈસુ પર્વત ઉપર પ્રાર્થના કરવા ગયા."[૩] પોતાના જાહેર જીવનની શરૂઆતમાં ઈસુએ રણમાં રહીને ચાળીસ દિવસ પ્રાર્થનામાં ને તપમાં ગાળ્યા હતા.

ઈસુને પ્રાર્થના કરતા જોઈને એમના શિષ્યોને પણ પ્રાર્થના માટે માન ને આકર્ષણ થયાં, અને એમને પ્રાર્થના કરતાં શીખવાની ઇચ્છા થઈ: "એક વાર ઈસુ એક જગ્યાએ પ્રાર્થના કરતા હતા. તેઓ પ્રાર્થના કરી રહ્યા એટલે એક શિષ્યે તેમને કહ્યું, 'યોહાને પોતાના શિષ્યોને શીખવ્યું હતું તેમ આપ પણ અમને પ્રાર્થના કરતાં શીખવો.' ઈસુએ કહ્યું, 'જ્યારે તમે પ્રાર્થના કરો ત્યારે આ પ્રમાણે બોલવું: હે પિતા, તારું નામ પાવન હો; તારું રાજ્ય પ્રવર્તો; અમને રોજની રોટી રોજ આપતો રહેજે; અને અમારાં પાપો માફ કરજે, કારણ, અમે પણ અમારા એકે એક અપરાધીને માફ કરીએ છીએ. અને અમારી કસોટી થવા દઈશ નહિ.' વળી, તેમણે શિષ્યોને કહ્યું, 'ધારો કે તમારામાંથી કોઈને એક મિત્ર છે. તે મધરાતે તેને ત્યાં આવે છે અને કહે છે કે, ભાઈ, મને ત્રણ રોટલા ઉછીના આપને; પ્રવાસે નીકળેલો મારો એક મિત્ર મારે ત્યાં આવી ચડયો છે અને તેની આગળ ધરવાનું મારી પાસે કંઈ નથી. તો શું અંદરથી પેલો માણસ એમ કહેશે કે, મને પજવીશ નહિ, બારણાં ક્યારનાં વસાઈ

૧. લૂક ૬, ૧૨.
૨. માર્ક ૧, ૩૫.
૩. લૂક ૯, ૨૮.

ગયાં છે, મારાં છોકરાં અને હું સૌ સૂઈ ગયાં છીએ, હવે મારાથી ઊઠીને અપાય એમ નથી?—હું તમને કહું છું કે, એ માણસ મિત્રતાને ખાતર ઊઠીને ભલે ન આપે, તેમ છતાં તેના અત્યાગ્રહને વશ થઈને તે તેને જે જોઈએ તે આપશે. અને એટલે હું તમને કહું છું કે, માગો એટલે મળશે, શોધો એટલે જડશે, ખખડાવો એટલે બારણાં ખૂલી જશે. કારણ, જે કોઈ માગે છે તેને મળે છે, જે કોઈ શોધે છે તેને જડે છે, અને જે કોઈ ખખડાવે છે તેને માટે બારણાં ખૂલે છે. તમારામાં એવો કોણ છે જે પુત્ર રોટલો માગે તો રોડું આપે? અથવા માછલી માગે તો સાપ આપે? આમ, તમે ખરાબ હોવા છતાં પોતાનાં બાળકોને સારી વસ્તુ આપવાનું સમજો છો, તો તમારા પરમપિતા પોતાની પાસે માગનારને સારી વસ્તુ આપે જ એમાં શંકા શી? [૪]— તમે પ્રાર્થનામાં જે કંઈ માગો તે તમને મળી ચૂક્યું છે એવો વિશ્વાસ રાખો, તો એ મળી રહેશે."[૫]

*

વિનંતી એ સૌથી સહજ ને સરળ પ્રાર્થના છે. એમાં નમ્રતા છે, શ્રદ્ધા છે, અને ઈશ્વર ઉપર આપણો આધાર હોવાનો એકરાર છે — એટલે કે એમાં ધાર્મિકતાનો સંક્ષિપ્ત સાર છે, અને તેથી ભગવાનની આગળ કરેલી એ આર્દ્ર દીન પ્રાર્થનાનું આટલું મહત્ત્વ હોય છે. અલબત્ત, એ પ્રાર્થનાની સાથે આપણો પૂરો પ્રયત્ન પણ હોવો જોઈએ, ધીરજ ને ખંત હોવાં જોઈએ, ભગવાનના હાથમાંથી આપણા કલ્યાણ માટે જે ખરેખર સારું હોય એ સ્વીકારવાની તૈયારી હોવી જોઈએ, અને એ પ્રાર્થનાનું બળ લઈને પોતાની જવાબદારીમાં ને પોતાના જીવનમાં નવા ઉત્સાહથી ઝંપલાવવાની શ્રદ્ધા હોવી જોઈએ.

પ્રાર્થનામાં વાસ્તવિકતામાંથી છટકી જવાની ચેષ્ટા નથી, ઊલટું, વાસ્તવિકતાનો સામનો કરવા માટે સામર્થ્ય છે. કસોટીની ઘડીએ ઈસુએ પોતાને માટે પ્રાર્થના કરી ત્યારે ક્રૂસની વ્યથાની મુક્તિ માગવાની સાથે જ પરમપિતાની ઇચ્છા માથે ચડાવી: "હે મારા પિતા, શક્ય હોય તો આ પ્યાલાને મારી આગળથી ખસી જવા દો. તેમ છતાં, મારી નહિ તમારી જ ઇચ્છા પૂર્ણ થાઓ."[૬] એ પ્રાર્થનાનો જવાબ પરમપિતાએ કસોટી રદ કરીને નહિ પણ કસોટીમાં સફળતાપૂર્વક ઉતારીને પાર પાડીને જ આપ્યો. સાચી પ્રાર્થનામાં એ શક્તિ છે.

"જાગતા રહો અને પ્રાર્થના કરો"[૭], "તમારે હંમેશાં પ્રાર્થના કરતા રહેવું

૪. લૂક ૧૧, ૧-૮; માથ્થી ૭, ૭-૧૧.
૫. માર્ક ૧૧, ૨૪.
૬. માથ્થી ૨૬, ૩૯.
૭. માથ્થી ૨૬, ૪૧.

જોઈએ "[૮] એ ઈસુનો આદેશ પહેલા ખ્રિસ્તમાર્ગીઓએ અમલમાં મૂક્યો. "તેઓ પ્રેષિતોના (શિષ્યોના) ઉપદેશને, સંઘજીવનને, રોટીની ભાંજણીને (પ્રભુભોજનને) તથા પ્રાર્થનાને વળગી રહ્યા. તેઓ હરરોજ એકમત થઈને મંદિરમાં જતા ને ઈશ્વરનાં ગુણગાન ગાતા."[૯]

પાઉલ ફરમાવે છે: "સૌથી પહેલાં તો મારે ભારપૂર્વક એ કહેવાનું છે કે, બધા જ માણસોને માટે— રાજાઓને માટે અને બધા જ અધિકારીઓ માટે વિનવણી, પ્રાર્થના, નિવેદન અને આભારદર્શન કરવાં, જેથી આપણે ઈશ્વર-પરાયણ અને ગૌરવભર્યું જીવન કોઈ પણ જાતની દખલ વગર, શાંતિપૂર્વક જીવી શકીએ. એમ કરવું ઉત્તમ છે અને આપણા તારણહાર પરમેશ્વર એમાં જ રાજી છે; તેની ઈચ્છા એવી છે કે, સૌ કોઈ મુકિત પામે અને સત્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે. —હું ઈચ્છું કે સર્વ સ્થળે પુરુષો ક્રોધ કે વિવાદ વગર પવિત્ર ભાવે હાથ ઊંચા કરી પ્રાર્થના કરે."[૧૦]

"હમેશાં આનંદમાં રહેજો. સતત પ્રાર્થના કરજો."[૧૧] અને પોતાના વિશે પણ લખે છે: "ઈશ્વર સાક્ષી છે કે હું મારી પ્રાર્થનામાં હમેશાં તમને સંભારું છું.[૧૨] "અમે તમારે સારુ હમેશાં એવી પ્રાર્થના કરીએ છીએ કે, આપણા પરમેશ્વર તમને પોતે કરેલી હાકલને યોગ્ય બનાવે, અને તમારા એકેએક સત્યસંકલ્પને અને શ્રદ્ધાથી પ્રેરિત પ્રત્યેક કાર્યને પોતાના સામર્થ્યથી પાર ઉતારે."[૧૩] "જાગ્રત રહીને નિરંતર પ્રાર્થના કરતા રહેજો અને કૃતજ્ઞતાપૂર્વક અમારે માટે પણ પ્રાર્થના કરજો કે, ઈશ્વર અમને શુભસંદેશ સંભળાવવાનો માર્ગ ખુલ્લો કરી આપે, જેથી અમે ખ્રિસ્તનું રહસ્ય પ્રગટ કરી શકીએ. એને કારણે જ તો હું બંધનમાં છું; મારે કરવું ઘટે એ રીતે હું એ રહસ્ય પ્રગટ કરું, એવી તમે પ્રાર્થના કરજો."[૧૪]

*

વિનંતીની સાથે સાથે પ્રાર્થનામાં સ્તુતિ ને આભારના ભાવ પણ આવી જાય છે. ભગવાનને આપણાં વખાણની જરૂર નથી એ વાત સાચી, પરંતુ દિલમાં માન ને

૮. લૂક ૧૮, ૧.
૯. પ્રે. ચ. ૨, ૪૨, ૪૬.
૧૦. ૧ તિમોથી ૨, ૧-૪, ૮.
૧૧. ૧ થેસ્સલોનિકા ૫, ૧૬-૧૭.
૧૨. રોમ ૧, ૯.
૧૩. ૨ થેસ્સલોનિકા ૧, ૧૧.
૧૪. કલોસ્સા ૪, ૨-૪.

આદર ને કૃતજ્ઞતા હોય તો એ વ્યકત કર્યા વગર કેમ રહેવાશે ? વળી, સ્તુતિમાં ઈશ્વરના મહિમા ને સામર્થ્ય ને પ્રેમ ને પ્રતાપનું આપણને ભાન થાય અને સ્મરણ રહે, માટે એનો ખરો લાભ આપણને જ મળે. ભગવાનની આગળ માનવીનું સ્થાન શું છે, ભગવાનની સાથે આપણો સંબંધ કેવો હોય છે ને કેવો હોવો જોઈએ — એનો સાચો ને ઊંડો ખ્યાલ કોઈ પુસ્તક કે ભાષણ કરતાં શાંતિમાં ને એકાંતમાં ભગવાનની પૂજા કરીને અને શ્રદ્ધાથી ને ભકિતથી એના ભાવ હૃદયમાં ઊતરવા દઈને જ આવી શકે. અને આભારદર્શનમાં પણ કૃતાર્થતા સિવાય આધીનતા છે, વિશ્વાસ છે, આનંદ છે, ભકિત છે, માટે પ્રાર્થનામય જીવનમાં એનું આગવું સ્થાન છે.

પાઉલના એ સતત વિચાર ને આગ્રહ હતા : "પ્રાર્થના કરતી વખતે અમે હમેશાં તમારે ખાતર આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પિતા પરમેશ્વરનો આભાર માનીએ છીએ, કારણ, ઈસુ ખ્રિસ્ત વિશેની તમારી શ્રદ્ધા અને સૌ પુણ્યજનો પ્રત્યેની તમારી પ્રીતિની વાત અમે સાંભળી છે; અને એના મૂળમાં તમારે માટે સ્વર્ગમાં સંચેલાં વરદાનોની આશા છે; એ આશા વિશે, સત્યની વાણીરૂપ શુભસંદેશ ત્યાં આવ્યો ત્યારે તમે સાંભળ્યું હતું."[૧૫]

"અમે તમારા બધા માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ અને અમારી પ્રાર્થનાઓમાં હરહમેશ તમને સંભારીએ છીએ; આપણા પરમેશ્વર અને પિતા સમક્ષ અમે કાર્યમાં મૂર્ત થતી તમારી શ્રદ્ધાનું, શ્રમમાં મૂર્ત થતા તમારા પ્રેમનું, અને દૃઢતારૂપે પ્રગટ થતી ભગવાન ઈસુ ખ્રિસ્ત વિશેની તમારી આશાનું સતત સ્મરણ કરીએ છીએ."[૧૬]

"બંધુઓ, અમારે હમેશાં તમારે માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. એ અમારી ફરજ છે, કારણ, તમારી શ્રદ્ધા અપાર વધતી જાય છે અને એકબીજા પ્રત્યેના તમારા સૌના પ્રેમમાં પણ વૃદ્ધિ થતી જાય છે."[૧૭]
"તમે શીખ્યા છો તે પ્રમાણે શ્રદ્ધામાં મક્કમ થતા જાઓ, અને તમારું હૃદય કૃતજ્ઞતાથી ઊભરાઈ જાઓ."[૧૮]

"વાણીથી કે કર્મથી તમે જે કાંઈ કરો તે બધું પ્રભુ ઈસુને નામે કરો અને તેમની મારફતે પિતા પરમેશ્વરનો આભાર માનો."[૧૯]

૧૫. કલોસ્સા ૧, ૩-૫.
૧૬. ૧ થેસ્સલોનિકા ૧, ૨-૩.
૧૭. ૨ થેસ્સલોનિકા ૧, ૩.
૧૮. કલોસ્સા ૨, ૭.
૧૯. કલોસ્સા ૩, ૧૭.

પ્રભુભોજનના વિધિ માટે જે મૂળ ગ્રીક ભાષાનો શબ્દ આજે પણ અંગ્રેજીમાં વપરાય છે (યુકરિસ્ટ) તેનો અર્થ જ 'આભારદર્શન' થાય છે.

*

પ્રાર્થનામાં ધ્યાન-ચિંતન પણ આવે છે. એમાં આપણી વાતો ને આપણા વિચારો ઓછાં થતાં જાય છે અને ભગવાનનાં સાંનિધ્ય, દર્શન, એકરૂપતાનો ધન્ય અનુભવ થાય છે.

એ અગમપંથ ખ્રિસ્તીદર્શનમાં પ્રથમથી છે. કેટલાક વિરોધી ભાઈઓની આગળ પોતાનો અધિકાર સિદ્ધ કરવા પાઉલને પોતાના વિશે વાત કરવાની ફરજ પડી ત્યારે એમણે જરા ખચકાઈને અને પોતાની 'મૂરખાઈ' માટે માફી માગીને પોતાના અગમ્ય અનુભવની જેવા તેવા શબ્દોમાં થોડી ઝાંખી કરાવી: "બડાશ મારવાથી કશો લાભ નથી, તેમ છતાં મારે બડાશ મારવાની જ છે તો તો હું પ્રભુનાં દર્શન અને સાક્ષાત્કારનો ઉલ્લેખ કરીશ. હું એક એવા ખ્રિસ્તભકતને (પોતાને) ઓળખું છું, જેને ચૌદ વર્ષ પહેલાં ઠેઠ ત્રીજા સ્વર્ગમાં ઉપાડી લેવામાં આવ્યો હતો— સદેહે કે વિદેહે એની મને ખબર નથી, ભગવાન જાણે. વળી, હું જાણું છું કે, એ માણસને — સદેહે કે વિદેહે એની મને ખબર નથી, ભગવાન જાણે — પુણ્યલોકમાં ઉપાડી લેવામાં આવ્યો હતો, અને ત્યાં એણે માણસને ઉચ્ચારવાની છૂટ નથી એવાં અવાચ્ય વચનો સાંભળ્યાં હતાં. એવા માણસને વિશે હું બડાશ મારીશ, પણ મારે પોતાને વિશે તો મારી નબળાઈઓ સિવાય બીજા કશાની બડાશ નહિ મારું. મારે બડાશ મારવી હશે તોય હું મૂરખ નહિ ઠરું, કારણ, હું સાચું જ બોલીશ. પણ હું ખામોશ રહું છું, જેથી મને પ્રાપ્ત થયેલા ભવ્ય સાક્ષાત્કારને કારણે મને જેવો જુએ અથવા મારી પાસેથી જે સાંભળે તેના કરતાં મારે વિશે કોઈ વધારે ન માની લે. — હું મૂરખ બની ગયો છું. તમે મને ફરજ પાડી છે."[૨૦]

પ્રાર્થના ને શ્રદ્ધાના ફળસ્વરૂપે જે સમર્થ કાર્યો ને સંકેતો ઈસુના હાથે થતાં એ તેમના શિષ્યોને હાથે પણ થયાં અને એની પરંપરા ખ્રિસ્તીદર્શનના ઈતિહાસમાં ચાલતી આવી છે. "પ્રભુનો હાથ કંઈ નબળો બન્યો નથી."[૨૧]

*

સમૂહ પ્રાર્થના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. ઈસુનું વચન હતું: "હું તમને કહું છું કે, તમારામાંથી બે જણ કોઈ પણ માગણી કરવામાં એકમત થશે

૨૦. ૨ કરિંથ ૧૨, ૧-૬, ૧૧.
૨૧. યશાયાહ ૫૯, ૧.

તો તે માગણી પરમપિતા મંજૂર રાખશે. કારણ, જ્યાં બે કે ત્રણ જણ મારે નામે ભેગા થયા હોય ત્યાં હું તેમની સાથે હોવાનો જ."[૨૨] એ રીતે પ્રભુને નામે અને પ્રભુના સાંનિધ્યમાં ભેગા થઈને પ્રાર્થના કરવાની પ્રથા ચાલુ થઈ.

ઈસુનું પુનરુત્થાન રવિવારના દિવસે થયું હોવાથી એ દિવસ 'પ્રભુનો વાર' બન્યો અને એમાં મળેલી પ્રાર્થનાસભાનું વિશેષ મહત્ત્વ રહ્યું. એટલું જ નહિ પણ રવિવારનો આખો દિવસ પવિત્ર બન્યો અને એમાં શ્રમ-મજૂરી કરવાની મનાઈ આવી. અઠવાડિયામાં એક દિવસ શ્રમજીવીઓને આરામ મળે, કુટુંબીજનોની સાથે રહીને આનંદ માણવાનો ને એકબીજાની નજીક આવવાનો પ્રસંગ મળે, અને સૌને પ્રાર્થનાસભામાં જઈને ધર્મ વિશે શીખવાની અને સમૂહમાં પૂજા-પ્રાર્થના કરવાની તક મળે — એ ભાવના હતી.

એ પ્રાર્થનાસભાઓમાં બીજી પ્રાર્થનાઓની સાથે એક પ્રાચીન ભજનસંગ્રહનો વિશેષ ઉપયોગ પહેલેથી થતો અને આજ સુધી થાય છે. એ ભજનો Psalms તરીકે ઓળખાતાં દાઊદ રાજાએ અને બીજા ભજનિકોએ રચેલાં યહૂદીઓનાં ભક્તિ-ગીતો છે. તે બાઇબલનો એક અગત્યનો ભાગ છે. તેમાંના કેટલાંક ત્રણ હજાર વર્ષ જેટલાં જૂનાં છે, ને એમાં સ્તુતિ ને ભક્તિ, વિનંતી ને ક્ષમા, આશા ને શરણાગતિના ભાવ માનવીસહજ આર્દ્રતાથી અને ઈશ્વરપ્રેરિત શ્રદ્ધાથી વ્યક્ત થાય છે. ઈસુ પોતાની પ્રાર્થનામાં તેનો ઉપયોગ કરતા, અને સૈકાંઓ સુધી એ પ્રાચીન શાસ્ત્રભજનો ખ્રિસ્તમાર્ગીઓની ધર્મભાવનાનું વાહન રહ્યાં છે. તેના મુખ્ય પ્રકારોનો એકએક નમૂનો જોઈને એ લાક્ષણિક ધર્મસાહિત્યનો ખ્યાલ આવશે.

*

ઈશ્વરની ઝંખનાનું એક ગીત:

"મારું અંતર ઝૂરતું એવું
જળનાં ઝરણાં કાજે હરણી ઝૂરી મરતી જેવું,
તુજ કાજે, હે પ્રભુજી, મારું અંતર ઝૂરતું એવું.

ચેતનવંતા ઈશની હૈયે તરસ લાગી ભારે,
પ્રભુમુખડાનું દરશન કરવા પાસે આવું ક્યારે?

દિન આખોયે લોકો ટોકે: ક્યાં છે ઈશ્વર તારો?
રાતદિવસ હું આંસુ પીઉં, મારો એ જ સહારો.

૨૨. માથ્થી ૧૮, ૧૯-૨૦.

હે મુજ અંતર, હતાશ થઈને વ્યાકુળ શાને થાતો?
પ્રભુ ઉપર તું રાખ ભરોસો, ગાન થઈશ તું ગાતો.

મુજ તારકનાં, મુજ ઈશ્વરનાં ગુણ થશે ફરી ગાતો
હે મુજ અંતર, હતાશ થઈને વ્યાકુળ શાને થાતો?"[૨૩]

*

સ્તુતિનું ગાન:

"ચાલો, પ્રભુના માનમાં રેલીએ આપણ ઉમંગ ગાન,
ગાઈએ પ્રભુનો જયજયકાર, આશ્રય દઈ એ સાચવે પ્રાણ.

ગુણનાં ગીતો ગાતાં એને ચરણે આપણ જઈએ
કીર્તન કેરી ધૂન મચાવતાં, જયજયકાર ગજવીએ.

સહુ દેવોનો નાથ પ્રભુજી, મહાન ઈશ્વર સાચે,
પાતાળો ને ગિરિશિખરો આ સઘળું એને હાથે.

એનાં છે એ સાત સમંદર, એ છે સરજનહારો,
ધરતી કેરા પડ આ એના, એનો એ ઘડનારો.

આપણા સર્જનહારા આગળ ઘૂંટણીએ તન વાળી
આવો પ્રભુની આગળ નમીએ, ચરણે શિરને ઢાળી.

આપણ સહુજન તેના લોકો આપણ ઈશ્વર એ તો,
પાલનપોષણ કરતો આપણું, હાથે દોરી રહેતો."[૨૪]

*

પશ્ચાત્તાપનો આર્દ્રનાદ:

"દયા, કૃપાળુ પ્રભુ હે, મુજ પર દયા તમારી રાખો,
કરુણાસાગર, અપરાધો મુજ સહુએ ભૂંસી નાખો.

સકલ દોષ મુજ ધોઈ ધોઈ મુજને સ્વચ્છ કરોને,
સકલ પાપ મુજ નષ્ટ કરી દઈ આતમ શુદ્ધ કરોને.

૨૩. શાસ્ત્રભજન ૪૨.
૨૪. શાસ્ત્રભજન ૯૫.

મારા સૌ અપરાધો, મારા દોષો સૌ જાણું,
મારાં સૌ પાપોને મારી દૃષ્ટિમાં નિત આણું.

એક તમારી સામે, કીધું પાપ તમારી સામે,
કીધું મેં તમ દૃષ્ટિમાં જે નામ દુરિતનું પામે.

તેથી પ્રભુ હે, મારો જે કંઈ ન્યાય તોળો એ સાચો,
દોષિત મુજને ગણો તમે, તો એ નિર્ણય છે સાચો.

મારાં પાપ હણો તો થાઉં વ્હેતા જળ શો નિર્મળ,
શુદ્ધ કરો, તો હિમથકીયે થાઉં વધુ હું ઉજ્જવળ.

મુજમાં, પ્રભુ હે, પવિત્ર એવું હૃદય હવે પ્રગટાવો.
મુજમાં, પ્રભુ હે, નવલો આત્મા અચલ હવે સરજાવો."[૨૫]

*

નમ્ર વિનંતીનું ભજન:

"ક્યાં લગી તું વીસરી જાશે?
વીસરી જાશે હંમેશ કાજે, તું મને ભગવાન?
ક્યાં લગી રે, ક્યાં લગી રે
દર્શન દીધા વિના રહીશ તું, ઓ મારા ભગવાન?

હે પ્રભુ, ક્યાં લગી વ્યાકુળ મન હજી તડપી રહેશે હાય?
નિશદિન ક્યાં લગી આ મુજ મન હવે રહી રહી અકળાય?
ક્યાં લગી સઘળા રિપુઓ મારા વિજય મેળવતા જાય?

હે પ્રભુ, તું સુણી લે અરજી
નીરખી લેને મારી ભણી તું, ઓ મારા ભગવાન!

પ્રાણમાં પૂરને પ્રાણ નહિ તો જાઉં હું મોતને દ્વાર,
અગર મારા સૌ રિપુઓ કહેશે: કેવી કરી રે હાર!
શત્રુઓ મારી પડતી જોઈને રાજી થાશે અપાર.

૨૫. શાસ્ત્રભજન ૫૧.

ક્યાં લગી તું વીસરી જાશે?
વીસરી જાશે હંમેશ કાજે તું મને ભગવાન?

હે પ્રભુ, હું જીવું તવ કરુણા પર શ્રદ્ધા ધારી સદાય,
તેથી મને હવે સહાય કરો, ને અંતર પુલકિત થાય.
પ્રભુ કેરાં ગીત ગાઈશ, એણે મુજ પરે કરી ભલાઈ."[૨૬]

૨૬. શાસ્ત્રભજન ૧૩.

# શાંતિ ને આનંદ

પ્રાર્થનામાં શ્રદ્ધા ખીલે છે. પરમપિતાની સાથે ઈસુના સાંનિધ્યમાં શ્રદ્ધા અને વિશ્વાસ દ્વારા સંબંધ બંધાયો હતો તે રોજના ધાર્મિક વ્યવહારમાં, આરાધનામાં ને સ્તુતિમાં, વિનંતીમાં ને આભારદર્શનમાં દૃઢ બનતો જાય છે અને ધર્મની સાધના સધાતી જાય છે. શ્રદ્ધા—એટલે કે મનનો વિશ્વાસ, દિલનું અવલંબન અને જીવનની શરણાગતિ—એ ધાર્મિક જીવનનો પાયો ને આધાર છે. તે ઈશ્વરનું વરદાન છે, પ્રાર્થનાનું ફળ છે, સદાચારી જીવનની ખિલવણી છે.

શ્રદ્ધાનું એક અંગ, અને ખ્રિસ્તીદર્શનમાં સામાન્યતઃ અલગ ગણાતો ગુણ, આશા હોય છે.

જીવનનો અર્થ છે જ (અને મરણનો પણ સ્વીકાર છે), દુનિયા મંગળ છે, સમાજમાં મારે માટે પણ સ્થાન છે, દુઃખ ને કસોટી ને મૂંઝવણ છતાં માનવજાતનું ભાવિ ઊજળું છે, સંઘર્ષ ને દ્વેષ છતાં માનવીના હૃદયમાં માનવતા છે (એટલે કે દિવ્યતા છે)—એ અંતરની પ્રતીતિ ને વૃત્તિ જ આશા છે, અને એ સાચી આધ્યાત્મિકતાનું લક્ષણ છે.

ધર્મમાં નિરાશાને સ્થાન નથી. "પ્રભુ એ જ મારી આશા"[૧], "કેવી આશા સેવવાને તમને હાકલ કરી છે!"[૨] "જેથી ઈશ્વર ઉપર તમારી શ્રદ્ધા અને તમારી આશા હોય."[૩] "સર્વ માનવોને મુકિત અર્પનારી ઈશ્વરની કૃપા પ્રગટ થઈ છે, અને આપણને એવો બોધ આપે છે કે, અધર્મ અને સાંસારિક વાસનાઓનો ત્યાગ કરી આ જગતમાં સંયમી, પ્રામાણિક અને ઈશ્વરપરાયણ જીવન ગાળતા રહી આપણી પરમમંગલ આશા પૂર્ણ થવાની અને પરમ ઈશ્વર અને આપણા તારણહાર ઈસુ ખ્રિસ્તના મહિમાવંત પ્રાગટ્યની પ્રતીક્ષા કરવી."[૪] "આશાને જોરે ઉલ્લાસમાં રહેજો, સંકટમાં ધીરજ રાખજો, પ્રાર્થનાને વળગી રહેજો."[૫] "સૌ આશાના મૂળરૂપ ઈશ્વર, તમારી શ્રદ્ધાને આનંદ અને શાંતિથી ભરી દો, જેથી

૧. શાસ્ત્રભજન ૭૦, ૫૦.
૨. એફેસસ ૧, ૧૮.
૩. ૧ પીતર ૧, ૨૧.
૪. તિતસ ૨, ૧૧-૨૧.
૫. રોમ ૧૨, ૧૨.

પવિત્ર આત્માના પ્રભાવથી તમારી આશાને કોઈ મર્યાદા ન રહે."[૬]

"આશા ખોટી પડતી નથી"[૭] એ પાઉલનો વિશ્વાસ હતો. "મારી તો એવી ઉત્કટ અપેક્ષા અને આશા છે કે, મારી કોઈ પણ વાતે લાજ નહિ જાય."[૮] "મેં કોના ઉપર વિશ્વાસ મૂક્યો છે (ઈસુ ઉપર) તે હું બરાબર જાણું છું."[૯] પ્રભુ આપણને ખોટું લગાડશે નહિ, આપણને ભોંઠા પડવા દેશે નહિ, આપણી લાજ જવા દેશે નહિ — એ દૃઢ વિશ્વાસ ને જ્વલંત આશા ભકતના દિલમાં પ્રગટે છે.

*

પણ આગળ હજી ત્રીજું સોપાન છે: "શ્રદ્ધા, આશા અને પ્રેમ એ ત્રણ અમર છે — પણ એ બધામાં પ્રેમ સૌથી શ્રેષ્ઠ છે."[૧૦] એ પ્રેમમાં ભગવાનનો પ્રેમ અને માનવીનો પ્રેમ — બંને આવે છે. ભકિત અને ભ્રાતૃભાવ. પૂજા અને સેવા. વહાલ અને ઉપાસના.

યોહાનનું શિક્ષણ છે: "આપણે પ્રેમ રાખીએ છીએ, કારણ, ઈશ્વરે પહેલાં આપણા પ્રત્યે પ્રેમ બતાવ્યો હતો. જો કોઈ એમ કહેતો હોય કે, 'હું ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખું છું', અને પોતાના ભાઈ પ્રત્યે દ્વેષ રાખતો હોય, તો તે જૂઠું બોલે છે. પોતાની આંખ સામે છે એવા ભાઈ ઉપર જે પ્રેમ રાખતો નથી તે જેને પોતે જોયો નથી એવા ઈશ્વર પ્રત્યે શી રીતે પ્રેમ રાખી શકવાનો હતો? અને આપણને ઈસુ તરફથી એવી આજ્ઞા થયેલી છે કે, જે ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખતો હોય તેણે પોતાના ભાઈ પ્રત્યે પણ પ્રેમ રાખવો."[૧૧]

આગ્રહપૂર્વક આગળ લખે છે: "વહાલા ભાઈઓ, આપણે એક-બીજા ઉપર પ્રેમ રાખીએ કારણ, પ્રેમ ઈશ્વરમાંથી ઉદ્‌ભવે છે, અને જે કોઈ પ્રેમ રાખે છે તે ઈશ્વરથી જન્મ્યો છે અને ઈશ્વરને પિછાને છે. જે પ્રેમ રાખતો નથી તે ઈશ્વરને પિછાનતો નથી, કારણ, ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. ઈશ્વરે પોતાના એકના એક પુત્રને, આપણને તેની મારફતે જીવન પ્રાપ્ત થાય એ માટે જગતમાં મોકલી આપ્યો, એમાં આપણને એ પ્રેમનાં દર્શન થાય છે. આપણે ઈશ્વર ઉપર પ્રેમ

૬. રોમ ૧૫, ૧૩.
૭. રોમ ૫, ૫.
૮. ફિલિપ્પી ૧, ૨૦.
૯. ૨ તિમોથી ૧, ૧૨.
૧૦. ૧ કરિંથ ૧૩, ૧૩.
૧૧ ૧ યોહાન ૪, ૧૯-૨૧.

રાખ્યો એ પ્રેમ નથી, પ્રેમ તો ઈશ્વરનો કહેવાય, જેણે આપણા ઉપરના પ્રેમને લીધે આપણાં પાપના નિવારણના નિમિત્ત તરીકે પોતાના પુત્રને મોકલી આપ્યો. વહાલા ભાઈઓ, ઈશ્વરે જો આપણા ઉપર આટલો બધો પ્રેમ બતાવ્યો છે, તો આપણે તો એકબીજા પ્રત્યે પ્રેમ રાખવો જ જોઈએ. કોઈએ કદી ઈશ્વરને નજરોનજર જોયો નથી. જો આપણે એકબીજા પ્રત્યે પ્રેમ રાખીએ તો ઈશ્વર આપણામાં વાસો કરે અને તેનો પ્રેમ આપણામાં પૂર્ણતાને પામે. ઈશ્વર પ્રેમસ્વરૂપ છે, અને જે કોઈ પ્રેમમાં વસે છે, તે ઈશ્વરમાં વસે છે અને ઈશ્વર તેનામાં વસે છે."[૧૨]

સંસાર તમારો દ્વેષ કરે તો નવાઈ ન પામશો. આપણને ખાતરી છે કે, આપણે "મૃત્યુમાંથી જીવનમાં પહોંચી ગયા છીએ, કારણ, આપણે આપણા માનવબંધુઓ ઉપર પ્રેમ રાખીએ છીએ. જે પ્રેમ રાખતો નથી તે મૃત્યુમાં જ રહે છે. જે કોઈ પોતાના ભાઈ ઉપર દ્વેષ રાખે છે તે ખૂની છે, અને તમે જાણો છો કે, કોઈ ખૂનીમાં શાશ્વત જીવન હોતું નથી. પ્રેમ શું છે એનો ખ્યાલ આપણને એ ઉપરથી આવે છે કે, ખ્રિસ્તે આપણી ખાતર પોતાના પ્રાણ પાથર્યા છે, અને આપણે પણ માનવબંધુઓ ખાતર પોતાના પ્રાણ પાથરવા જોઈએ. પણ કોઈ માણસ પાસે સંસારની સંપત્તિ હોય, અને પોતાના ભાઈને ભીડમાં જોવા છતાં તે તેના પ્રત્યે હૃદયનાં દ્વાર બંધ કરી દેતો હોય, તો એનામાં ઈશ્વરનો પ્રેમ વસે છે એમ કેવી રીતે કહી શકાય? વત્સો, આપણે કેવળ શબ્દમાં અને મોઢાનો જ પ્રેમ ન બતાવતાં કાર્યમાં સાચો પ્રેમ બતાવીએ."[૧૩]

*

પ્રેમના માર્ગને 'સર્વોત્તમ માર્ગ' કહીને પાઉલ પ્રખ્યાત શબ્દોમાં એ દિવ્ય પ્રેમનો મહિમા ગાય છે: "હવે હું તમને સર્વોત્તમ માર્ગ બતાવું છું. હું માનવોની ભાષાઓમાં બોલતો હોઉં કે દેવદૂતોની ભાષાઓમાં બોલતો હોઉં, પણ મારામાં જો પ્રેમ ન હોય તો હું ગાજતી થાળી કે વાગતી ઝાંઝ જેવો બની જાઉં છું. મારામાં પયગંબરની વાણી ઉચ્ચારવાની શકિત હોય, હું બધાં રહસ્યો જાણતો હોઉં, બધું જ્ઞાન ધરાવતો હોઉં, પર્વતોને ચલાવવા જેટલી પૂરી શ્રદ્ધા ધરાવતો હોઉં, તેમ છતાં જો મારામાં પ્રેમ ન હોય; તો હું કશું જ નથી. હું મારું સર્વસ્વ દાનમાં અર્પી દઉં અથવા મારું શરીર અગ્નિમાં બાળવા સોંપી દઉં પણ મારામાં જો પ્રેમ ન હોય તો મને કશો લાભ નથી. પ્રેમ સહિષ્ણુ હોય છે, મૃદુ હોય છે, પ્રેમ કોઈની ઈર્ષ્યા કરતો

૧૨. ૧ યોહાન ૪, ૭-૧૨, ૧૬.
૧૩. ૧ યોહાન ૩, ૧૩-૧૮.

નથી, પ્રેમ કદી બડાશ મારતો નથી કે અભિમાની કે ઉદ્ધત બનતો નથી, સ્વાર્થ શોધતો નથી કે ચિડાતો નથી, પારકાના અપરાધને ગણ ગણ કરતો નથી, અધર્મમાં આનંદ લેતો નથી પણ સત્યમાં રાચે છે. પ્રેમ સૌને સહી લે છે, સૌમાં વિશ્વાસ રાખે છે, સૌને વિશે આશા સેવે છે, કદી ધીરજ હારતો નથી. પ્રેમનો કદી અંત આવતો નથી."[૧૪]

દિલ ખોલીને પાઉલ પોતાના પ્રિય શિષ્યોને લખે છે: "મારા બાંધુઓ, મારી પ્રીતિ અને ઝંખનાનાં પાત્રો, મારા અંતરના આનંદ અને શિરતાજ, તમે પ્રભુના માર્ગમાં મક્કમ રહેજો, મારા વહાલીડાઓ. મારી એવી પ્રાર્થના છે કે, તમારો પ્રેમ ઉત્તરોત્તર વૃદ્ધિ પામો, અને તમને પૂર્ણ જ્ઞાન અને સર્વ પ્રકારની સૂક્ષ્મ વિવેક-બુદ્ધિ પ્રાપ્ત થાઓ."[૧૫]

એ પ્રેમ ખરું જોતાં માનવીને બક્ષેલો ઈસુના અંતરનો પ્રેમ જ છે ને એમાં તેનું રહસ્ય ને તેનું મહત્ત્વ છે, એટલે પાઉલ લખી શકે છે: "ખ્રિસ્ત ઈસુના અંતરના પ્રેમથી હું તમારે સૌને માટે કેવો ઝૂરું છું એનો ઈશ્વર સાક્ષી છે."[૧૬]

સાચું કહીએ તો ભકતનું જીવન ઈસુનું જ જીવન છે, અને એના દ્વારા ઈસુ પોતાનો પ્રેમ વ્યકત કરે છે, પોતાનું ઉદ્ધારક કાર્ય ચાલુ રાખે છે: "ખ્રિસ્તની સાથે જ હું પણ ક્રૂસે જડાયેલો છું; એટલે હવે જે જીવે છે તે હું નથી જીવતો, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે; આ નશ્વર દેહે હું જે જીવું છું, તે મારા ઉપર પ્રેમ રાખનાર અને મારે ખાતર પોતાની જાત સમર્પી દેનાર ઈશ્વરપુત્ર ઉપરની શ્રદ્ધાને આધારે જીવું છું."[૧૭]

*

પ્રેમની સાધનાની સાથે દિલમાં શાંતિ અને આનંદ આવે છે. "આત્માનાં ફળ જુદાં જ છે: પ્રેમ, આનંદ, શાંતિ..."[૧૮] "પિતા પરમેશ્વર તથા ભગવાન ઈસુ ખ્રિસ્ત ધર્મબાંધુઓને શાંતિ, શ્રદ્ધા અને પ્રેમ બક્ષો."[૧૯] "જુવાનીની વાસનાઓથી દૂર ભાગજો અને શુદ્ધ અંતરથી પ્રભુનું નામ લેનારાઓ સાથે ધર્મ, શ્રદ્ધા, પ્રેમ અને

૧૪. ૧ કરિંથ ૧૩, ૧-૮.
૧૫. ફિલિપ્પી ૪, ૧; ૧, ૯.
૧૬. ફિલિપ્પી ૧, ૮.
૧૭. ગલાતિયા ૨, ૧૯- ૨૦.
૧૮. ગલાતિયા ૫, ૨૨.
૧૯. એફેસસ ૬, ૨૩.

શાંતિને તમારું લક્ષ્ય બનાવજો."[20] "ખ્રિસ્તની શાંતિની આણ તમારા હૃદયમાં વર્તો. એની સાધના માટે જ તમને એક દેહનાં અંગો તરીકે હાકલ કરવામાં આવી હતી."[21]

દરેક પત્રની શરૂઆતમાં પાઉલનું અભિવાદન આ પ્રમાણે હતું: "આપણા પિતા પરમેશ્વર અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમને શાંતિ અને કૃપા આપો."[22]

અને જેમ ખરો પ્રેમ આપણને ભાગીદારીમાં મળેલો ને આપણા દિલમાં પ્રગટેલો ઈસુનો પ્રેમ હતો તેમ શાંતિની બાબતમાં પણ: "ઈસુ જ આપણી મૂર્તિમંત શાંતિ છે."[23]

એ જ રીતે આનંદનું ફળ ને વરદાન: "સૌ આશાના મૂળરૂપ ઈશ્વર, તમારી શ્રદ્ધાને આનંદ અને શાંતિથી ભરી દો, જેથી પવિત્ર આત્માના પ્રભાવથી તમારી આશાને કોઈ મર્યાદા ન રહે."[24] "ઈશ્વરનું રાજ્ય કંઈ ખાવાપીવામાં નથી, પણ ન્યાય, શાંતિ અને પવિત્ર આત્માએ પ્રેરેલા આનંદમાં છે."[25] "પ્રભુના સાંનિધ્યમાં તમે સદા આનંદમાં રહો, ફરી કહું છું કે આનંદમાં રહો. તમારી ભલમનસાઈનો સૌને અનુભવ થવા દો. પ્રભુ પાસે છે. કશાની ચિંતા કરશો નહિ. પણ બધી બાબતમાં આભારપૂર્વક પ્રાર્થના અને વિનંતી સાથે તમારી માગણી પરમેશ્વરની સમક્ષ રજૂ કરજો. એટલે બુદ્ધિથી પર એવી પરમેશ્વરની શાંતિ તમારા હૃદયને અને મનને ઈસુ ખ્રિસ્તના સાંનિધ્યમાં સુરક્ષિત રાખશે."[26]

એ આનંદ સાચો ને ઊંડો ને સતત છે, પણ એ દુન્યવી આનંદ તો નથી. એ સાચો આનંદ દુ:ખમાં ને કસોટીમાં ને સંકટમાં પણ ચાલુ રહે છે. "મારાં અનેકાનેક સંકટોમાં મને ભારોભાર સાંત્વન મળે છે અને મારો આનંદ માતો નથી."[27] "આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પિતા અને પરમેશ્વર, દયાસાગર પિતા અને સૌને બળ દેનાર પરમેશ્વરનો જય હો. તે અમને સર્વ સંકટોમાં બળ આપે છે, જેથી અમે બીજાઓને તેમના કોઈ પણ સંકટમાં બળ આપી શકીએ અને ઈશ્વર તરફથી અમને મળતા બળમાં તેમને ભાગીદાર બનાવીએ; કારણ, જેમ ખ્રિસ્તનાં દુ:ખો

૨૦. ૨ તિમોથી ૨, ૨૨.
૨૧. કલોસ્સા ૩, ૧૫.
૨૨. રોમ ૧, ૭.
૨૩. એફેસસ ૨, ૧૪.
૨૪. રોમ, ૧૫, ૧૩.
૨૫. રોમ ૧૪, ૧૭.
૨૬. ફિલિપ્પી ૪, ૪-૭.
૨૭. ૨ કરિંથ ૭, ૪.

# ધર્મસંઘ

શ્રદ્ધાને જોરે એ 'ઉપદેશની મૂર્ખાઈ' લઈને પાઉલ દેશદેશના લોકોને એની જાણ કરવા નીકળ્યા હતા. અને એ પણ એ જ ભોળપણાથી ને સરળતાથી. "ભાઈઓ, હું પણ તમારી વચ્ચે આવ્યો ત્યારે ભાષાના કે જ્ઞાનના આડંબરપૂર્વક ઈશ્વરનો સંદેશ સંભળાવવા નહોતો આવ્યો; મેં નિશ્ચય કર્યો હતો કે, તમારી વચ્ચે મારે ઈસુ ખ્રિસ્ત, અને તે પણ ક્રૂસે જડાયેલા ઈસુ ખ્રિસ્ત સિવાય બીજા કશાનો વિચાર ન કરવો. હું તો તમારી પાસે આવ્યો ત્યારે ખૂબ દુર્બળ હતો અને ભયથી થરથરતો હતો, અને મારી વાણીમાં, મારા ઉપદેશમાં બુદ્ધિચાતુર્યભરી કોઈ મોહક દલીલો નહોતી, પણ પવિત્ર આત્માની શકિત જ પ્રગટ થતી હતી, જેથી તમારી શ્રદ્ધા માનવીના જ્ઞાનચાતુર્ય ઉપર નહિ પણ ઈશ્વરની શકિત ઉપર બંધાય. ખ્રિસ્તે મને શુભસંદેશની ઘોષણા કરવા માટે મોકલ્યો હતો, અને તે પણ વાક્ચાતુર્યથી નહિ, કારણ, તો તો ઈસુના ક્રૂસનું સામર્થ્ય નિરર્થક બની જાય."[1]

પાઉલની મૂંઝવણ ખ્રિસ્તીદર્શનમાં લાક્ષણિક છે. એક તરફ ઉપદેશની 'મૂર્ખાઈ': ઈસુ ખરેખર ભગવાન છે, તો ય માનવી જેવા માનવી પણ છે, ક્રૂસ ઉપર સાચે જ મરી જાય છે, માણસો એમની સાથે એકરૂપ થઈને એમનાં પુણ્યનું ફળ પ્રાપ્ત કરે છે અને એ દ્વારા ઈશ્વરના જીવનના ભાગીદાર બને છે — એ વાતો પોતે માનવી તો ઠીક પણ બીજાઓને કહેવી ને સમજાવવી કઠણ તો છે જ. ને બીજી તરફ એ અનુભવની પ્રતીતિ ને પ્રેરણા: "અમે તો જે જે જાતે જોયું અને સાંભળ્યું છે તેને વિશે બોલ્યા વગર રહી જ શકીએ એમ નથી."[2] દિલમાં કૃપાની અનુભૂતિ થઈ હોય એ કેમ દબાવી શકાય?

ઈસુની આગળ જ પણ એવી ફરિયાદ થઈ હતી: "એ સાંભળીને તેમના ઘણા શિષ્યો બોલી ઊઠયા, 'આ તો ગળે ઊતરવું કઠણ છે! આવું તે કોણ સાંભળી શકે?' આ પછી તેમના ઘણા શિષ્યો પાછા જતા રહ્યા, અને તેમની સાથે ફરતા બંધ થઈ ગયા."[3] અને એવી શ્રદ્ધાની જાહેરાત પણ થઈ હતી: "આથી ઈસુએ બાર શિષ્યોને કહ્યું, 'તમારે પણ જતા રહેવું નથી?' સિમોન પીતરે જવાબ આપ્યો,

૧. ૧ કરિંથ ૨, ૧-૫; ૧, ૧૭.
૨. પ્રે. ચ. ૪, ૨૦.
૩. યોહાન ૬, ૬૦, ૬૬.

'પ્રભુ, અમે કોની પાસે જઈએ? આપની વાણી શાશ્વત જીવનની વાણી છે; અમને શ્રદ્ધા છે અને અમને ખાતરી છે કે, આપ પરમેશ્વરે મોકલેલા પરમપવિત્ર પુરુષ છો."[૪]

શ્રદ્ધાનો આનંદ છે એટલે બોલવાની પ્રેરણા થાય, પણ સંદેશની વિલક્ષણતા છે એટલે બોલવાનો સંકોચ લાગે. એ પ્રેરણામાં ને એ સંકોચમાં ખ્રિસ્તમાર્ગીની કસોટી — ને ધન્યતા — છે.

*

ઈસુની આજ્ઞા હતી: "મને આખી સૃષ્ટિ ઉપર સંપૂર્ણ સત્તા આપવામાં આવેલી છે. એટલે તમે જાઓ, અને બધી પ્રજાના લોકોને મારા શિષ્યો બનાવો, અને તેમને પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે સ્નાનસંસ્કાર કરાવો. તમને મેં જે જે આજ્ઞાઓ આપી છે તેનું પાલન કરવાનો ઉપદેશ આપો, અને ખાતરી રાખજો, કે હું યુગના અંત સુધી સદા તમારી સાથે છું."[૫]

પોતાને દિવ્ય વરદાનનો અનુભવ થાય પછી એ અનુભવ બીજાઓને કરાવવાની વૃત્તિ સહજ હોય, અને તે એક ફરજ પણ બની શકે છે, અટલે પાઉલ લખે છે: "શુભસંદેશનો પ્રચાર કરવા માટે તો હું ગૌરવ લઈ શકતો નથી; એ કર્યા વગર તો મારો છૂટકો નથી. હું કેવળ સોંપાયેલી જવાબદારી અદા કરું છું."[૬] "ઈશ્વરે પોતાની શકિતના પ્રભાવથી મને કૃપા બક્ષીને એ શુભસંદેશનો સેવક બનાવ્યો છે. નાનામાં નાના પુણ્યજન કરતાં પણ નાના એવા મારા ઉપર કૃપા કરીને, વિધર્મીઓમાં ખ્રિસ્તની અગાધ સમૃદ્ધિના શુભ સમાચાર જાહેર કરવાનું અને આ રહસ્ય શી રીતે અમલમાં મૂકવાનું છે તે પ્રગટ કરવાનું મને સોંપવામાં આવ્યું છે."[૭]

એ આજ્ઞાથી ને એ અનુભવથી ખ્રિસ્તી ધર્મ પહેલેથી વિકાસપ્રધાન ધર્મ બન્યો, અને તેના અનુયાયીઓએ કષ્ટો ને જુલમ વેઠીને — અને વખતે જીવનનું બલિદાન પણ આપીને — દુનિયામાં તેનો ફેલાવો કર્યો. "તમે જાણો છો એ પ્રમાણે, ફિલિપ્પીમાં અમારે કષ્ટો અને અપમાન સહન કરવાં પડયાં હતાં તેમ છતાં ઈશ્વરને આધારે અમે ભારે વિરોધ વચ્ચે પણ તમને ઈશ્વરનો શુભસંદેશ સંભળાવવાની હિંમત

૪. યોહાન ૬, ૬૭-૬૯.
૫. માથ્થી ૨૮, ૧૮-૨૦.
૬. ૧ કરિંથ ૯, ૧૬-૧૭.
૭. એફેસસ ૩, ૭-૯.

કરી હતી. આપણે માણસોને રીઝવવા માગતા નથી પણ આપણાં અંતરને જાણનાર ઈશ્વરને પ્રસન્ન કરવા માગીએ છીએ. તમે જાણો છો અને ભગવાન પણ સાક્ષી પૂરશે કે, ન અમે કદી ખુશામતનો આશરો લીધો હતો, ન અમે કદી સ્વાર્થને છુપાવવાનું છળ કર્યું હતું, તેમ ન અમે કદી માણસો પાસેથી માન મેળવવાનો પ્રયત્ન કર્યો હતો — ન તમારી પાસેથી કે ન કોઈ બીજા પાસેથી. પણ તમારી વચ્ચે અમારું વર્તન પોતાનાં બાળકોનું લાલનપાલન કરતી માતાના વર્તન જેવું મમતાભર્યું રહ્યું હતું. અમને તમારા ઉપર એટલું હેત હતું કે, અમે તમને કેવળ ઈશ્વરનો શુભસંદેશ જ નહિ પણ અમારા પ્રાણ પણ આપવા તૈયાર હતા. તમે અમને એટલા વહાલા થઈ પડયા હતા. બંધુઓ, અમે ઉઠાવેલાં કષ્ટો અને પરિશ્રમ તમને યાદ હશે; અમે તમને ઈશ્વરનો શુભસંદેશ સંભળાવતા હતા એ દરમ્યાન કોઈને બોજારૂપ ન થઈ પડવા માટે અમે રાતદિવસ હાથે કામ કરતા હતા. તમ વિશ્વાસીઓ પ્રત્યે અમારો વ્યવહાર કેવો પવિત્ર, ન્યાયી અને દોષ વગરનો હતો એના તમે અને પરમેશ્વર સાક્ષી છો. તમે જાણો છો તેમ, કોઈ પિતા પોતાનાં બાળકોની સાથે વર્તે છે તેમ અમે તમારામાંના એકેએક સાથે વર્ત્યા હતા — ઉદ્‌બોધન કરતા હતા, પ્રોત્સાહન આપતા હતા અને ભારપૂર્વક કહેતા હતા કે, જે ઈશ્વર તમને પોતાના રાજ્યના મહિમામાં બોલાવે છે તેને અનુરૂપ જીવન ગાળો. વળી, એ માટે પણ અમે ઈશ્વરનો સતત આભાર માનીએ છીએ કે, અમારી પાસે તમે ઈશ્વરની વાણી સાંભળી ત્યારે તેને કોઈ માણસની વાણી તરીકે નહિ પણ એના સાચા સ્વરૂપમાં ઈશ્વરની વાણી તરીકે સ્વીકારી; એ વાણી તમ વિશ્વાસીઓમાં કાર્ય કરી રહી છે. તમે, બંધુઓ, યહૂદિયામાં આવેલા ખ્રિસ્તભકતોના ઈશ્વરના સંઘોની હારમાં આવી ગયા છો; કારણ, એ સંઘોએ જે જે વેઠયું હતું તે જ તમારા પોતાના લોકોને હાથે તમે વેઠયું છે."[૮]

ઉપદેશકાર્યને પુણ્યકાર્ય સમજીને પાઉલ એની સફળતા માટે પ્રાર્થના કરતા અને બીજાઓની પાસે પ્રાર્થનાની સહાય માગતા: "હું મારી પ્રાર્થનામાં હમેશાં તમને સંભારું છું, અને સતત માગું છું કે, ઈશ્વર કરે ને હવે કોઈ ઉપાયે મારો તમારી પાસે આવવાનો માર્ગ મોકળો થાય. હું તમને મળવાને તલસું છું, હું તમને કંઈક આધ્યાત્મિક ભેટ આપવા માગું છું, જેથી તમને બળ મળે, બલ્કે, એમ કહો કે, તમારી વચ્ચે રહીને આપણે એકબીજાની શ્રદ્ધાથી પરસ્પર પ્રોત્સાહન પામીએ. બંધુઓ, હું તમને જણાવવા માગું છું કે મેં તો અનેકવાર તમારે ત્યાં આવવાનો ઇરાદો

૮. ૧ થેસ્સલોનિકા ૨, ૨-૧૪.

રાખ્યો હતો, જેથી બીજી વિધર્મી પ્રજાઓની પેઠે તમારી વચ્ચે પણ મારી પ્રવૃત્તિનું કંઈક પરિણામ જોઈ શકું, પણ અત્યાર સુધી કંઈક ને કંઈક આડે આવ્યું છે. મારો તો ગ્રીકો અને બર્બરો, જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ બંને પ્રત્યે પણ ધર્મ છે, એટલે હું રોમમાં વસતા તમને પણ શુભસંદેશ સંભળાવવાને આતુર છું."[૯] "અમારે માટે પણ પ્રાર્થના કરજો કે, ઈશ્વર અમને શુભસંદેશ સંભળાવવાનો માર્ગ ખુલ્લો કરી આપે, જેથી અમે ખ્રિસ્તનું રહસ્ય પ્રગટ કરી શકીએ. એને કારણે જ તો હું બંધનમાં છું; મારે કરવું ઘટે એ રીતે હું એ રહસ્ય પ્રગટ કરું, એવી તમે પ્રાર્થના કરજો."[૧૦]

*

પહેલા ખ્રિસ્તમાર્ગીઓ તો અનેક રીતે નબળા હતા, પણ એ જ નબળાં નિમિત્ત લઈને ઈશ્વરને પોતાનું કાર્ય કરવાનું પસંદ પડ્યું. "ભાઈઓ, વિચાર તો કરો, તમને કેવા માણસોને ઈશ્વરે હાકલ કરી છે! દુનિયાની દૃષ્ટિએ જોતાં, તમારામાંના ઘણા નથી જ્ઞાની કે નથી વસીલાદાર કે નથી કૂળવાન; તેમ છતાં ઈશ્વરે ડાહ્યાઓને શરમાવવા માટે દુનિયા જેમને મૂર્ખ માને છે તેમને પસંદ કર્યા છે, શકિતશાળીઓને શરમાવવા માટે ઈશ્વરે દુનિયા જેમને નબળા ગણે છે તેમને પસંદ કર્યા છે, અને ગણનાપાત્રોને ધૂળ ચાટતા કરવા ઈશ્વરે જેમની કશી ગણના નથી એવાને, દુનિયાના અકુલીન અને તુચ્છ લોકોને પસંદ કર્યા છે, જેથી કોઈ પણ મનુષ્ય ઈશ્વર આગળ ગર્વ ન કરે. એ જ ઈશ્વરની કૃપાથી તમારો ઈસુ ખ્રિસ્તમાં વાસ થયો છે, અને એ ઈસુ જ આપણે માટે ઈશ્વરદત્ત જ્ઞાન, પુણ્ય, પવિત્રતા અને મુકિતરૂપ બની ગયા છે. એટલે શાસ્ત્રમાં કહ્યું છે તેમ, જે કોઈ ગર્વ કરે, તે પ્રભુનો ગર્વ કરે."[૧૧]

પોતાના જીવનના છેલ્લા દિવસોમાં પાઉલે ધર્મનું કાર્ય પોતાના પ્રિય શિષ્ય તિમોથીને સોંપીને એમને લખ્યું હતું: "કષ્ટોનો સામનો કરજે, શુભસંદેશના પ્રચારનું કામ કર્યે જજે, તારું સેવાકાર્ય પાર ઉતારજે. મારી તો આહુતિ અપાઈ રહી છે, મારો ડેરાતંબૂ ઉપાડવાનો સમય આવી પહોંચ્યો છે. હું મંગલ શરતમાં ઝૂઝયો છું, પૂરું અંતર દોડયો છું, શ્રદ્ધામાં અટલ રહ્યો છું."[૧૨] અને ખરેખર થોડા સમય પછી એમની આહુતિ અપાઈ ગઈ અને પોતાના એ પ્રાણસમા ધર્મ ને ઈસુ

૯. રોમ ૧, ૧૦-૧૫.
૧૦. કલોસ્સા ૪, ૩-૪.
૧૧. ૧ કરિંથ ૧, ૨૬-૩૧.
૧૨. ૨ તિમોથી ૪, ૫-૭.

ભગવાનની શ્રદ્ધાને ખાતર શહીદ બન્યા. ઈસુના બીજા શિષ્યોનાં પણ જુદા જુદા દેશમાં ને સમયમાં એવાં કાર્ય ને બલિદાન થયાં.

*

ઈસુએ પોતાના શિષ્યોને લઈને ધર્મસંઘની સ્થાપના કરી હતી. પટ્ટશિષ્ય પીતરને ઉદ્દેશીને એમણે બીજા શિષ્યોની આગળ એક પ્રસંગે કહ્યું હતું: "હું તને કહું છું કે તારું નામ પીતર, એટલે ખડક છે, અને એ ખડક ઉપર હું મારા ધર્મસંઘની ઇમારત ચણનાર છું; અને એની આગળ મૃત્યુની સત્તાનું પણ કંઈ ચાલશે નહિ. હું તને ઈશ્વરના રાજ્યની કુલ સત્તા સોંપીશ અને તું જેની જેની પૃથ્વી ઉપર બાંધી કરીશ તેની ઈશ્વર તરફથી પણ બાંધી કરવામાં આવશે, અને તું જેની જેની પૃથ્વી ઉપર છૂટ આપીશ તેની ઈશ્વર તરફથી પણ છૂટ આપવામાં આવશે."[૧૩] એ વચન પ્રમાણે ઈસુએ એ "ચેતનમય ઈશ્વરનો ધર્મસંઘ" સ્થાપ્યો, અને એને "સત્યનો સ્તંભ અને આધાર" બનાવ્યો.[૧૪]

સંસ્થા આવી એટલે વ્યવસ્થા અને સ્થિરતા પણ આવ્યાં, પરંતુ જતે દહાડે સંસ્થાની સાથે અમુક જડતા ને દુરાગ્રહ પણ આવ્યાં. એક તો ખ્રિસ્તમાર્ગીઓમાં ભાગલા પડયા, પંથો ને સંપ્રદાયો આવ્યા. એક સંસ્થા આવી એટલે અનેક આવી —એ ઇતિહાસનો ન્યાય એમાં પણ લાગુ પડયો. પાઉલના સમયમાં જ એ ભંગાણવૃત્તિ શરૂ થઈ હતી ત્યારે એ રોષથી ને દુ:ખથી બોલી ઊઠયા હતા: "તો ખ્રિસ્તના ભાગલા પડી ગયા છે કે શું? ભાઈઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે મારી તમને આગ્રહભરી વિનંતી છે કે, તમે બધા એકઆવાજે બોલો, અને તમારામાં પક્ષો પડવા દેશો નહિ. પણ તમે બધા એકમતના અને એકવિચારના થઈને હળીમળીને રહેજો."[૧૫] તોય એ 'ખ્રિસ્તના ભાગલા' પડતા રહ્યા અને તેનો ઊંડો રંજ આજના ખ્રિસ્તમાર્ગીઓને છે. બીજું, ધર્મની સંસ્થા થઈ ને વિકસી તેથી રાજ્યની સંસ્થા સાથે એનો સંબંધ બંધાયો, કરારો થયા, ધર્મના અધિકારીઓના હાથમાં રાજકીય સત્તા આવી — અને સત્તાની સાથે એનાં અનિષ્ટો પણ આવ્યાં. ત્રીજું, ધર્મની સંસ્થા બનવાથી ધર્મ દેશકાળનાં બંધનોથી બંધાઈ ગયો, અને ખ્રિસ્તી ધર્મનો જન્મ પૂર્વમાં થયો હોવા છતાં પશ્ચિમના દેશોમાં એનો પહેલો ફેલાવો થયો હોવાથી પશ્ચિમની સંસ્કૃતિમાં એ ભળી ગયો અને એના રંગથી રંગાઈ ગયો. અને

૧૩. માથ્થી ૧૬, ૧૮-૧૯.
૧૪. ૧ તિમોથી ૩, ૧૫.
૧૫. ૧ કરિંથ ૧, ૧૩, ૧૦.

ચોથું, સંસ્થામાં એકતા ને સુરક્ષિતતા હોય છે એની સાથે સંકુચિતતા ને અસહિષ્ણુતા પણ સહજ રીતે આવી શકે છે, ને એ સંકુચિત દૃષ્ટિ ખ્રિસ્તી ધર્મમાં પણ આવી અને ઠીક સુધી રહી.

*

એ માનવસહજ નબળાઈઓ છતાં પાયાના સિદ્ધાંતો ને ખ્યાલો અખંડ રહ્યા. બીજા ધર્મો વિશેની ખ્રિસ્તીદર્શનની માન્યતા, અને તેમના અનુયાયીઓ પ્રત્યે એનું વલણ પણ સ્પષ્ટ છે.

બધા જ માણસો ઈશ્વરનાં સંતાન છે, બધા પોતાનાં સારાં-નરસાં કૃત્યો માટે જવાબદાર છે, અને એ કૃત્યો પ્રમાણે દરેકની ગતિ નક્કી થાય છે. બધા માણસો ઈશ્વરકૃપાના અધિકારી છે ને બધા મુકિતના ઉમેદવારો છે. અમુક ધર્મનો માણસ ચડિયાતો ને અમુકનો ઊતરતો, અથવા તો ખ્રિસ્તી થવાથી 'સ્વર્ગમાં જવાય' જ્યારે બિનખ્રિસ્તીઓ બધા 'નરકમાં જાય' એવો વિકૃત ખ્યાલ ખ્રિસ્તી-દર્શનમાં નથી.

ખ્રિસ્તીદર્શનનું આ ચોક્કસ શિક્ષણ છે: જે જે માણસ, પોતાના હાથમાં હોય એ બધું કરી છૂટે એને ઈશ્વરની કૃપા સીધી મળ્યા વગર રહેવાની નથી; દુનિયાના કોઈ પણ ધર્મનો માણસ — એટલું જ નહિ પણ ઈશ્વરને ન માનનાર કોઈ પણ નાસ્તિક પણ — જો પોતાના અંતરાત્મા પ્રમાણે સદાચારી જીવન જીવશે તો મુકિત પામશે જ; ઈશ્વરની કૃપા ને શકિતનો ઇજારો કોઈ પણ સંપ્રદાય કે સંઘની પાસે નથી — ખ્રિસ્તી ધર્મસંઘની પાસે પણ નથી; દરેક ધર્મમાં સાચા ભકતો ને પવિત્ર સ્ત્રીપુરુષો થયાં છે ને થાય છે; બિનખ્રિસ્તીઓની પાસેથી ખ્રિસ્તમાર્ગીઓને ઘણું શીખવાનું છે; ખ્રિસ્તી ધર્મની ઉપર કોઈ પણ દેશ ને સમાજ ને સંસ્કૃતિનો અધિકાર છે, માટે ખ્રિસ્તી ધર્મને અમુક દેશ કે સત્તા કે સંસ્કૃતિની સાથે જ સાંકળી લેવાથી ખ્રિસ્તી ધર્મની કુસેવા ને અન્યાય થાય છે; ધર્માંતરની સાથે 'સમાજાંતર' કરવાની વૃત્તિ ખોટી છે; કોઈ પણ લાલચ આપવાથી અથવા દબાણ કરવાથી ધર્માંતર કરાવવું અધમ પાપ છે; એકબીજાને સાચું માન આપીને, સંવાદ ને સંપર્ક દ્વારા એકબીજાના અનુભવથી ને વારસાથી ને સાધનાથી ને સાક્ષીથી શીખીને ને સમૃદ્ધ બનીને બધા માણસોએ એક બૃહદ્ કુટુંબ તરીકે સત્યની શોધમાં આગળ જવાનું છે.

ખ્રિસ્તીદર્શન બે સિદ્ધાંતો દૃઢપણે માને છે અને ભારપૂર્વક શીખવે છે: એક, કે પરમેશ્વર સર્વ માણસોના પિતા છે, સૌનો ઉદ્ધાર ઇચ્છે છે, સૌને એ ઉદ્ધાર પામવા પ્રેરણા ને કૃપા ને મદદ આપે છે અને સૌને માટે રસ્તો ખુલ્લો કરી આપે છે: "પરમે-

શ્વરની ઇચ્છા એવી છે કે, સૌ કોઈ મુક્તિ પામે અને સત્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે."[૧૬] અને બીજો: પરમેશ્વરે ઈસુને મોકલ્યા, "જેથી ખ્રિસ્ત દ્વારા આપણે તેના પુત્રો બનીએ અને તેની કૃપાના મહિમાની સ્તુતિ થાય."[૧૭]

એક તરફ સર્વ માણસો માટે મુક્તિસંકલ્પ છે, એટલે બધા માણસો બધા સંજોગોમાં ને બધા ધર્મોમાં મુક્તિ પામી શકે. ને બીજી તરફ ઈસુ દ્વારા પ્રગટાવેલી મુક્તિયોજના છે, એટલે એ ઉદ્ધારક કાર્યમાં દરેક માણસ ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઈસુની છાયા છે. અને આ બંને વલણો ઈશ્વર તરફથી જ છે. આમ પરમપિતાએ મોકલેલા ઈસુ પ્રત્યે અખંડ શ્રદ્ધા ને ભક્તિ, અને પરમપિતાએ સર્વ માણસોની મુક્તિ માટે વ્યક્ત કરેલી મંગળ ઇચ્છા માટે પૂરું માન ને પૂજ્યભાવ ને સ્વીકાર — એ બેધારો આગ્રહ છે.

સાચો ખ્રિસ્તમાર્ગી પોતાને મળેલી કૃપા માટે અનુભવેલી કૃતાર્થતા ને ધન્યતાની સાથે દરેક માણસને મળેલી જાતજાતની કૃપાની કદર પણ દિલપૂર્વક કરે છે, અને દરેક જનમાં પરમપિતાના અનુગ્રહની પ્રક્રિયા ને પ્રવૃત્તિ ઓળખીને ને સ્વીકારીને દરેકને પોતપોતાની સાધનામાં મદદરૂપ થવા પ્રયત્ન કરે છે, અને પરમપિતાની કૃપાના મહિમાની સ્તુતિ નિરંતર કરે છે.

૧૬. ૧ તિમોથી ૨, ૪.
૧૭. એફેસસ ૧, ૫.

# મરણોત્તર દશા

"મૃત્યુએ રાજાની જેમ આણ વર્તાવી."[1]

મૃત્યુના રહસ્યની આગળ માનવીને મૌન જ શોભે. તે જીવનનો અંત છે, અજ્ઞાત લોકની યાત્રા છે, નવા જીવનનો પ્રારંભ છે. મૃત્યુના સંકેતો જીવનની શરૂઆતથી જ માનવીને મળતા રહે છે: રોગ, વિયોગ, મનની ઉદાસીનતા ને શરીરની નિર્બળતા. અને હૃદયના ઊંડાણમાં એકાએક અનુભવેલ ભય ને નિરાધારતા દ્વારા જીવન પણ માનવીને મૃત્યુ માટે જન્મથી જ તૈયાર કરતું જાય છે. તોય મૃત્યુ આવે ત્યારે જનાર માણસ પોતે મૂંઝાય છે, અને જનારનો પરિચય ને પ્રેમ જેને જેને હતા એ બધા શોક ને શૂન્યતા અનુભવે છે.

મૃત્યુનું એ અમંગળ ને અકુદરતી પાસું છે. કસોટીરૂપ છે, સજારૂપ છે, અધર્મનું પરિણામ-સ્વરૂપ છે. "પાપ પાસેથી મળતી મજૂરી એટલે મૃત્યુ."[2] પરંતુ લગોલગ ઉમેરે છે: "ઈશ્વર પાસેથી મળતું કૃપાદાન એટલે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સાંનિધ્યમાં શાશ્વત જીવન." મૃત્યુનું મંગળ ને ઉદ્ધારક પાસું પણ છે: તે શાશ્વત જીવનનું દ્વાર છે, માનવીને માટે પોતાનું ખરું સ્વરૂપ ને ખરી પ્રકૃતિ ધારણ કરવાની શરત છે. "બંધુઓ, જેઓ મૃત્યુની નિદ્રામાં પોઢેલા છે, તેમને વિશે તમે અજ્ઞાનમાં રહો એવું અમે ઇચ્છતા નથી. જેમને આશા નથી એવા બીજા માણસોની પેઠે તમને શોક કરવાનો ન હોય. આપણે તો માનીએ છીએ કે, ઈસુ મૃત્યુ પામ્યા હતા અને ફરી સજીવન થયા હતા, એટલે જેઓ ઈસુને શરણે જઈને મૃત્યુમાં પોઢી ગયા છે તે બધાને પણ પરમેશ્વર ઈસુની સાથે લઈ આવશે."[3] એ આશા, એ મોતનો સ્વીકાર, એ ઈસુનું શરણ, અને અજ્ઞાત લોકમાં પ્રવેશતાં એ શ્રદ્ધા ને વિશ્વાસ—એ આખી ભાવના મોતનો શાપ વરદાનમાં પલટાવી નાખે. "પ્રભુમાં શ્રદ્ધા સાથે મરનાર પરમસુખી છે."[4]

*

૧. રોમ ૫, ૧૭.
૨. રોમ ૬, ૨૩.
૩. ૧ થેસ્સાલોનિકા ૪, ૧૩-૧૪.
૪. દર્શન ૧૪-૧૩.

ખ્રિસ્તીદર્શનમાં પુનર્જન્મનો સિદ્ધાંત નથી. "માણસને માટે એક જ વાર મરવાનું નિર્માણ થયેલું છે અને પછી તેનો ન્યાય થાય છે."[૫] એક જન્મ, એક ભવ, એક મરણ. સૃષ્ટિની — અને માનવીની — ગતિ સીધી ગણાય છે, આગળ તરફ ગણાય છે.

બે વખત એક અવસ્થામાંથી કે એક યુગમાંથી પસાર થવાનું નથી. જે જે કરવાનું છે તે આ જ તક લઈને કરવાનું છે, એટલે પુરુષાર્થ, તાકીદ, સિદ્ધિ ઉપર ભાર છે. જીવનની કસોટીમાં પાર ઊતરવા ભગવાન દરેકને પૂરતું ભાથું આપે છે, અને દરેકને આપેલા એ ભાથા ને એ સંજોગો ને એ જવાબદારી પ્રમાણે એનો ન્યાય તોળે છે.

ઈશ્વરેચ્છાનો સ્વીકાર (બધાને પૂરતું ભાથું આપે છે પણ સરખું તો આપતા નથી, અને એ ઈશ્વરેચ્છા માથે ચડાવવાની છે), વ્યક્તિની જવાબદારીનું મહત્ત્વ (ચોખ્ખો હિસાબ લઈને જન્મ્યો છું એટલે હવે મારાં સારાંનરસાં કૃત્યો માટે મારી આજની સ્વતંત્ર વ્યક્તિગત જવાબદારી છે), અને લોકોની સેવા કરવાનું વલણ (ગરીબની ગરીબાઈ સજારૂપ નથી, અને દુખિયાનું દુઃખ દંડરૂપ નથી એટલે મદદ ને સેવા કરવાની વૃત્તિ જાગે ને પુણ્ય લાગે) — એ લક્ષણો આ દૃષ્ટિમાં છે.

તોય આ ગૂઢ વિષયમાં બીજાં દર્શનોનાં દૃષ્ટિબિંદુ માટે પણ પૂરાં આદર ને માન શોભે.

*

મૃત્યુ પામેલાઓને માટે બાઈબલમાં જુદા જુદા શબ્દપ્રયોગો છે: તેઓ "પોઢી ગયા છે"[૬], "પ્રભુના સાંનિધ્યમાં છે"[૭], "પ્રભુના વતનમાં છે"[૮], "શાંતિના લોકમાં છે"[૯]. ઈસુ કહેતા, "મને મોકલનારની ઇચ્છા એવી છે કે...હું બધાને સજીવન કરું"[૧૦]; અને "આપણા પૂર્વજોના ઈશ્વર" એ પ્રચલિત સંબોધન કરીને પોતે ઉમેરતા, "ઈશ્વર કંઈ મરેલાંનો ઈશ્વર નથી, પણ જીવતાંનો જ ઈશ્વર

૫. હિબ્રૂઓ ૯, ૨૭.
૬. ૧ કરિંથ ૧૫, ૬.
૭. ૨ થેસ્સલોનિકા ૪, ૧૮.
૮. ૨ કરિંથ ૫, ૮.
૯. વિદ્યા ૩, ૩.
૧૦. યોહાન ૬, ૩૯.

છે"[૧૧] —એટલે કે એ ભૂતકાળના પૂર્વજો પણ આજે પ્રભુની પાસે જીવે છે.

બધા માણસો મૃત્યુ પામ્યા પછી ફરી સજીવન થાય છે અને અનંત કાળ માટે જીવે છે એ સિદ્ધાંત છે.

માનવી સાચા ને પૂરા અર્થમાં અમર છે એ શ્રદ્ધા છે.

પાઉલના કેટલાક શિષ્યોને આ બાબતમાં શંકા હતી એટલે એ તક લઈને પાઉલે આ મહત્ત્વનો સિદ્ધાંત આગ્રહપૂર્વક સમજાવ્યો, અને સાથે સાથે ઈસુ ને ભકતોના સંબંધ ને એકતા વિશેના પાયાના સિદ્ધાંત ઉપર નવો ભાર મૂક્યો: "હવે, અમે જો એમ ઘોષણા કરતા હોઈએ કે ઈસુ મરેલામાંથી ફરી સજીવન થયા હતા, તો તમારામાંથી કોઈ કોઈ એમ શી રીતે કહી શકે કે, મરેલા ફરી સજીવન થતા નથી? જો મરેલા ફરી સજીવન ન થતા હોય, તો ખ્રિસ્ત પણ ફરી સજીવન થયા નથી, અને જો ખ્રિસ્ત ફરી સજીવન ન થયા હોય, તો અમારો ઉપદેશ વ્યર્થ છે, અને તમારી શ્રદ્ધાનો પણ કશો અર્થ નથી. વળી, તો તો, અમે ઈશ્વરના જૂઠા સાક્ષી ઠરીએ, કારણ, અમે એવી સાક્ષી પૂરી છે કે, ઈશ્વરે ખ્રિસ્તને ફરી સજીવન કર્યા હતા, પણ ખરેખર મરેલાને જો ફરી સજીવન કરવામાં આવતા ન હોય, તો ઈશ્વરે ખ્રિસ્તને પણ સજીવન નથી કર્યા; કારણ, જો મરેલાને સજીવન કરવામાં આવતા ન હોય તો ખ્રિસ્તને પણ સજીવન કરવામાં નથી આવ્યા. અને જો ખ્રિસ્તને ફરી સજીવન કરવામાં આવ્યા ન હોય તો તમારી શ્રદ્ધા પોકળ છે, તમે હજી તમારા પાપમાં જ છો, અને તો તો જેઓ ખ્રિસ્તને ચરણે મરણ પામ્યા છે તેઓનો સંપૂર્ણ નાશ થયો છે. આપણે ખ્રિસ્ત ઉપર જે આશા રાખી છે તે ફકત આ જીવન પૂરતી હોય, તો તો આપણે સૌથી વધુ દયાપાત્ર માણસો છીએ. પણ સાચી વાત એ છે કે, ખ્રિસ્તને ફરી સજીવન કરવામાં આવ્યા છે —મૃત્યુમાં પોઢેલાઓમાંથી પ્રગટેલા પ્રથમ ફળરૂપે. કારણ, જેમ માનવ દ્વારા મૃત્યુ આવ્યું હતું, તેમ મરેલાનું પુનર્જીવન પણ માનવ દ્વારા જ આવ્યું છે: ખ્રિસ્ત સાથેના સંબંધને કારણે સૌ પુનર્જીવન પામશે."[૧૨]

"મરેલાંઓનું પુનર્જીવન" એ "પશ્ચાત્તાપ, શ્રદ્ધા, સ્નાનસંસ્કાર અને અંતિમ ન્યાય" સાથે "ખ્રિસ્તના સિદ્ધાંતની પાયાની બાબત" પહેલેથી ગણાય છે.[૧૩]

*

૧૧. માથ્થી ૨૨, ૩૨.
૧૨. ૧ કરિંથ ૧૫, ૧૨-૨૨.
૧૩. હિબ્રૂઓ ૬, ૨.

મૃત્યુ ને પુનર્જીવન સાથે 'ન્યાય' સંકળાયેલો છે. માનવીને જે જે મળ્યું હતું એ લઈને એ જીવ્યો. હવે એનો હિસાબ આપવાનો છે. "શેઠ નોકરોને જુદી જુદી મૂડી સોંપીને અને 'હું આવું ત્યાં સુધી તમે આનાથી કમાણી કરજો' કહીને પરદેશમાં ગયા... અને ઠીક સમય પછી પાછા આવ્યા ત્યારે નોકરોના હિસાબ ચોખ્ખા કરવા બેઠા..." એ ઈસુના એક જાણીતા દૃષ્ટાંતની શરૂઆત છે.[૧૪]

હિસાબ લેવાનો છે.

ન્યાય તોળવાનો છે.

એ ન્યાય કોઈ વિધિ કે ફેંસલો નથી. આત્માનો ન્યાય છે. માણસ પોતે જોશે, સંસારનાં આવરણ અને દુનિયાની ઊલટીસૂલટી દૃષ્ટિ છોડીને પોતાનાં કૃત્યો તેના સાચા સ્વરૂપમાં જોશે, ઈશ્વરના સત્યના પ્રકાશથી પોતાનું વર્તન તપાસશે ત્યારે પોતે આપોઆપ જાણી લેશે કે પોતાના જીવનનો સરવાળો શો છે—અને પોતાની સ્થિતિનું એ પ્રત્યક્ષ જ્ઞાન પોતાની ગતિ પણ નક્કી કરશે. ઈસુએ કહ્યું હતું : "જે કોઈ વિશ્વાસ રાખતો નથી—તે તો સજાપાત્ર ઠરી જ ચૂક્યો છે."[૧૫]

*

માણસ સજાપાત્ર ઠરી શકે છે એ સ્પષ્ટ ચેતવણી પણ એમાં છે. ઈસુએ અનેક વાર એવો બોધ આપ્યો હતો. "એ લોકોને શાશ્વત સજા થશે"[૧૬], "ત્યાં રોવાનું અને દાંત પીસવાનું ચાલ્યા કરશે"[૧૭], "તેણે નરકના અગ્નિમાં પડવું પડશે"[૧૮], "બધા પાપ કરનારા ને કરાવનારાઓને ભેગા કરી ભડભડતા અગ્નિમાં નાખશે".[૧૯]

ઈસુની એ ગંભીર વાતો સાંભળીને એક વાર કોઈએ એમને પૂછ્યું કે, શું, મુકિત પામનારા થોડા જ હશે? ત્યારે ઈસુએ નોંધપાત્ર જવાબ આપ્યો. એ જવાબમાં ફરી ચેતવણી છે, સંખ્યાની કે સમયની કે નામની ખોટી ચર્ચા ટાળવાનો વિવેક છે, ચારે દિશાએથી મુકિતના વારસદારો આવશે એ આશ્વાસન છે, અને વિશેષ તો દરેક જણ વ્યર્થ તર્ક છોડીને પોતે પૂરા દિલથી બનતાં પુરુષાર્થ ને

૧૪. લૂક ૧૯, ૧૨.
૧૫. યોહાન ૩, ૧૮.
૧૬. માથ્થી ૨૫, ૪૬.
૧૭. માથ્થી ૨૪, ૫૧; ૨૫, ૩૦.
૧૮. માથ્થી ૫ ૨૨.
૧૯. માથ્થી ૧૩, ૪૨.

સાધના કરતો રહે એ આગ્રહ છે: "આ પ્રમાણે શહેરોમાં અને ગામડાંઓમાં ઉપદેશ આપતાં આપતાં ઈસુ યરુશાલેમ તરફ આગળ વધી રહ્યા હતા. કોઈએ તેમને પૂછ્યું, 'ગુરુદેવ, થોડા જણનો જ ઉદ્ધાર થવાનો છે?' તેમણે તેઓને જવાબ આપ્યો: 'સાંકડે દરવાજેથી દાખલ થવા માટે મન મૂકીને પ્રયત્ન કરજો; કારણ, હું તમને કહું છું કે, ઘણા અંદર દાખલ થવા ફાંફાં મારશે પણ દાખલ થવા પામશે નહિ. એક વખત ઘરધણી ઊઠીને બારણાં વાંસી દે એટલે તમારે બહાર ઊભા ઊભા બારણાં ખખડાવી કહેવાનું જ રહેશે કે, પ્રભુ, અમારે માટે બારણાં ઉઘાડો. પણ તે જવાબમાં તમને કહેશે: તમે ક્યાંના છો, મને ખબર નથી.—ત્યારે તમે દલીલ કરશો કે, અમે આપની સાથે બેસીને જમ્યા છીએ, અને આપે અમારા ફળિયામાં ઉપદેશ આપ્યો છે. પણ તે તમને કહેશે, તમે ક્યાંના છો, મને ખબર નથી; અધર્મના આચરનારાઓ, તમે બધા મારાથી આઘા ટળો!—તમે જ્યારે બધા પયગંબરોને ઈશ્વરના રાજ્યમાં વિરાજતા અને પોતાને બહાર હડસેલી મૂકવામાં આવેલા જોશો, ત્યારે તમારે રોવાનું અને દાંત પીસવાનું રહેશે. અને પૂર્વમાંથી અને પશ્ચિમમાંથી, ઉત્તરમાંથી અને દક્ષિણમાંથી લોકો આવી આવીને ઈશ્વરના રાજ્યની મિજબાનીમાં બેસી જશે. અને જોજો, કેટલાક છેલ્લા છે તે પહેલા થશે અને પહેલા છે તે છેલ્લા થશે."[૨૦]

પાઉલની શિખામણ છે: "ભુલાવામાં પડશો નહિ; ઈશ્વર છેતરાતો નથી. માણસ વાવશે તેવું લણશે. જે માણસ દેહની વાસનાઓના ક્ષેત્રમાં વાવશે તે વાસનામાંથી વિનાશ જ લણશે. પણ જે આત્માના ક્ષેત્રમાં વાવશે તે આત્મામાંથી શાશ્વત જીવન લણશે. ભલાં કામો કરતાં આપણે થાકવું ન જોઈએ; કારણ, જો હારીશું નહિ તો યથાકાલે તેનાં ફળ મળશે."[૨૧]

*

સજા છે ને બદલો છે. "માણસ વાવશે તેવું લણશે".

ઈશ્વરની દયા છે ને કૃપા છે. એથી "છેલ્લા પણ પહેલા થઈ શકે".

અને તેથી "સાંકડે દરવાજેથી દાખલ થવા માટે"મન મૂકીને સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

૨૦. લૂક ૧૩, ૨૨-૨૯.
૨૧. ગલાતિયા ૬, ૭-૯.

# અનંત જીવન

માનવીની શુભ ગતિ માટે બાઇબલમાં 'અનંત જીવન' એ નામ છે. ઈશ્વર પાસેની માનવીની અંતિમ અવસ્થા, માનવવ્યકિતનું છેલ્લું લક્ષ ને ધન્ય સિદ્ધિ 'અનંત જીવન' છે.

"અમે તમારી આગળ જીવનના શબ્દની ઘોષણા કરીએ છીએ, જે પ્રારંભથી હતો જ, જેને અમે સાંભળ્યો છે, જેને અમે સગી આંખે જોયો છે, જેનું અમે દર્શન કર્યું છે અને અમારા હાથે જેનો સ્પર્શ કર્યો છે. સાચે જ એ જીવન પ્રગટ થયું હતું. જે શાશ્વત જીવન પરમપિતા સાથે હતું તે અમારી આગળ પ્રગટ થયું હતું, અમે એને જોયું હતું અને અમે એની સાક્ષી પૂરીએ છીએ. જે અમે જોયું છે અને સાંભળ્યું છે તેની જ અમે તમારી આગળ ઘોષણા કરીએ છીએ, જેથી પરમપિતા અને તેના પુત્ર ઈસુ ખ્રિસ્ત સાથે અમે જે જીવનના સહભાગી છીએ તેમાં તમે પણ અમારા સહભાગી બનો. અમે તમને એટલા માટે લખીએ છીએ કે, આપણો આનંદ પરિપૂર્ણ થાય. ઈશ્વર જેમ પ્રકાશમાં છે તેમ આપણે પ્રકાશને માર્ગે ચાલતા હોઈએ તો આપણે એક જ જીવનના સહભાગી છીએ."[૧]

આનંદ, પ્રકાશ, જીવન. માનવીના અનુભવમાં સૌથી મંગળ ને કીમતી ને આધારરૂપ વસ્તુ જીવન જ છે. તે ન હોય તો દુનિયા વ્યર્થ થાય; અને તે હોય તો આખું બ્રહ્માંડ ખીલે. માટે ઈશ્વરમાં પણ એ જીવન હશે. અલબત, મર્યાદિત નહિ, નશ્વર નહિ, અધૂરું નહિ—પણ પૂર્ણ, સ્વયંભૂ, શાશ્વત. એ અનંત જીવન છે.

એ જીવનની પાસે હવે માનવી જાય. જન્મ લઈને, કસોટીમાં ઊતરીને, મૃત્યુ પામીને ને પાછો સર્જનહારને હાથે સજીવન થઈને એની પાસે જાય. માનવી ઈશ્વરને ત્યાં જાય—એનામાં જ જાય. અને તેના જીવનનો સહભાગી બની જાય. "ઈશ્વરની શકિતએ ભકિતમય જીવન માટે આવશ્યક એવું બધું જ આપણને બક્ષ્યું છે, પોતાના મહિમા અને સામર્થ્યથી આપણને હાકલ કરનાર ઈશ્વરને વિશે એણે આપણને સંપૂર્ણ જ્ઞાન આપ્યું છે. એ જ મહિમા અને સામર્થ્યના બળે તેણે આપણને મહામૂલાં અને મોટાં વરદાનો આપ્યાં છે, જેથી એ વરદાનને જોરે જગતમાં વાસનાથી વ્યાપેલી ભ્રષ્ટતાથી બચી જાઓ, અને ઈશ્વરની પ્રકૃતિના ભાગીદાર

૧. ૧ યોહાન ૧, ૧-૪, ૭.

બનો."[૨]

*

આત્માનું જીવન જ્ઞાન અને પ્રેમ હોય છે. જાણવાની અને ચાહવાની પ્રવૃત્તિ છે. એ દ્વારા આત્મા જીવે છે. મન અને હૃદય. ઓળખાણ અને મમતા. પરિચય અને સંબંધ. અને ધર્મની બાબતમાં ઈશ્વર પ્રત્યે એ જીવનની પ્રવૃત્તિ, એ 'આધ્યાત્મિક જીવન' તો શ્રદ્ધા અને ભકિતનું રૂપ ધારણ કરે છે. મનન અને શરણ. પૂજ્યભાવ અને સખીભાવ. ઈશ્વરનો પ્રેમ ને ઈશ્વરનું જ્ઞાન. આ દેહમાં તો ઈશ્વર વિશેનું એ જ્ઞાન અધૂરું છે, ઝાંખું છે. પણ નવજીવનના પરોઢિયે નવું જ્ઞાન મળશે, પ્રત્યક્ષ દર્શન મળશે, સાક્ષાત્કાર થશે—અનંત જીવન શરૂ થશે.

"આપણું જ્ઞાન અપૂર્ણ હોય છે, પણ જ્યારે પૂર્ણતા પ્રગટ થશે ત્યારે અપૂર્ણતા લોપ પામશે. અત્યારે આપણને આરસામાં ઝાંખું ઝાંખું દેખાય છે, પણ પછી આપણને પ્રત્યક્ષ દેખાશે. અત્યારે મારું જ્ઞાન અપૂર્ણ છે, પણ પછી મારું જ્ઞાન પૂર્ણ બનશે, જેમ ઈશ્વરનું મારા વિશે જ્ઞાન પૂર્ણ છે."[૩] ઈશ્વર મને ઓળખે છે એ જ રીતે હું એને ઓળખીશ. એના જ્ઞાનનો અધિકારી. એના જીવનનો સહભાગી.

પ્રેમનું પણ એવું જ છે. "વહાલા ભાઈઓ, આપણે એકબીજા ઉપર પ્રેમ રાખીએ, કારણ, પ્રેમ ઈશ્વરમાંથી ઉદ્‌ભવે છે, અને જે કોઈ પ્રેમ રાખે છે તે ઈશ્વરથી જન્મ્યો છે અને ઈશ્વરને પિછાને છે. જે પ્રેમ રાખતો નથી તે ઈશ્વરને પિછાનતો નથી, કારણ, ઈશ્વર પ્રેમસ્વરૂપ છે."[૪]

ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. એ એની વ્યાખ્યા થઈ. પણ પ્રેમ તો ભારે મૂંઝવનાર તત્ત્વ છે. પ્રેમને એકતા જોઈએ અને ભિન્નતા જોઈએ. બે ન હોય તો પ્રેમ જામે જ નહિ, અને એ બેને એક બનાવ્યા વિના પ્રેમ જંપવાનો નથી. એક-અનેક. દ્વૈત-અદ્વૈત. ને એમાં ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. પ્રેમતત્ત્વ છે. એ પ્રેમની ખેંચ અત્યારથી અનુભવાય છે. પણ હજી ધીરેથી, દૂરથી, હળવેથી. હજી પડદો છે, અંતરપટ છે, માટીનો દેહ છે. પણ એ ખૂલશે અને નજરોનજર મળાશે ત્યારે એ પ્રેમ પોતાનો પરચો બતાવશે—અને "પરમેશ્વર સર્વેમાં સર્વ બની રહેશે."[૫]

૨. ૨ પીતર ૧, ૩-૪.
૩. ૧ કરિંથ ૧૩, ૯-૧૨.
૪. ૧ યોહાન ૪, ૭-૮.
૫. ૧ કરિંથ ૧૫, ૨૮.

ખરેખર "આંખે જોયું નથી, કાને સાંભળ્યું નથી ને માનવમને કલ્પ્યું નથી — ઈશ્વરે પોતાના ભકતો માટે જે તૈયાર રાખ્યું છે તે."[૬]

*

એ 'અનંત જીવન'ની પ્રતીક્ષામાં માનવીને શ્રદ્ધા, ઝંખના ને પ્રાર્થના શોભે.

પાઉલની વિનંતી હતી: "પ્રભુ ઈસુ ઉપરની તમારી શ્રદ્ધા અને સૌ પુણ્યજનો પ્રત્યેના તમારા પ્રેમ વિશે સાંભળ્યું ત્યારથી હું મારી પ્રાર્થનાઓમાં તમને સંભારી તમારે માટે સતત આભાર માનતો રહું છું, અને એવું માગું છું કે, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પરમેશ્વર અને મહિમાના સાગરરૂપ પિતા તમને એવી આત્મ-પ્રેરણા બક્ષો, જે તમને જ્ઞાન આપે અને ઈશ્વરનું રહસ્ય તમારી આગળ પ્રગટ કરે, જેથી તમે તેને ઓળખી શકો. હું માગું છું કે, તે તમારી અંતર્દૃષ્ટિને પ્રકાશિત કરે, જેથી તમને ખબર પડે કે, એણે કેવી આશા સેવવાને તમને હાકલ કરી છે, પુણ્યજનોને એના તરફથી મળનાર વારસાનો મહિમા કેવો અપાર છે અને તેનામાં શ્રદ્ધા રાખનાર આપણામાં કાર્ય કરી રહેલી એની શકિત કેવી મહાન છે. — આપણામાં કાર્ય કરી રહેલી પોતાની શકિત વડે જે આપણી માગણી કે કલ્પના કરતાં અનંતગણું વધારે કરી શકે એમ છે તેનો ધર્મસંઘમાં અને ઈસુ ખ્રિસ્તમાં પેઢી દર પેઢી યુગયુગાંતર સુધી મહિમા થતો રહો. આમીન."[૭]

૬. ૧ કરિંથ ૨, ૯.

૭. એફેસસ ૧, ૧૫-૧૯; ૩, ૨૦.

# ઉપસંહાર

ધર્મની પાસે માણસ એ અપેક્ષા રાખે છે કે તે જીવનનું રહસ્ય સમજાવે, સૃષ્ટિમાં માનવનું સ્થાન બતાવે, આનંદથી જીવવા — અને આશાથી મરવા — શ્રદ્ધા બંધાવે. મર્યાદામાં રહીને, મર્મ સાચવીને, જીવનની ગૂઢ વાતોને માનથી ને પૂજ્યભાવથી છેડીને, પણ આખરે સ્પષ્ટ ને સીધો આદેશ આપીને ધર્મ રસ્તો બતાવે અને આગળ વધવાની હિંમત ને શકિત આપે — એ એનું કાર્ય ને એની જવાબદારી છે.

જીવનદર્શન આપવાની વાત છે. અને જેમ એ દર્શન જુદા દૃષ્ટિબિંદુથી અપાય, જુદી વિચારસરણીથી અપાય તેમ તેનાં લક્ષણો ને તેનાં પાસાંઓ જુદાં થાય. દરેક ધર્મ પોતાનું આગવું જીવનદર્શન ધરાવે છે, અને એમાં દરેકની વિશિષ્ટતા ને દરેકનું ગૌરવ છે.

ખ્રિસ્તી જીવનદર્શનનો સાર અંતે કાઢવા માણસના ત્રણ મુખ્ય સંબંધો વિશે ખ્રિસ્તી ધર્મનું દૃષ્ટિબિંદુ ટૂંકમાં અવલોકીએ: ઈશ્વર સાથે સંબંધ, બીજા માણસોની સાથે સંબંધ, અને મનુષ્યેતર સૃષ્ટિ સાથેનો સંબંધ.

*

ઈશ્વર સાથેનો માનવીનો સંબંધ પિતા-પુત્રનો છે. ઈશ્વર સર્જક છે, માલિક છે, પિતા છે. પ્રેમ રાખે છે, સંભાળ રાખે છે, માફી આપે છે. ને માનવી વિશ્વાસથી ને ભકિતથી ઈશ્વરને શરણે જાય છે, એનું રક્ષણ માગે છે, એની કૃપા યાચે છે. પિતા અને પુત્ર જેવો પ્રેમ ને જેવું સામીપ્ય. એક કુળ ને બે પેઢી. પિતાની આજ્ઞા ને પિતાનો વારસો. માન અને વાત્સલ્ય. આધીનતા અને આત્મીયતા. પિતા-પુત્રનો એ શ્રેષ્ઠ સંબંધ ઈશ્વર અને માણસ વચ્ચેના સંબંધનો દ્યોતક ને સંકેતરૂપ બની જાય.

બીજા માણસો પ્રત્યેનો સંબંધ ભાઈ-ભાઈનો થાય. એક કુળ, એક લોહી, એક પિતા. માટે બધા માણસો સરખા ને બધા પ્રતિષ્ઠિત. ને બધાની વચ્ચે ભ્રાતૃભાવનો અતૂટ તાંતણો. માટે પ્રેમ ને આદર, મદદ ને સેવા પુણ્યકર્મ બને. માનવધર્મ ધર્મ જ બને. અને આખી માનવજાત એક કુટુંબ બની જાય.

એ માનવકુટુંબ આ વિશ્વમાં વસે છે. સૃષ્ટિ પિતાનો મહેલ છે, માનવ માટેનું એનું સર્જન છે. માટે એ મંગળ છે, સત્ય છે, આભાર સાથે એનો ઉપયોગ કરવા માટે છે, એની સેવા લેવા માટે છે.

ઈશ્વર, પરમપિતા; માનવજાત, એનું કુટુંબ; અને સૃષ્ટિ, એની વાડી—એ સંબંધો છે, એ દૃષ્ટિ છે.

*

અને એ દૃષ્ટિના કેન્દ્રમાં, એ ત્રણે સંબંધોના મૂળમાં ઈસુ ખ્રિસ્ત છે. ત્રણે સંબંધો એમનાથી ઉત્પન્ન થાય છે, ને એમના ઉપર નભે છે.

તેઓ પરમપિતાના અસલ પુત્ર છે, 'એકના એક' પુત્ર છે, અને એમની સાથે જ એકરૂપ થઈને માનવીઓ પુત્રનો અધિકાર પ્રાપ્ત કરે છે. એક પુત્રના પ્રતાપે સૌ પુત્રો બન્યા; એકના સગા સંબંધથી સૌનો દત્તક સંબંધ બંધાયો.

એ જ રીતે ઈસુ સૌના બંધુ થયા, સાચા માનવી બન્યા, અને તેથી એમના સાંનિધ્યમાં ને એમની એકતામાં સૌ એકબીજાના ભાઈઓ પણ થયા. ઈસુ સાથેના સંબંધ દ્વારા દિવ્ય જીવન માનવનાં અંતરમાં રેડાય—અને એ જીવનની સગાઈમાં માણસો ખરા ને ગહન અર્થમાં ભાઈ-ભાઈ બની જાય. એક 'મોટાભાઈ'ના આગમનથી બધા માણસોમાં ભ્રાતૃભાવ આવી જાય.

અને છેલ્લે, માનવ બનીને ઈસુ પૃથ્વી ઉપર આવ્યા ત્યારે આ આખી દૃષ્ટિગોચર સૃષ્ટિ એમનું વતન, એમનો વારસો, એમની ગાદી બની, અને એમના સ્પર્શથી ને છાયાથી એ પણ પાવન બની, મંગળ ને ઉપકારક ઠરી, માનવના ચરણમાં સેવા ને પ્રેરણા અર્થે આવી ગઈ.

ઈસુ પુત્ર છે, બંધુ છે, વારસ છે એટલે એમની સાથે માનવી પણ ઈશ્વરનો પુત્ર બને, સૌનો ભાઈ થાય, સૃષ્ટિનો વારસ ઠરે.

*

ખ્રિસ્તીદર્શનનો સાર ને નિચોડ બાઈબલના એક ગર્ભિત સૂત્રમાં આવી જાય છે તે હવે સમજાશે: "બધું તમારું છે—પણ તમે ખ્રિસ્તના છો—અને ખ્રિસ્ત પરમેશ્વરના છે."[૧]

૧. ૧ કરિંથ ૩, ૨૩.

# સૂચિ


અગમપંથ ૯૨
અદ્વૈત ૧૧૭
અપરિગ્રહ ૮,૮૦
અપશુકન ૮૭
અંતરની શુદ્ધિ ૮

આતિથ્ય ૮૩
આનંદ ૧૦૦,૧૧૬
આભારદર્શન ૮૭,૯૦
આશા ૯૭
આશીર્વચન ૫૪
આહારમાત્ર શુદ્ધ ૮૭
આળસ ૮૩

ઇઝરાયલ ૩

ઈસુ ૩
—અને ધનવાન યુવાન ૮૦
—અને ધર્મગુરુઓ ૩૨
—અને પક્ષાઘાતી ૨૪
—અને પરમપિતા ૧૭,૩૮,૫૧
—અને પિલાત ૪૦
—અને બે આંધળા ૨૬
—અને વિધવાનો દીકરો ૨૭
—અને હેરોદ રાજા ૪૦
—ખ્રિસ્તીદર્શનના કેન્દ્રમાં ૧૨૦
—ધર્મગુરુને ઘેર ૨૩
—ધર્મસંઘ સ્થાપે છે ૧૦૮
—નાં કષ્ટ ને અપમાન ૪૧
—ની ક્ષમા ૪૨
—ની ધરપકડ ૩૯
—ની નમ્રતા ૧૯
—ની નવી આજ્ઞા ૩૬
—ની પ્રાર્થના ૩૮,૮૮
—નું છેલ્લું ભોજન ૭૧
—નું નામ ૨૧
—નું મરણ ૪૨
—ને મૃત્યુદંડ ૩૯
—નો જન્મ ૨૧
—નો સ્નાનસંસ્કાર ૨૧
—પતિતાને ઉગારે છે ૩૩
—બાળબ્રહ્મચારી ૩,૭૮
—મંદિરની શુદ્ધિ કરાવે છે ૩૨
—મંદિરમાં રહી જાય છે ૨૦
—સેવાનો બોધ આપે છે ૧૫
—શાસ્ત્રભજનો બોલતા ૯૩
—શાંતિ આપે છે ૨૭
—શિષ્યોને દર્શન દે છે ૪૪
—શિષ્યોને પ્રાર્થના શીખવે છે ૮૭
—શિષ્યોને બોલાવે છે ૩,૪
—શ્રમજીવી હતા ૮૬

ઈશ્વર અને સૃષ્ટિ ૧૨
ઈશ્વર પ્રેમસ્વરૂપ છે ૧૧૭
ઈશ્વરનું ત્રિવિધ સ્વરૂપ ૫૩
ઈશ્વરનું રાજ્ય ૩,૪,૨૮,૮૦
ઈશ્વરેચ્છા ૧૧૨

ઉત્પત્તિ ૫૫
ઉપવાસ ૯

એક દેહ ૬૪,૭૨,૭૪
એકનો એક પુત્ર ૧૮

એકાંતમાં પ્રાર્થના ૮
એકેશ્વરવાદ ૫૧
એમ્માઊસના શિષ્યો ૪૩

કર ૩૪,૭૭
કસોટી ૫૭,૧૦૫
કાળમાત્ર શુભ ૮૭
કુટુંબ ૭૫
કૃપા ૫૯
કોઈનો ન્યાય તોળશો નહિ ૧૧
ક્રૂસ ૪૨,૬૪,૧૦૨
ક્રૂસધર્મની 'મૂરખાઈ' ૧૦૩

ખ્રિસ્ત ૧૯,૨૨
ખ્રિસ્તપ્રસાદ ૭૧
ખ્રિસ્તાવતારનો મર્મ ૫૧,૬૨
ખ્રિસ્તીદર્શન ૨૩
ખ્રિસ્તી જીવનદર્શન ૧૧૯

ગિરિપ્રવચન ૭,૩૬,૮૦
ગોવાળ ૧૯
ગ્રહબળ ૮૭

ચિંતાનિવારણ ૯

છૂટાછેડા ૭૬

જાતીય સંબંધ ૭૫
જીવન ૨૭,૬૭,૧૧૬
જીવનદર્શન ૧૧૯
જૂઠ ૧૬,૭૩
જ્યોતિષ ૮૭
જ્ઞાન ૧૧૭

ડાબા હાથને જાણ નહિ ૮

ત્યાગ ૮૦

દર્શન ૯૨
દાનધર્મ ૮,૮૦,૮૨
દીક્ષાસંસ્કાર ૭૯
દીનતા ૭
દુ:ખનો પ્રશ્ન ૫૬
દૃષ્ટાંતો ૨૯
—ઉડાઉ દીકરો ૧૩
—બી વાવનાર ૨૯
—ભલો મુસાફર ૩૧
—રાજાનો હિસાબ ૩૦
—શેઠ ને નોકરો ૧૧૪
દ્રાક્ષનો વેલો ૩૭,૬૪
દ્વૈત ૧૧૭

ધર્મની પાસે અપેક્ષા ૧૧૯
ધર્મમાં ઢોંગ ૮
ધર્મસંઘ ૧૦૮
ધર્મસંસ્થા ૧૦૮
ધર્માંતર ૧૦૯
ધ્યાન-ચિંતન ૯૨

નમ્રતા ૧૯
નવજીવન ૧૧૭
નસીબ ૫૯
નાતાલ ૨૧
નાસરેથ ૨૦,૪૩
નાસ્તિક ૧૦૯
નિર્બળતામાં બળ ૧૦૨
નિષેધ ૮૭
નીતિશાસ્ત્રનું મૂળ સૂત્ર ૧૬
નૈતિક સંગ્રામ ૫૮
નૈવેદ્ય ૭૧,૭૨
ન્યાય ૧૧૪

પતન ૫૬
પતિ-પત્ની ૭૫
પરમપિતા ૧૨
પરમસુખી કોણ? ૭
પરિગ્રહ ૮૦
પવિત્ર આત્મા ૩૬,૪૬,૫૨,૫૩
પશ્ચાત્તાપ ૬૦, ૯૪
પશ્ચિમની સંસ્કૃતિ ૧૦૮
પંથો ૧૦૮
પાઉલ ૪૮
પાપક્ષમા ૨૩,૨૪,૩૩,૬૨,૬૯
પાસ્ખા પર્વ ૪૦,૭૧
પિતા ૧૨,૧૫,૩૬,૪૨,૧૧૯
પિતા ઈસુને મોકલે છે ૧૮
પિલાત ૩૯,૪૦,૪૧
પીતર ૪,૨૨,૪૪,૧૦૮
પુણ્યનો માર્ગ ૬૦
પુનર્જન્મ ૧૧૨
પુનર્લગ્ન ૭૬
પુરુષાર્થ ૫૯,૧૧૨
પૈસાની કોથળી નહિ ૪
પ્રકાશ ૨૬,૧૧૬
પ્રગતિ ૮૭
પ્રભુભોજન ૭૧,૯૦
પ્રસાદ ૭૧
પ્રારબ્ધ ૫૯
પ્રાર્થના ૮,૩૮,૮૮
પ્રાર્થનાસભા ૯૩
પ્રેમ ૧૦,૩૧,૯૮,૯૯,૧૧૭

ફરોશી ૨૩
ફસલ મબલક છે ૪

બાઈબલ ૫,૨૫,૪૮,૫૫,૯૩
બાળકો ૭૬
બિનખ્રિસ્તીઓ ૧૦૯
બીજો ગાલ ધરવાનો ૧૦
બે માલિકની સેવા નહિ ૯
બોતેર શિષ્યો ૪

ભક્તિ ૧૧૭
ભજન ૯૩
ભોજનસમારંભ ૭૧
ભૌતિક સૃષ્ટિ ૮૫,૮૬
ભ્રાતૃભાવ ૧૫

મજૂરી ૮૧
મનથી વ્યભિચાર ૮
મરિયમ ૩,૨૦,૪૨
માગો એટલે મળશે ૮૯
માનવી ૫૫
—અને ઈશ્વર ૧૧૯
—અને માનવીઓ ૧૧૯
—અને સૃષ્ટિ ૧૧૯
—નું સર્જન ૫૫
માનવીઓની સમાનતા ૫૬
મુક્તિ ૬૨,૭૯
મુક્તિયોજના ૬૨,૧૧૦
મુહૂર્ત ૮૭
મૃત્યુ ૧૦૨,૧૧૧
મૌનવ્રત ૭૯

યરુશાલેમ ૨૦,૩૧,૩૪,૪૩,૪૭,૮૨
યોહાન ૫

રવિવાર ૯૩
રાજ્યાધિકારીઓ ૭૭,૯૦
રોજનો ત્રાસ રોજ ૧૦
રોટીની ભાંજણી ૯૦
રોમન બાદશાહ ૩૩,૪૦

લગ્ન ૭૫,૮૭
લગ્નસંસ્કાર ૭૫
લાજ નહિ જાય ૯૮

વિકાસ ૭૩,૮૭
વિધુર ૭૬
વિધવા ૭૬
વિનંતી ૮૯
વેર ૮૪
વૈદની જરૂર માંદાને ૪
વ્યભિચાર ૮,૩૩,૭૫

શત્રુ ઉપર પ્રેમ ૧૦
શબ્દ ૫૨
શહીદો ૧૦૫,૧૦૮
શાઊલ ૪૭
શારીરિક શ્રમ ૮૬
શાસ્ત્રભજન ૯૩
— ઝંખનાનું ૯૩
— પશ્ચાત્તાપનું ૯૪
— વિનંતીનું ૯૫
— સ્તુતિનું ૯૪
શાંતિ ૯,૨૭,૧૦૦
શિષ્યમંડળ ૫
શિષ્યો ૩,૪,૫,૩૭,૪૩,૪૪
શુકન ૮૭
શુભસંદેશ ૫
શ્રદ્ધા ૪૫,૬૪

સજા ૧૧૪

સતામણી ૪૭
સત્ય ૭૩
સદાચાર ૭૩
સમાજ વ્યવસ્થા ૭૭
સમાજ સેવાના સંસ્કારો ૧૫
સમાજાંતર ૧૦૯
સમાનતા ૫૬
સમૂહ પ્રાર્થના ૯૨
સર્જક ૧૨
સર્જન ૫૫
સર્વોત્તમ માર્ગ ૯૯
સંકટ ૧૦૧
સંગઠન ૭૩
સંઘ ૪૭,૮૧
સંન્યાસ ૭૯
સંપ્રદાયો ૧૦૮
સંવાદ ૧૦૯
સંસ્થા ૧૦૮
સાક્ષાત્કાર ૯૨
સાધુસંસ્થા ૭૯
સાંકડો દરવાજો ૧૧૫
સુવર્ણ ન્યાય ૧૧
સુવાર્તા ૫
સૃષ્ટિનું નવનિર્માણ ૮૫
સેવા ૧૫,૭૩,૧૧૨
સેવાકાર્ય ૭૯
સ્તુતિ ૯૦
સ્નાનસંસ્કાર ૨૧,૬૮
સ્વતંત્રતા ૧૩,૫૬
હેરોદ રાજા ૨૫,૪૦